રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન અને દેશની અગ્રણી રાષ્ટ્રીય સંશોધન સંસ્થા સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (CSMCRI), ભાવનગર સાથે સંશોધન અને તાલીમ સહયોગ માટે થયેલ MoU.

વર્ષ: ૭૯ અંક : ૧૨ ૧૫ જુલાઈ, ૨૦૨૬

પરિવાર સાથે શ્રી મધુકરભાઈ પારેખ લોકભારતીની મુલાકાતે આવી ગયા





કૃષિ-બાગાયત સંશોધન કેન્દ્ર મણાર ખાતે રાજ્યની પ્રથમ દરિયાઈ શેવાળ બીજ ઉત્પાદન
પ્રયોગશાળાનું શ્રી મધુકરભાઈ પારેખના હસ્તે ઉદ્‌ઘાટન





મણાર ખાતે ઈસરોના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ઈજનેર ડૉ. જયંતભાઈ પી. જોશીસાહેબ અને
ઑલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના અધ્યક્ષ ડૉ. ચંદ્રમોલી જોશીસાહેબના હસ્તે
'ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાયન્સ સેન્ટર'નો ઉત્સાહભેર શુભારંભ કરવામાં આવ્યો.





# કોડિયું

વર્ષ : ૭૯ | જુલાઈ ૨૦૨૬ | અંક : ૧૨


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **સર્જક મનુભાઈ પંચોળી- 'દર્શક'**<br>રઘુવીર ચૌધરી | ...૦૬ |
| ૦૨ | **સ્વામી સચ્ચિદાનંદજી તંદુરસ્તી કઈ રીતે જાળવે છે ?**<br>સ્વામી સચ્ચિદાનંદ | ...૦૯ |
| ૦૩ | **ગાંધીઃ સ્વદેશી કલમનું સ્વદેશી ચારિત્ર્ય**<br>પારસકુમાર | ...૧૧ |
| ૦૪ | **ભાગ-૧ પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ**<br>ડૉ. મનહર ઠાકર | ...૧૩ |
| ૦૫ | **મૂલ્યનિર્ધારણ અને વાલીઓ**<br>ભાણદેવ | ...૧૭ |
| ૦૬ | **એક મુકદમો Gen-Zની તરફેણમાં...**<br>વિશાલ ભાદાણી | ...૨૦ |
| ૦૭ | **કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા પ્રસંગ-૩**<br>બિંદુ-પાર્થેશ | ...૨૨ |
| ૦૮ | **શિક્ષા, દીક્ષા અને ભિક્ષાની ત્રિવેણી એટલે...ગુરુત્વ**<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ...૨૪ |
| ૦૯ | **ડિજિટલ કોર્નરઃ ગરમાગરમ ઈડલી**<br>અનામી | ...૨૮ |
| ૧૦ | **માવતરની માવજત : તમે તમારા બાળકને કેવો ખજાનો આપવા ઈચ્છો છો ?**<br>ડૉ.કૃણાલ પંચાલ | ...૩૦ |
| ૧૧ | **લોકભારતી સણોસરાનો નૈસર્ગિક પરિવેશ**<br>સંજય તલસાણિયા | ...૩૨ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૫ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### રામભરોસે રામમંદિરે લૂંટ

ભારત વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે અયોધ્યા નગરીમાં શ્રી રામના નામે મહાપાપ આચરવામાં આવ્યું છે. ભવ્યાતીભવ્ય અને દિવ્યથી પણ દિવ્ય રામમંદિરમાં 'રામભરોસે' થયેલા વહીવટે સૌને આઘાત પહોંચાડ્યો છે. રોકડ રકમ, સોના, ચાંદી અને વિવિધ પ્રકારની અસંખ્ય ભેટ-સોગાદ તો હજુ ગણી પણ નથી શકાઈ.આથી કેટલી ચોરી થઈ છે તેનો તાળો તો મળવાનો જ નથી !!

ભારત દેશ ધાર્મિક છે, અધ્યાત્મિક નથી. અહીં ધર્મ વ્યાપાર - બજારું બની ગયો છે. આપણી પ્રજા ભગવાનથી ડરે છે પણ ભગવાનને ચાહતી નથી. ભયથી ભજન થાય છે, નિજાનંદથી ભજન ગવાતા નથી. ઓશોએ કહેલું તેમ, 'ભારત દેશ તો ભગવાનનું વિશાળ કબ્રસ્તાન છે.' અહીં મંદિર, સંસ્થા, મઠ, મસ્જિદ, મૂર્તિ વગેરે અત્યંત સુંદર આકર્ષક અને પ્રભાવકારી બનાવાય છે પણ તેના આત્માને આત્મસાત્ કરવા પ્રયત્ન થતો નથી. સત્ય જ્યારે ભગવાન સ્વરૂપે જીવંત હોય ત્યારે તેનો અસ્વીકાર કરવો, નિંદા કરવી, વિરોધ કરવો પછી હત્યા કરવી અને છેલ્લે તેની મૂર્તિ કરવી અને પૂજા કરવી એ ભારતીય પરંપરા બની ગઈ છે ! કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, કબીર, નાનક, મીરાં, નરસિંહથી લઈ છેક મહાત્મા ગાંધી સુધીની યાદી જોઈ જવી જોઈએ.

એક સર્વે પ્રમાણે ભારતમાં વીસેક લાખ મંદિરો, બાવન શક્તિપીઠો,બાર જ્યોતિર્લિંગ અને અસંખ્ય મંદિરો શેરીએ શેરીએ આવેલાં છે. હકીકતે તો ભારતમાં ભગવાનોની ભીડ જામી છે. ટ્રાફીક જામ છે. વળી બધા જ મંદિરોમાં ભગવાન સાથેનો 'વ્યવહાર' એ શરતી અને બજારું જ હોય છે. આ એક રોજી-રોટી-ધંધા વગેરેની સાથે ભક્તિભાવના લોપથી ચાલતું એક મસ મોટું કૉર્પોરેટ જગત વિકસી રહ્યું છે. અહીં આરતી થાય છે પણ આસ્થા નથી. મૂર્તિઓને શણગાર થાય છે પણ પ્રેમ કરતા નથી. વળી, આ બધા વિવિધ મંદિરો સાથે જોડાએલને પોતાના ભગવાન જ સાચા ભગવાન લાગે છે ! અહીં બધા ભક્તો નથી પણ ગ્રાહકો છે. આ ગ્રાહકોને કેમ સમજાવવું કે ભગવાન તો એક નિરાકાર એવી ચેતના છે. એ સર્વવ્યાપી છે, કણ-કણમાં ભગવાન છે એમ નહીં દરેક કણ એ ભગવાન જ છે.

ભગવાનો ફળની આશા રાખ્યા વગર કર્મની વાત કરે છે. ભારત માત્ર ફળ માટે જ કામ કરે છે.

બધા ભગવાનોની કથાઓ છે. કથા લોકો ધ્યાનથી સાંભળે છે કારણ કે એ રોમાંચક અને ચમત્કારથી ભરેલી છે. કથાને ચાહે છે પણ કથાનાયકને ચાહતા-માનતા નથી, દિલથી સ્વીકારતા નથી. આપણે ત્યાં ધર્મ એ સાધના નહીં પણ સુવિધા બની બેઠી છે. ધ્યાન એ પ્રચાર, પ્રસાર, પ્રદર્શન અને હરીફાઈ બની ગયું છે. અનુભવ કે અનુભૂતિનું ક્ષેત્ર રહ્યું નથી.

ભારતને જીવિત સત્ય પસંદ - સ્વીકાર્ય નથી, તેને દફનાવી દેવું એ બહુ મોટો ખતરો છે. માર્યા પછી મંદિર અને મૂર્તિ કરવી એ તો મહાપાપ છે. આ સમજણ નથી એટલે પૂજા કરતો, આરતી ઉતારતો ઉતારતો ચોરી કરે છે. પાપી પણ ચડાવો કરવામાં અગ્રેસર રહે છે. હત્યારા તો ધ્વજા લહેરાવી રહ્યા છે ! ભારતમાં જ ધ્યાન- યોગની શોધ થઈ હોવા છતાં ભારતમાં જ આટલી હતાશા- નકરાત્મકતા કેમ ? આપણી પાસે શાસ્ત્રો છે પણ આપણી પાસે અનુભવ નથી. આસ્થા છે, વિવેક નથી. આપણા મંદિરોના વહીવટકારો ભગવાનને નહીં પણ સમાજને રાજી રાખવા, આંજી દેવા પ્રયત્ન કરે છે. ઝળાહળા મંદિરો, કથામંડપો, ભૌતિક વ્યવસ્થાઓ એટલી પ્રભાવકારી હોય છે કે લોકોને ચમત્કાર લાગે ! ધર્મ એક તમાશો- પ્રદર્શન બની ગયો છે. કથાઓ સાંભળવા જાય છે પણ સમજવા જતા નથી. મૂળે તો આપણે આપણા માહ્યલાને જ રાજી રાખવાનો છે. આપણા નિજાનંદી સત્કર્મો આપણું ભજન બનવા જોઈએ. અત્યારના મંદિરો અને તેનો વહીવટ એક પણ ભગવાનને રાજી કરી શકે એવો નથી.

આપણો દેશ માત્ર નહીં, સમગ્ર વિશ્વ ધાર્મિક નહીં પણ અધ્યાત્મિક બને એ ખરું રામરાજ્ય છે. શું આવું અઘરું નહીં પણ અશક્ય જણાતું કામ AIની ટૅકનોલોજી દ્વારા ભવિષ્યમાં કરી શકાશે ખરું ?

— [signature]

## (૦૧) સર્જક મનુભાઈ પંચોળી- 'દર્શક'

**રઘુવીર ચૌધરી**

સર્જક મનુભાઈ પંચોળી 'દર્શક' કહે છે કે એમના જીવનનો ત્રીસ ટકા અંશ જ સાહિત્ય સાથે સંકળાયેલો છે. સિત્તેર ટકા જેટલા એ પ્રજાપુરુષ છે. એ સિત્તેર ટકા, શબ્દ બહારના જીવન વિનાના લેખક 'દર્શક'ને કલ્પી શકાતા નથી. સાહિત્યકૃતિનું જીવિત એનાં આગવાં ધારાધોરણો પર અવલંબે છે, એ વિશે 'દર્શક'ની જાણકારી પૂરતી હતી. પણ એ શબ્દના મહેલમાં બેસીને જીવનને એક દૃશ્યરૂપે જોનારા લેખક નથી. એ જીવનની ગરજે શબ્દ પાસે જાય છે. પમાયેલાને શબ્દમાં પામવા મથે છે. લેખનને અતૃપ્તિઓના તૃપ્તિપ્રદ આવિષ્કાર લેખે ઘટાવે છે. અલબત્ત આ આવિષ્કાર વિના પણ એ ચલાવી શક્યા છે. જે ત્રીસ ટકા છે. એ પણ સિત્તેર ટકા સમય ખર્ચાયા પછીના છે. કોઈએ કંઈ લેખક થવા માટે અવતાર લેવાનો હોતો નથી. માણસ હોવા માટે, માણસ થવા માટે જીવવાનું હોય છે. 'દર્શક'નું લેખન જીવનકાર્યનો અંશ છે, જીવન સર્વસ્વ નથી.

'દર્શક' સાથે હવાપાણીની વાત થઈ શકે, આજુબાજુનાં ગામોની વાત થઈ શકે, દિલ્હી અને દેશની વાત થઈ શકે. એ કહેશે : 'મેં માન્યું જ નથી કે મારું રાજકારણ બગડેલું હોય તો શિક્ષણ સુધરે.'

એ લોકભારતીમાં ઇતિહાસ ભણાવતા. એ માનતા કે ઇતિહાસે તેમને નવો ઇતિહાસ રચવાની શક્તિ આપવી જોઈએ. એ સરકારમાં બેઠેલા મિત્રોને પણ કહેવાના કે વહીવટીતંત્ર પર તમારી પકડ નથી. ભલામણ અને ભ્રષ્ટાચારની પકડ છે. દેશમાં કટોકટી લદાઈ કે તુરંત ૨૪મી જુલાઈએ ગુજરાતના ગવર્નરને પત્ર લખીને એમણે ઉગ્ર વિરોધ કરેલો. સ્વાતંત્ર્ય સૈનિકના ગૌરવચિહ્ન તરીકે સ્વીકારેલું તામ્રપત્ર પાછું મોકલેલું. પેન્શન તો લીધું જ ન હતું. જે દેશસેવા કરી તે મામૂલી હોય તો પણ એમને મન અમૂલ્ય છે. એનો બદલો ન હોય. તામ્રપત્ર પરત કરવા સાથે લખ્યું : 'સ્વરાજનાં મૂળિયાં કાપી નાખનારી સરકારનાં હાલનાં પગલાંનો હું વિરોધ ન કરું તો એ તામ્રપત્રની શી કિંમત ?'

અસંમતિ અને વિરોધને દઢતાથી વ્યક્ત કરવાનો એમનો આ સ્વભાવ મહારાષ્ટ્ર - ગુજરાતના મુંબઈને લગતા વિવાદ વખતે પણ એમ કહી દેવા પ્રેરે છે કે મુંબઈ મહારાષ્ટ્રનું છે, એને ઊભું કરવામાં ગુજરાતી ધનપતિઓએ ભલે અક્કલ - હોશિયારી અને મૂડી રોક્યાં પણ એ અસ્ક્યામતો ઊભી કરવામાં કોંકણી ઘાટીઓ ને દેશસ્થ કારકુનોનો પણ ફાળો છે. એમણે ઢેબરભાઈને પ્રશ્ન કરેલો : 'અને આખરે આપણા નજીકનાં કોણ ? આ ધનપતિઓ કે મહારાષ્ટ્રનાં સામાન્ય લોકો !'

'દર્શક' શિક્ષણ દ્વારા ગ્રામપુનર્ઘટન માટે જીવન આપ્યું. સૌરાષ્ટ્રનાં ગામડાંમાં ગરાસદારોની જોહુકમી ઘટાડવામાં એમણે ઘણો સમય આપ્યો હતો. ગ્રામસમાજના પારસ્પરિક સંબંધોમાં નિર્ભયતા આવે, પ્રેમનું તત્ત્વ પ્રગટે એ માટે એ જીવનભર સક્રિય રહ્યા. મનુભાઈ પંચોળી 'દર્શક'ને ઔપચારિક શિક્ષણ ઝાઝું મળ્યું નથી. ઈ.સ. ૧૯૩૦માં પૂરાં સોળ વર્ષ થાય એ પહેલાં (જન્મ તારીખ ૧૫-૧૦-૧૯૧૪) પાંચમા ધોરણનો અભ્યાસ અધૂરો મૂકી સત્યાગ્રહી સૈનિક બન્યા. રાજાજીએ વડ્ઝવર્થની ફ્રેન્ચ રાજ્યક્રાંતિ માટે લખેલી કડીઓ યાદ અપાવી કે આ વખતે જીવતા હોવું તે તો આનંદની વાત હતી પણ યુવાન હોવું તે તો સ્વર્ગીય હતું. ૧૯૩૦થી ૩૪ના ગાળાનું જેલજીવન એમના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપે છે. આ અરસામાં એમને નાનાભાઈ મળ્યા. કાયમી સંગાથ મળી ગયો. પચાસના અરસામાં વિજયાબહેન બીમાર હતાં ત્યારે એમને હાથમાં ઉપાડી ઉપાડીને 'દર્શક' ફર્યા છે. ૧૯૪૨માં પ્રથમ સંતાન રામચંદ્રના જન્મ પછી બરાબર આઠમા દિવસે મનુભાઈ જેલ ગયા હતા.

'પ્રેમરસ પાને તુ મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ

લાગે' - એ પંક્તિ સત્યકામને જ નહિ, 'દર્શક'ને પણ પ્રિય હોવી જોઈએ. રવીન્દ્રનાથ તો ગુરુદેવ છે. 'ઝેર તો પીધાં છે' વિશેના પત્રવ્યવહારમાં એમણે એક વાચકને શરદબાબુનું આ વાક્ય લખેલું : 'પ્રબળ પ્રેમ માત્ર પાસે જ નથી ખેંચતો દૂર પણ ફેંકે છે.'

પ્રેમનો અનુભવ તીવ્ર, પ્રેમપાત્ર સાથેનું વર્તન પરિવ્રાજકને શોભે એવું. આ પ્રેમ નામની લાગણી કોઈ પરમોચ્ચ મૂલ્યને આધીન છે કે નહીં એ પ્રશ્ન એમને મન મહત્ત્વના છે. ગાઢ અને નિરતિશય પ્રેમ નિર્મળ અને પાવનકારી હોઈ શકે. એ માત્ર પતિ-પત્નીના પ્રેમમાં જ સમાપ્ત થઈ જતો નથી. વાત્સલ્ય અને કરુણાના સાગર સુધી પહોંચનાર પ્રેમને એ વ્યાપક પ્રેમ કહે છે. પંડિત સુખલાલજી અને સ્વામી આનંદના જીવનકાર્યમાં એમને શ્રદ્ધા. વ્યવહારની તળભૂમિ પર ઊભા રહીને એમણે પ્રેમનું અધ્યાત્મ સિદ્ધ કરવું હતું. તેથી સ્વાતંત્ર્ય વિશે એ શિસ્તના સંદર્ભમાં વિચાર કરતા. મિત્રો ન મળે એવો એમનો સ્વભાવ નથી પણ પૂછીએ તો મૈત્રીના ઈષ્ટ અર્થની વાત કરીને એ કહેતા 'ટુ ઘેટ એક્સટેન્ટ આઈ એમ લોનલી.'

મૃદુલાબહેન કહે છે કે નાનપણમાં તેમને ઘણા મિત્રો હતા. કેટલાક તો સગા ભાઈ સમા લાગેલા. પણ જીવનને કોઈ ને કોઈ તબક્કે એ સહજ ક્રમમાં વિખૂટા પડતા ગયા. અનિવાર્ય એકલતા જીરવવાનું સામર્થ્ય એમનામાં છે જ.

આ ચર્ચા લંબાવીએ તો મનુભાઈ કહેતા : 'વજુભાઈ મિત્ર કહેવાય, પણ થોડાક ઊંચા.' વજુભાઈ-જયાબહેનને એ વિરલ માનતા. આત્મબળ વિશે આસ્થા ન હોય એને ચાર દિવસ વજુભાઈ સાથે રહેવું એવી સલાહ આપતા. પુત્રી સુમેધા (૧૯૪૪)ની પીડા પચાવવામાં મનુભાઈએ પણ કંઈ ઓછું આત્મબળ નથી દાખવ્યું.

એકવાર એ જે રીતે મણાર ગયેલા એ પણ આ સંદર્ભમાં યાદ આવે છે. ત્યારે ત્યાં ભયંકર વાવાઝોડું આવેલું. એના સમાચાર મળ્યા કે તુરંત મનુભાઈ મોટર લઈને ઊપડ્યા. મોટર તો બે માઈલ દૂર રાખવી પડી. ઉઘાડા પગે, કાદવ ખૂંદતા, પલળતા ગયા. મણારના કાર્યકરોએ કહ્યું: 'તમે શીદ તકલીફ લીધી ?' મનુભાઈ કહે : 'તમે સૌ અહીં જોખમમાં હો અને હું નિરાંતે બેસી કઈ રીતે શકું ?'

એમના વિદ્યાર્થીઓ કહે છે કે છાત્રાલયની રાત્રિપ્રવૃત્તિમાં મનુભાઈના મુખે વાર્તા સાંભળવી એ એક અમૂલ્ય લહાવો હતો. ક્યારેક ગાય પણ ખરા. ગળું તો ક્યાંથી બદલાય પણ સરખું ગાય. મેઘાણીને સાંભળેલા તેથી એમનાં ગીતોના મૂળ રાગની ખબર. મેઘાણીએ મનુભાઈને આખા ને આખા કાવ્યસંગ્રહો સંભળાવેલા છે.

મનુભાઈ કવિ નહીં પણ પરમ કાવ્યપ્રેમી. ઉમાશંકરની કવિતાને ચાહતા હતા, ઉમંગથી ભણાવતા. વૃક્ષની છાયામાં વર્ગ લેતા. ગૃહપતિ તરીકે થોડા કડક પણ શિક્ષક તરીકે પ્રેમાળ. વિદ્યાર્થીને એના અભ્યાસના છેલ્લા મહિનામાં એકેયવાર ટોકે નહીં. ક્યારેક સરસ નાસ્તો લઈ કોઈક ટેકરીના કુંડાળે ગીતોની રમઝટમાં જોડાય અને સહુ ખુશખુશાલ થઈ પાછા ફરે. વિદ્યાર્થી તરીકે પોતાની વિદાયના દિવસો યાદ કરતાં પ્રવીણભાઈએ નોંધ્યું છે : 'બીજા દિવસની તાજગીભરી સવારે મનુભાઈ આવ્યા. હાથમાં નાની થાળી, તાજાં ખીલેલાં ગુલાબ. એક એક ઓરડીએ ફરી વળ્યા અને સૌના હાથમાં ગુલાબ મૂકતા ગયા.' કઠણ પરિશ્રમ કરનાર હાથ ગુલાબ પકડતાં શીખે એમાં પણ મનુભાઈને એટલો જ રસ.

સર્જનાત્મક લેખન કરતા હોય ત્યારે પ્રસન્નતા ટકી રહે એ આવશ્યક હોય છે. ચા કે શાક બગડે તો પણ લખવાનું બગડે અને કોઈ અપ્રિય ઘટના બને તો લખવાનું અટકી જ જાય. 'સૉક્રેટિસ' પહેલીવાર લખવી શરૂ કરી ને નહેરુનું અવસાન થયું. બસ, પછી તો એ કૃતિ ફરીથી હાથ પર લેતાં લગભગ દાયકો વીતી ગયો. લખે ત્યારે દિવસો સુધી એકધારું લખે, ભારે ઝડપ.

એમના લેખનમાં જે હરિયાળી આવે છે એ એમણે જીવનમાં સર્જી છે. શિક્ષણ સાથે કાર્યાનુભવ જોડવા ને શિક્ષણને સ્વાવલંબી બનાવવા નાનાભાઈએ ખેતીનો ઉદ્યોગ પસંદ કર્યો. મનુભાઈ તાલીમ લઈને નિષ્ણાત ખેડૂત બન્યા. સંસ્થાઓ માટે જમીનો ખરીદી તે ખાડા-ટેકરાવાળી અને બિનઉપજાઉ, એ કેળવીને ફળદ્રુપ કરી.

એમણે ભૂતકાળમાં ડોકિયું કરતાં કહ્યું હતુંઃ

'ખેતીવાડી અમે કરી નહોતી. કલમનો અર્થ લખવાની કલમ એ જ ખબર હતી. દોરડાં વણવા માટે પરાણ મૂકવાની

વાત સાંભળી નહોતી. પરાણને પ્રાણનો સંબંધ એ ક્રિયા કર્યા સિવાય સમજાય એવું નહોતું. અમારા હાથ તો હતા આવા કામ માટે ભાંગેલા. પણ અમે ઓછેવત્તે અંશે ગાંધીજીના દેશવ્યાપી રચનાત્મક તાલીમના રંગે રંગાયેલા હતા. ને કર્મરત, સદૈવ જાગ્રત નાનાભાઈ અમારા રાહબર હતા... આજે આપની સામે જે આઠમો ફળઝાડનો બગીચો છે તે વેરાન ટેકરી હતી. ઘોડું ઢંકાઈ જાય તેવા ત્યાં ખાડા હતા. ઢોર ચરે તેવું લાંપળું પણ થતું નહોતું. આજે ત્યાં જમાદારના આંબા ફળ આપે છે ને ગોલવાડનાં ચીકુ માળ ઉપર માળ નાખ્યે જ જાય છે.' (પૃ. ૨૫૫, સર્વોદય અને શિક્ષણ-૨)

મનુભાઈ ભલે કહે કે પોતે અનુભવમાંથી સીધું લખતા નથી પણ ગોપાળબાપાની વાડી ઉગાડવામાં એમનો હાથ હતો એ અહીં અછતું રહી શક્યું નથી. આજના અનુભવને ઇતિહાસમાં મૂકી જુએ છે ત્યારે પણ ભારે જહેમત ઉઠાવે છે. લેખન માટે થઈને એમણે કેટકેટલા પ્રવાસો કરેલા ? 'દર્શક' કશુંય સહેલાઈથી લેતા નહીં. લેખન કે વ્યાખ્યાનની પૂર્વતૈયારી માટે તો વાંચે જ. પ્રવાસો દરમિયાન કેટલીક કૃતિઓ આનંદ માટે વાંચે. વાંચનની શિબિરો ચલાવે. ચર્ચા કરે. સક્રિયતા અને ચિંતન વચ્ચે સંતુલન રાખવા સાવધ રહે. સાંસ્કૃતિક મૂલ્યો પર પ્રહાર કરતા લેખનમાં એમને રસ નહીં. એ ચોક્કસ પરંપરાના લેખક હતા. વ્યાપક અને ઊંડા અર્થમાં એ આસ્તિક હતા.

સરસ્વતીની પ્રિય લોકભારતી.
હતું સૂતું જ્યાં વેરાન સૂનું,
ચરતાં હતાં જ્યાં પશુ મૂઢ ચોપગાં
કરવા વિશેષ પશુ બેપગાંઓ.
ચિરાયુ થાઓ સરસ્વતીની પ્રિય લોકભારતી...
હતો તપન્તો અતિ તાપ આકરો,
વળી ઊઠંતા વંટોળ-વાયરાઓ
ત્યાં છાંય અર્પવા ચિરાયુ થાઓ
સરસ્વતીની પ્રિય લોકભારતી.
વાણી નહીં, જીવન જ્યાં ખીલ્યું છે,
નથી કેવળ જીવનવાણી ખીલતી.
વાણી તથા જીવનસેતુ બાંધવા,
ચિરાયુ થાઓ સરસ્વતીની પ્રિય લોકભારતી.
ખેડી અને સિંચીતી પૃથ્વી એકદા
વિદેહરાજે પુરાણકાળમાં,
અને મળી'તી જનકતનયા તહીંથી
જેણે હણ્યો રાવણ, બ્રહ્મરાક્ષસ.
આજેય વિદ્યા જનથી વિમુખ
ઝંખેય એવા મિથીલેશ પ્રાજ્ઞને.
ચિરાયુ તે સંગમતીર્થ સ્થાપવા,
ચિરાયુ થાઓ સરસ્વતીની પ્રિય લોકભારતી.

મનુભાઈ પંચોળી 'દર્શક'

## (૦૨) સ્વામી સચ્ચિદાનંદજી તંદુરસ્તી કઈ રીતે જાળવે છે ?

**સ્વામી સચ્ચિદાનંદ**

(આજે ૯૧ વર્ષના સ્વામી સચ્ચિદાનંદજી તંદુરસ્તી કઈ રીતે જાળવે છે ? ક્રાન્તિકારી વિચારો અને આધ્યાત્મની વિશિષ્ટ સમજ આપી સમાજમાં સુધારો લાવવા માટે પ્રયત્નો કરી રહેલા સ્વામી સચ્ચિદાનંદજીએ ધર્મ, સમાજ અને જીવનને સ્પર્શતાં, રાષ્ટ્રીય અને વૈશ્વિક સુખ, શાંતિ અને માનવીય વિકાસને ચીંધતા, પર્યાવરણનું જતન કરી કેવી રીતે માનવતાસભર વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જીવનવિકાસ કરવો, એવા સંવેદનશીલ વિષયો ઉપરના, માનવસમાજને ઉપયોગી ૧૨૮થી વધુ પુસ્તકો લખ્યાં છે. દેશ-વિદેશમાં મળીને તેમણે ૪ હજાર પ્રવચનો કર્યા છે. વિશ્વપ્રવાસી છે. પેટલાદ નજીક પોતે સ્થાપેલા આશ્રમ ભક્તિ નિકેતનમાં રહી સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરનારા આ કર્મયોગી સંત માનવધર્મમાં માને છે. યોગ-ઉપવાસમાં જરાય ન માનતા આ સ્વામીજી ૯૧ વર્ષે પણ એનર્જીથી તરબતર છે ! જાણીએ, શું કહેવું છે તેમને પોતાની સદાબહાર તંદુરસ્તી વિશે.. પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીની વાણીમાં ચાલો જઈએ નિરામયતાની યાત્રા ભણી...)

**કુદરતી જીવન જીવોઃ**

હું વીસ-બાવીસ વર્ષનો હતો ત્યારે રામદેવ બાબા કરાવે છે એવી યૌગિક ક્રિયાઓ કરતો હતો, પણ જ્યારે મને સમજાયું કે આમાંનું ઘણું કુદરત વિરોધી છે, ત્યારે એ બધું મેં છોડી દીધું. નેતી, ધોતી, બસ્તી, કુંજલ, નૌલી જેવી યૌગીક ક્રિયાઓ અને વધુ પડતો પ્રાણાયામ કુદરત વિરોધી છે. આખી જિંદગી યોગ કરતા કેટલાય યોગીઓને મેં ખૂબ ખરાબ રીતે મરતા જોયા છે. યોગીઓએ બતાવેલી આ બધી ક્રિયાઓ આરોગ્યને બરબાદ કરી દે છે. લોકોને પ્રભાવિત કરવા હોય તો આ બધું બરાબર છે, પણ એ કરાય નહીં. ત્યાગી લોકો મરતાં બહુ રિબાય છે. એક ત્યાગી યોગી એટલું રિબાયા હતા કે મરતાં પહેલાં તેમણે એકરાર કર્યો હતો કે તેમણે જે કર્યું એ નહોતું કરવું જોઈતું. મારી સાથે કનખલમાં રહેતા એક યોગી મર્યા ત્યારે તેમના શરીરમાંથી એટલી દુર્ગંધ આવતી હતી કે સારવાર માટે તેમને અમેરિકા લઈ જવામાં આવ્યા હતા તો અમેરિકન સરકારે પણ તેમને તડીપાર કર્યા હતા.

આ બધા અનનેચરલ જીવન જીવે છે, ગુફાઓમાં બેસે તો શરીરને ઑક્સિજન ન મળે અને પલાંઠી વાળીને બેસી રહે તેથી શરીરનું હલનચલન ન થાય તેથી તે ડલ થઈ જાય. મહેનત-મજૂરી કરનારા અને સહજ જીવન જીવતા લોકો જ સ્વસ્થ રહે છે અને તેમને સહજ મૃત્યુ મળે છે. મારી આવી તતૂડી ભલે કોઈ ન સાંભળે, પણ એ હકીકત છે.

**કાંઈ નથી કરતોઃ**

શરીરને સાચવવા હું કાંઈ નથી કરતો. તે એની મેળે જ સચવાય છે. યોગીઓ જે ધ્યાન કરે છે તે કુદરતી નથી, જીવન માટે જરૂરી પણ નથી. તમે જે કામ કરો એ ધ્યાનથી કરો, એમાં મન પરોવીને કરો તો એ તમારું ધ્યાન જ છે. સોયમાં તમે દોરો પરોવો ત્યારે એ ધ્યાન જ છે. ઘરનું કામ છોડી ધ્યાન કરવા બેસો તો જેવી આંખો બંધ કરો એવું અંદરથી મન કૂદાકૂદ કરવા લાગશે. જે કાંઈ કાર્ય કરીએ એમાં સમગ્રતાથી-સજાગ રહી,રસથી કરીએ એ જ ધ્યાન છે. યોગ અને ધ્યાને લોકોને ઊંધા રસ્તે વાળી દીધા છે. યોગી થવા કરતાં ઉપયોગી થાઓ, લોકોને ઉપયોગી બનો. સેવા પ્રવૃત્તિ કરો.માયાળું બનો, ખોટું પગલું ના ભરો.

લોકોનું ભલું થાય એવાં કામ કરો એ સૌથી મોટી સાધના છે. ગીતામાં પણ કહ્યું છે કે, યોગઃ કર્મસુ કૌશલમ.

**મારો નિત્યક્રમ**

હું રોજ સવારે ૪ વાગ્યે ઊઠી જાઉં છું. સ્નાન કરી જાપ તથા પ્રાર્થના કરું. સાંજે સાડા છ વાગ્યે મંદિરમાં આરતી વગેરે પતે પછી મારી રૂમમાં જઈ થોડી વાર ટીવી જોઉં, જેમાં સમાચાર ખાસ જોઉં અને રાત્રે સાડાઆઠ વાગ્યે સૂઈ જાઉં છું. રોજ સવારે ૧૦ વાગ્યે અને સાંજે ૪ વાગ્યે જમી લઉં છું. હવે ઉંમરના હિસાબે ઊંઘ જલદી ઊડી જાય છે તેથી રાત્રે ૧૨ વાગે જાગીને લખવા બેસી જાઉં ને પાછું મન થાકે ત્યારે સૂઈ જાઉં. ૧૯૯૪માં મદ્રાસમાં બાયપાસનું ઑપરેશન થયું હતું. જોકે એ કર્યા પછી મને સમજાયું કે એની જરૂર નહોતી. ડૉક્ટરોના દબાણને કારણે વળી એ થયું. હાર્ટ માટે ડૉક્ટરે આપેલી એક ગોળી સિવાયની અત્યારે હું કોઈ દવા નથી લેતો. કોઈ વાર તાવ જેવું લાગે તો સુદર્શનની ગોળી લઈ લઉં. શરીરને કોઈ તકલીફ થાય તો આયુર્વેદિક દવા લઈ શકાય.

બાકી ...શરીર આપમેળે સારું થઈ જતું હોય છે.

**સ્વાદિષ્ટ ખાઓઃ**

હું પહેલાં ખાવામાં ગાંધીજીના અસ્વાદના રવાડે ચઢ્યો હતો. અસ્વાદ એટલે મીઠું, મરચું, ખાંડ, તેલ, મસાલા વગેરે ન ખાવા.એમાં મારું શરીર બગડી ગયું તેથી મેં એ બધું છોડી દીધું. લગભગ ૩૦-૩૫ વર્ષથી બધું ખાઉં છું તો શરીર સારું રહે છે. 'મસાલા' તો દવાઓ છે, વિવેકપૂર્વક રસોઈમાં લેવા જોઈએ. પશ્ચિમના દેશોના રવાડે ચઢી આપણે મસાલાનો ત્યાગ કરવા લાગ્યા એ ખોટી વાત છે. આપણા મસાલા લેવા માટે તો વાસ્કો દી ગામા ભારત આવ્યો હતો. ખાવાનું હંમેશાં સ્વાદિષ્ટ-પોષક રસોવાળું ખાઓ તો એ પચશે. કોળિયો મોઢામાં આવે ત્યારે ભરપૂર લાળ છૂટવી જોઈએ, એવું એ સ્વાદિષ્ટ હોવું જોઈએ. હું રોજ બે જ ચીજો ખાઉં છું. દાળ-રોટલી અથવા તો શાક-રોટલી. થાળી ભરેલી હોય એવું મને ન જોઈએ, પણ જે હોય એ સ્વાદિષ્ટ હોવું જોઈએ. રોટલી બરાબર શેકાયેલી અને દાળ કે શાક સ્વાદમાં સરસ જોઈએ.

રસોઈ ખાવાની પ્રેરણા થાય એવી સરસ એ બનેલી હોવી જોઈએ. હું બધું જ ખાઉં છું, કોઈ વસ્તુની ઍલર્જી નથી. કાંદા-લસણ પણ ખાઉં છું. એટલું જ નહીં, આશ્રમમાં બધાને એ ભરપૂર ખાવા કહું છું. ખાવાનું પ્રમાણસર ખાવું જોઈએ.મસાલામાં કે ખાવામાં અતિરેક ન થવો જોઈએ એમ હું માનું છું.

**આનંદમાં રહોઃ**

મનની પ્રસન્નતા મહત્ત્વની છે, હસો, રમો, ટોન્ટ-ટૂચકા કરો, ખાઓ, જૉબ કરો, હરો-ફરો, જેનાથી મન પ્રસન્ન થાય એ બધું જ કરો, મનની પ્રસન્નતા જ સૌથી મોટો યોગ છે. જે કામ કરો એ મન પરોવીને અને ખુશીથી કરો. જે કરવાથી મન ખુશ રહે એવાં કામ કરો. બસ જિંદગીને સાત્ત્વિકતાથી જીવો-માણો.

મને જૂનાં ફિલ્મી ગીતો સાંભળવાં બહુ ગમે છે. એ હું જ્યારે મન થાય ત્યારે સાંભળું છું. સંગીતકાર શંકર-જયકિશનવાળા જયકિશને જે ધૂનો બનાવી છે...લાજવાબ...!!! થોડા સમય પહેલાં દસ લાખ રૂપિયાના ખર્ચે મેં વાંસદા ગામમાં જયકિશનનું સ્ટૅચ્યુ મુકાવ્યું છે, જે પહેલી વાર બન્યું છે કે કોઈ ફિલ્મ સંગીતકારનું સ્ટૅચ્યુ મુકાયું હોય ! સંગીતકાર જયકિશન વાંસદાનો મિસ્ત્રી હતો એની એના ગામના લોકોને પણ નહોતી ખબર !

પ્રેમના શિખરેથી મૈત્રીનો અને મૈત્રીના શિખરેથી પ્રાર્થનાનો આરંભ થાય છે.

મૈત્રી એટલે જેની સાથે સો પાનખર રણમાં વિતાવી શકાય પણ જેના વિના વસંતની એક પળ પણ ન વિતાવી શકાય.

- સુભાષ ભટ્ટ

## (૦૩) ગાંધીઃ સ્વદેશી કલમનું સ્વદેશી ચારિત્ર્ય

**પારસકુમાર**

મહાત્મા ગાંધીની કલમનું મૂલ્ય કેટલું ? જેટલું મહાત્માનું મૂલ્ય તેટલું જ મહાત્માની કલમનું પણ મૂલ્ય. ઘણીવાર સીધી લીટીના કાગળ પર રહેલું લખાણ સીધી લીટીનું હોતું નથી. મહાત્માને આવું લખાણ એટલે અંતરમનમાંથી અવતરેલું સાધનાસભર લખાણ અને મહાત્માને મન કલમની માવજત એટલે પોતે પ્રાપ્ત કરેલી સત્યપ્રીતિની માવજત. કલમની ધાર તલવારની ધાર કરતાં વધુ તીક્ષ્ણ હોય છતાં કલમ વડે ક્યારેય કોઈ પર આક્રમણ ના કરે તેનું નામ મહાત્મા. માન્યવર, કલમનું પણ કાળજું હોય અને મહાત્માની કલમના કોમળ કાળજામાં સત્ય અને અહિંસાના અવશેષો તરવરે છે. મંદિરને જોતાવેંત જેમ આપણા બે હાથ જોડાઈ જાય છે તેમ મહાત્મા લખવા બેઠાં હશે ત્યારે મહાત્માને જોતાવેંત કલમના પણ બે હાથ જોડાઈ ગયા હશે. મહાત્મા માટે લખવું એટલે કાગળ ઊપર પણ મહાત્માપણું પૂરવાર કરવું.

કેટલાક કોમળ હૃદયના લોકો મહાત્માને વાંચે છે ત્યારે ભીના હૃદયે કહેવા લાગે છેઃ ‘મહાત્માએ પોતાની સત્યસાધનાને શબ્દોનું સ્વરૂપ ના આપ્યું હોત તો આપણું શું થાત ? અને આપણે ત્યાં મહાત્માની સત્યસાધનામાંથી અવતરેલા નિર્મળ લખાણમાં ડૂબકી મારીને ઉડાન ભરનારી પેઢીના હૃદયમાં આજેપણ ગાંધીગંગા ઘૂઘવે છે. કુમળા કાગળ પર પંખીના ટહુકા જેવું લખાણ માળો બાંધતું હોય છે ત્યારે છેક કાગળ કુળનું વૃક્ષત્વ સાર્થક થતું હોય છે. મહાત્માએ જીવનભર જે આચર્યું તે જ લખ્યું, જે લખ્યું તે જ અંતરમનને વહેંચ્યું. કુમળા કાગળને વૃક્ષના સંતાન હોવાની પ્રતીતિ કરાવે તે મહાત્માનું લખાણ. મહાત્માએ જે જે લખ્યું તે તે માનવજાતને લેખે લાગ્યું. મહાત્માએ લખેલા પત્રો લખાતાવેંત લોકપ્રિય થયા કારણ કે મહાત્માએ પત્રોમાં રોપેલો આત્માનો ધ્વનિ લોકપ્રિય થયો. બોખું સ્મિત વેરીને લખવા બેસનાર મહાત્માના લખાણનું સ્મિત બોખું નહોતું. મહાત્માના બોખા સ્મિતની તાકાત એટલે હિંસક પ્રહારને તોડી પાડવાની તાકાત.

કલમ થકી પણ હિંસા ન પ્રસરાવે તે જ ખરો અહિંસાનો પૂજારી. મહાત્માએ ક્યારેય કલમ વડે કોઈ પર હિંસક પ્રહાર કર્યો નહોતો. લખતી વખતે બાપુની પીડાને પ્રાર્થનાનું સ્વરૂપ મળ્યું ત્યારે છેક મહાત્માના હૃદયને ટાઢક મળી. મહાત્મા માનતા કે ‘કલમનું ચારિત્ર્ય ન જળવાય તો પ્રાપ્ત કરેલી સાધના પળવારમાં એળે જાય.’ મહાત્મા ખરે ટાણે મિજાજ ગુમાવીને પણ મૌન રહી શકે, પણ મહાત્માની કલમ ખરે ટાણે જ મૌન રહે તો કલમનું મૌન સ્વયં મહાત્માને પણ પજવે. મહાત્માનો કટ્ટર શત્રુ પણ મહાત્માનો પક્ષ લઈને કહી શકે કે,‘બાપુએ લખતી વખતે પોતાની સત્યસાધના સાથે જરા જેટલી પણ છૂટછાટ લીધી નથી.’

સ્વદેશી વિચાર ટાંકવા માટે સ્વદેશી કલમ મળી જાય તો સ્વદેશ તો ઠીક સ્વયં કલમનું પણ ચારિત્ર્ય જળવાઈ જાય. દેશી માણસ સ્વદેશના રંગે રંગાઈ જાય છે ત્યારે કલમમાં ‘પરદેશ’ને બદલે સ્થાનિક ‘પ્રદેશ’ના વિચારો વેરાવા લાગે છે. સ્વદેશી કલમની અસ્મિતા એટલે સ્વદેશી સ્વાભિમાનની અસ્મિતા. મહાત્માને વિદેશી વસ્તુમાંથી શ્રદ્ધા ઉઠી ગઈ અને સ્વદેશી બનાવટમાં શ્રદ્ધા બેસી ગઈ. બાપુએ સરકંડાની પેનથી પણ લખ્યું અને સ્વદેશી ફાઉન્ટન પેનથી પણ લખ્યું. મહાત્મા સ્વદેશી ફાઉન્ટન પેનને તો વિદેશની મોંઘી ફાઉન્ટન પેનનો વિકલ્પ માનતા.

દેશવાસીઓ માટે આજે પરદેશી મશીન પણ સ્વદેશી

બની ગયા છે ત્યારે દેશમાં એક દુકાન એવી પણ છે જે આજેપણ નેવું વર્ષ પછી પણ પૂર્ણપણે 'સ્વદેશી પેન' બનાવે છે. આંધ્રપ્રદેશના રાજમુન્દ્રી નગરમાં મહાત્માની પ્રેરણાથી શરુ થયેલી સ્વદેશી પેનની દેશની પહેલી 'રત્નમ પેન' દુકાન આજેપણ અડીખમ ઊભી છે.વર્ષો પહેલાં ગામના એક મુનીમની સોનાની પેનની સમારકામ કરતી વખતે કોસુરી સત્યનારાયણ અને કોસુરી વેંકટ રત્નમભાઈઓને સ્વદેશી પેન બનાવવાનો વિચાર આવ્યો અને બંને ભાઈઓએ સ્વદેશી પેનની દેશની પહેલી દુકાન શરુ કરી. શરુ શરુમાં બંને ભાઈઓ થોડીક દેશી અને થોડીક વિદેશી સામગ્રીનો ઉપયોગ કરીને અર્ધ દેશી પેનનું નિર્માણ કરવા લાગ્યા પણ મહાત્માએ સંપૂર્ણપણે સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરવાની હાકલ કરી ત્યારે બંને ભાઈઓએ પૂર્ણપણે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરીને દેશની પહેલી સ્વદેશી ફાઉન્ટન પેનનું નિર્માણ કર્યું.પહેલી પૂર્ણ સ્વદેશી પેન મહાત્માને મોકલવામાં આવી. તે સમયે મહાત્મા લખવા માટે વિદેશી ફાઉન્ટન પેનને બિલકુલ પસંદ કરતા નહોતા અને દેશમાં ફાઉન્ટન પેનનું નિર્માણ થાય તે જટ દઈને માનવામાં આવે તેમ નહોતું. મહાત્માએ આશ્રમવાસીને ખરાઈ કરવા રાજમુન્દ્રી મોકલ્યો અને મહાત્મા બંને ભાઈઓનું પરાક્રમ જોઈને ખૂબ જ ખુશ થયા. બાપુએ ભેટમાં મળેલી દેશની પહેલી સ્વદેશી પેન વડે શુભેચ્છા પત્ર લખ્યો. વર્ષો પછી બાપુના હાથમાં ફાઉન્ટન પેન જોઈને આશ્રમવાસીઓમાં પણ કૂતુહલ જાગ્યું. મહાત્માએ 'રત્નમ પેન'ને લખેલા ઐતિહાસિક પત્રની નકલ આજે પેન ખરીદનારને ભેટમાં આવે છે.

અને આપણે એ ચિંતામાં છીએ કે નવી પેઢી ક્યાંક મહાત્માના અજોડ પરાક્રમથી બેખબર તો નહિ રહી જાય ને? પણ નવી પેઢીનું પરાક્રમ તો જુએ, દેશની પહેલી સ્વદેશી ફાઉન્ટન પેનને નવી પેઢીએ જ 'હેરિટેજ પેન'નો દરજ્જો આપ્યો છે. દેશની પહેલી સ્વદેશી ફાઉન્ટન પેન ખરીદવામાં દેશના યુવાનો મોખરે છે. દેશના યુવાનોએ સ્વદેશી ફાઉન્ટન પેનને જીવંત રાખવાનો સંકલ્પ કર્યો છે. વાહ વાહ રામજી !

સ્વદેશની વાતો સ્વદેશી કલમથી લખવામાં આવી ત્યારે મહાત્માના હૈયાને પણ ટાઢક મળી. મહાત્માએ જીવનમાં બત્રીસ હજાર જેટલા પત્રો લખ્યા પણ પત્રોમાં પોતાનું ઓછુંવત્તું દુઃખ પ્રગટ કર્યું પણ ક્યાંય પોતાની પીડાનો કોઈ પર ક્યારેય પ્રહાર કર્યો નહીં. મહાત્માના પત્રોમાં સ્વદેશપ્રેમની સુગંધ તરવરતી હતી. ગાંધીની ટપાલ એટલે ગાંધીની સત્યસાધનાની ટપાલ. મહાત્માના પત્રો આપણા માટે સત્ય અને અહિંસાની વિરાસત બની રહ્યા. જે જે વ્યક્તિને મહાત્માએ પત્રો લખ્યા છે તેમણી પ્રત્યેક પેઢીએ મહાત્માના ઐતિહાસિક પત્રોને સાચવી રાખ્યા છે. નવા વર્ષે એક નવું કામ કરવા જેવું છે. દેશભરમાં જે જે અજાણ્યા લોકોને મહાત્માએ પત્રો લખ્યા છે તે સાવર્જનિક કરીને બાપુએ લખેલા પત્રોનું ઐતિહાસિક મ્યુઝિયમ ઊભું કરવા જેવું છે.

બાપુએ સ્વદેશી ફાઉન્ટન પેનથી કોને કોને પત્રો લખ્યા તેના પૂરાવા આપણી પાસે નથી પણ મહાદેવભાઈ દેસાઈએ લખવા માટે ફાઉન્ટન પેન જ ઉપયોગ કર્યો. સ્વદેશી કલમ ખડગ જેવી અડગ અને કમળ જેવી કોમળ હોવી જોઈએ. મહાત્મા સર્જક તરીકે જે કંઈ હતા તે ભીતરની સત્યસાધનાને કારણે જ હતા. ભીતરની સાધના થકી જ તપસ્વી ગાંધીનું ગીત પ્રગટ થાય. તપસ્વી ગાંધીનું ગીત એટલે જ મોકળા મનનું જીવનસંગીત. બાપુની સ્વદેશી કલમમાં બાપુનું સ્વદેશી ગીતનું ચારિત્ર્ય પણ ઝળુંબે છે. મહાત્માની કલમમાં ઉછળતા સમુદ્રનો નહીં પણ નિરંતર નિર્મળ વહેતી ગંગાના પ્રવાહનો નિવાસ છે. જે કલમે પોતાનો ઉત્સાહ અને ઉમળકો ગુમાવ્યો છે તે કલમ દુનિયાની સૌથી દરિદ્ર કલમ છે. મહાત્માનું મૌન મહાત્માને માણવાનું ઉત્તમ ટાણું છે પણ જે કલમના મૌનને મૌન દ્વારા માણી શકે તેનું નામ મહાત્મા છે. કલમમાં રહેલી શક્યતા વાસ્તવમાં મહાત્માની ભીતર પડેલી શક્યતા છે. મહાત્માને વંદન.

મો. ૯૮૨૫ ૯૯ ૬૫ ૩૯

# (૦૪) ભાગ-૧ પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ

ડૉ. મનહર ઠાકર

વાડીલાલ ડગલી લખે છે, 'મને ત્રણ ઉત્તમ શિક્ષકોનો પરિચય થયો છે. એક તો શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ, જેમની પાસે હું ભણ્યો. બીજા, પંડિત સુખલાલજી અને ત્રીજા, શ્રી મૂળશંકરભાઈ. આ ત્રણ એવી વ્યક્તિઓ છે કે જેમને વિદ્યા કે વિદ્યાર્થી સિવાય બીજા કશાની પડી નથી.' મૂળશંકરભાઈ પોતે કહેતા, 'મને ભણાવવા સિવાયની કોઈ પ્રવૃત્તિમાં ખરેખર રસ નથી. આવી પડે તો એ પ્રવૃત્તિ કરું, પણ તરત મારું મન તો વિદ્યાર્થીઓ તરફ જ જવા માટે ઊંચું-નીચું થાય.' આવા પ્રેરણામૂર્તિ શિક્ષક મૂળશંકર મો. ભટ્ટની ૧૧૯મી જયંતી તા.૨૫-૦૬-૨૦૨૬ના દિવસે છે. એમનું પુણ્ય સ્મરણ થયું ત્યારે એમના જીવન કવન વિશેની વાતો અહીં પ્રસ્તુત છે.

મૂળશંકરભાઈ તો નખશિખ શિક્ષક જ. શિક્ષણને પોતાનો ધર્મ માન્યો. તેથી જ પોતે સૌના આગ્રણી રહ્યા. તેમને આજુબાજુની સૃષ્ટિમાંથી શૈક્ષણિક મૂલ્યો સિવાય અન્ય મૂલ્યો આકર્ષી શક્યાં ન હતાં. શિક્ષણ પરત્વે તેમની એકાગ્ર નિષ્ઠાને લીધે પોતાના શિક્ષણ વિષયક વિચારોમાં એવું ઊંડાણ અને સ્પષ્ટતા પ્રવેશેલા કે સંસ્થાના શૈક્ષણિક પ્રશ્નોનો ઉકેલ તેમની પાસેથી સુપેરે મળી જતો. લોકભારતી-સણોસરા ખાતે આચાર્ય તથા ગૃહપતિ તરીકેની ઘણી મોટી જવાબદારી વરસો સુધી સંભાળી છતાં પોતાના તાસ લેવામાં ભાગ્યે જ મોડા પડ્યા હશે. આચાર્ય કે અધ્યાપક તરીકે પગાર લે પછી ગૃહપતિનો વિશેષ પગાર પોતે લેતા નહીં. ત્યાં ગૃહપતિની ફરજ અધ્યાપકીય ફરજ ઉપરાંતની માનદ્‌સેવા ગણાતી.

મૂળશંકરભાઈના પિતા મોહનલાલ શંકરલાલ ભટ્ટ, તે નાનાભાઈ ભટ્ટના ફઈના દીકરા થાય. આ બંને મામા-ફઈના ભાઈઓ જિગરજાન દોસ્ત બન્યા. તેત્રીસ વર્ષની વયે મોહનલાલ ભટ્ટનું અવસાન થયું. તેમનું ત્રીજું સંતાન મૂળશંકર - જેની જવાબદારી નાનાભાઈ ભટ્ટે સંભાળી. માણસ પારખું અને પ્રખર કેળવણીકાર એવા નાનાભાઈએ પ્રેમ, વિશ્વાસ અને ધૈર્યથી મૂળશંકરનું ઘડતર કરવામાં સક્રિય રસ લીધો. અગિયાર વર્ષની વયે એક વખત વગર ટિકિટે ટ્રેનમાં મુસાફરી કરી આવનાર મૂળશંકરને ટિકિટ તથા દંડના પૈસાની સાથે ચિઠ્ઠી લખીને રેલવે સ્ટેશને મોકલેલ ત્યારે ઉગ્રતા ધારણ કર્યા વિના અને જરાય આકુળ થયા વગર પહાડની સ્વસ્થતાથી નાનાભાઈએ એટલું સમજાવેલું કે, "આપણે અહીંયા ભણવામાં હોશિયાર હોઈએ એટલું જ પૂરતું નથી, પણ પ્રામાણિક થવાનું છે." આ મંત્ર મૂળશંકરભાઈએ હૈયે કોતરી લીધો અને જીવનભર એને ઉજાળ્યો. નાનાભાઈ પાસે રહીને પોતે દક્ષિણામૂર્તિમાં વિનીત થયા.

ગૂજરાત વિદ્યાપીઠમાં સંગીત વિષયમાં ગ્રેજ્યુએટ થયે, મૂળશંકરભાઈને નાનાભાઈ ભાવનગરની દક્ષિણામૂર્તિમાં ગૃહપતિ તરીકે લઈ આવ્યા. તે પૂર્વે લગભગ બે વર્ષ વિલેપાર્લે-મુંબઈની રાષ્ટ્રીયશાળામાં સંગીત શિક્ષક તરીકેની કામગીરી સંભાળેલી. ગૃહપતિ તરીકે તેમણે આરંભે જ એવું ચિન્તન કરેલું કે ઘેરથી અહીં રહેતા વિદ્યાર્થીઓને શું ખૂટે છે તે ખોટ મારે અહીં પૂરી કરવી. તે ખૂટતું તત્ત્વ 'પ્રેમ' છે. જે તેમણે આજીવન પૂરું પાડ્યું. તેમની આ કારકિર્દીના આરંભકાળે વિદ્યાર્થીઓ તરીકે દક્ષિણામૂર્તિ-છાત્રાલયમાં કૃષ્ણલાલ શ્રીધરાણી અને પ્રહલાદ પારેખ વગેરે હતા.

પોતાનામાં ગૃહપતિત્વની કેળવણી એકલવ્યની જેમ પાંગરેલી. નાનાભાઈના સંપર્કને બદલે દૂરથી તેમને જોતા, સમજતા, પ્રયોગ કરતા પોતે શીખ્યા. નાનાભાઈ બોલે-ચાલે, હરે-ફરે, વર્તન-વ્યવહાર કરે તેમાંથી જે ભાવ અને ભાવના નીતરતાં હોય - ટપકતાં હોય તે પોતે ઝીલી લેતા

અને તેવા અનુભવો હૃદયસ્થ કરી પોતાના સંસ્કારોનું સંવર્ધન કરી લેતા. આમ પ્રખર કેળવણીકાર નાનાભાઈ ભટ્ટના આચરણથી પોતે ગુજરાતના ઉત્તમોત્તમ ગૃહપતિ બની ગયા. એથી જ કહેવાયું કે ઉત્તમ ગૃહપતિ કેવા હોય; તેનો પ્રત્યુત્તર તરત જ મળે, 'મૂળશંકરભાઈ જેવા...!' છાત્રાલયકેન્દ્રી કેળવણીના એ પ્રેરણામૂર્તિ કેળવણીકાર બની રહ્યા.

ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા ગયેલા ત્યારે ત્યાંના સંગીત શિક્ષક શંકરરાવ પાઠકના પોતે વિદ્યાર્થી ! પતરાં ખખડે એવા કંઠની કર્કશતા વિશે ગુરુજીએ કરેલી ટકોરથી ચેતી જઈને પોતે વિદ્યાપીઠની અગાસી ઉપર દરરોજ સવારે ત્રણ વાગ્યે રિયાઝ કરવા બેસી જતા. દરરોજ બ્રાહ્મમુહૂર્તમાં ત્રણ-ચાર કલાકની રિયાઝ, રજાના દિવસે વધારે લંબાતી. ધગશ, ખંત અને હાર્દને પામવાની ઉત્કટ સૂઝથી સિતાર ઉપર અદ્‌ભુત કાબૂ મેળવી લીધો. તેમની સ્નાતકની પરીક્ષા લેવા બેઠેલા પંડિત નારાયણ ખરેજીની પ્રશ્નોત્તરીમાં ૧૦૦ ઉપરવટ ગુણ મૂકવા માટે પરીક્ષક પોતે મજબૂર થઈ ગયેલા, આ હતી મૂળશંકરભાઈની વિદ્યા ઉપાસના - સંગીત સાધના! સંગીત વિષયે તેમના જીવન પર એવી તો અસર કરેલી કે તેમના જીવનનો મુખ્ય સૂર સમતા અને સંવાદિતા બની ગયો.

મૂળશંકરભાઈમાં સત્ત્વશીલ અને નક્કર સંસ્કાર વારસો હતો. પ્રત્યક્ષ રીતે નાનાભાઈ ભટ્ટ અને પરોક્ષ રીતે ગાંધીજી એમના ઘડવૈયા હતા. એક સંવેદનશીલ અને નિષ્ઠાવાન વ્યક્તિ તરીકે પોતે ગાંધીવિચારમાં ઓતપ્રોત હતા. ગાંધીવિચારને એ મૂળથી પામ્યા હતા. કેળવણી, નઈ તાલીમ અને ઈશ્વરનિષ્ઠાનો એમનો પાયો મજબૂત બનાવવામાં નાનાભાઈ અને ગાંધીવિચારે જ અસરકારકતા ઊભી કરી હતી.

એક સંગીતસાધકે કેળવણીનો સૂર પકડીને અનેક વિદ્યાર્થીઓના જીવનમાં સંગીત પ્રગટાવ્યું. સંગીતના સૂર મેળવવા માટે 'જિવાળી' પ્રયોજાય છે. 'શિક્ષણની જિવાળી' નામક એમનો જ એક લેખ સૂચિત કરે છે કે, 'જિવાળી બરાબર મેળવાઈ હોય તો જ પ્રત્યેક તારમાં સૂરનું સૌંદર્ય પ્રગટે છે.' આ કામના અભ્યાસુ તેવા મૂળશંકરભાઈ નાના-મોટા નિર્ણયો કે વ્યવહારોમાં શિક્ષણની જિવાળીના તારને બરાબર મેળવી શકે એવા સમર્થ કેળવણીકાર બની રહ્યા. આ બાબતની અનુભૂતિ એમના સહવાસીઓ, સાથી કાર્યકર્તાઓ તેમજ વિદ્યાર્થીઓએ અનેક પ્રસંગો દ્વારા નોંધી છે.

કવિ વિવેચક શ્રી ચન્દ્રકાન્ત શેઠે એટલે જ ઈ.સ. ૧૯૬૬માં કહેલું, 'આ મૂળશંકર તો મૂળ સુધી ગયેલા માણસ છે.' સંગીત, કેળવણી અને જીવનનાં મૂળ સુધી પહોંચવાની તેમની ભીતરી સાધના હતી અને ત્યાં સુધી પહોંચી જનાર એ પોતે સિદ્ધયોગી બની રહ્યા ! એ સાધનાના પરિપાકરૂપે તેમની આંખ કેળવણીના ક્ષેત્ર ઉપર જ ઠરી હતી. એમના મનમાં એ સિવાયનું કશું જ આકર્ષણ ન હતું. એમની જીવનસાધનાનું કેન્દ્ર છાત્રાલયકેન્દ્રી કેળવણી જ રહ્યું હતું. વિદ્યાર્થીઓનું ભણતર અને જીવનઘડતર કરનાર આ વત્સલ શિક્ષક પોતાને પણ ભીતરથી ઘડતા રહ્યા. એ જ હવે તો તેમનો પરમ ધર્મ ! તેમના પોતાના જ શબ્દોમાં, 'હું હંમેશાં મારી જાતને શિક્ષક તરીકે ઓળખવામાં સાચું બોલી રહ્યો છું તેમ મને લાગે છે, ન એથી ઓછું કે ન વધારે.'

વિદ્યાર્થીઓનું પોતે અવલોકન કરી, તેના આધારે પોતાનો અનુભવ અને ચિન્તન કામે લગાડી વિદ્યાર્થીઓનાં રસના અને વિકાસનાં ક્ષેત્રોને પોતાનાં ક્ષેત્રો બનાવી દેતા. વિદ્યાર્થીઓના મન-ચિત્તને સમજવાની પ્રથમ જરૂરિયાત તેમને જણાઈ હતી. એટલે પોતે માનસશાસ્ત્ર અને ચિત્તશાસ્ત્રનો અભ્યાસ કરી તેમાં તજજ્ઞતા પ્રાપ્ત કરી હતી. છાત્રાલય-સંચાલન અને શિક્ષક-વિદ્યાર્થી સંબંધો, ભણતર અને જીવન ઘડતરના પ્રયોગો વગેરેમાં સફળતા કે નિષ્ફળતા બાબતે ચિન્તનસ્વરૂપે જે તારવ્યું તે, પોતે 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' પુસ્તક દ્વારા પ્રગટ કર્યું.

'ભગવદ્‌ગીતા' અને 'ઈશોપનિષદ' પર પોતે મનન કરીને પ્રતિપાદિત કર્યું કે ગીતા અધ્યાત્મનો છે એટલો જ કેળવણીનો ગ્રંથ છે. ગીતામાંથી એમણે શિક્ષણ-વિચાર જ

તારવ્યો. રામાયણ, મહાભારત, રાજયશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગાંધીવિચાર જેવા અભ્યાસના વિષયોમાં પોતે ઊંડા ઉતર્યા હતા. ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યના પોતે અભ્યાસુ હતા. દક્ષિણામૂર્તિ અને ઘરશાળા (ભાવનગર), ગ્રામદક્ષિણામૂર્તિ (આંબલા) અને લોકભારતી (સણોસરા)માં તેમની કારકિર્દી પસાર થયેલી. પોતાની સૂઝ અને અભ્યાસથી વિદ્યાર્થીઓ, સહકાર્યકરો અને સૌના કુટુંબીજનોમાં તેમની કાર્યપ્રણાલી આદર પામી હતી. એક જાગૃત ગૃહપતિ, વર્ગશિક્ષક, માતા-પિતાસમ, મિત્ર, વૈદ્ય અને વડીલ જેવી વખતોવખતની ભૂમિકા અદા કરવામાં તેમનો અઢળક સ્નેહ પણ સહજ હતો. આ પ્રકારનો નિર્વ્યાજ પ્રેમ આવાં તો અનેક રૂપો ધારણ કરતો. આથી જ સૌએ તેમને 'ભાઈ' જેવું આદરપૂર્વક સંબોધન કરવાનું સહજ માન્યું.

પરમતત્ત્વની ઝાંખી કરવાનું એમનું માધ્યમ જ પ્રેમતત્ત્વનું હતું. તેમની સાધના અને સિદ્ધિનો મંત્ર જ પ્રેમ ! વિદ્યાર્થીઓ, સહકાર્યકરો અને વિદ્યાર્થીઓના કુટુંબીજનો વગેરે સુધી એમનો પ્રેમ વહેતો હતો. દરેકને માટે પુષ્પની સુવાસ સહજ હોવાની તેમ મૂળશંકરભાઈનું ચાહવું સહજ હતું. એટલે જ એમને મળ્યો તેટલો પ્રેમ બહુ થોડા શિક્ષકોને મળ્યો હશે. પોતાની બહુશ્રુતતા અને પ્રશ્નોના ઉત્તરની ખોજ એમને સતત અભ્યાસશીલ રાખતી. આખરે તો એ બધું પોતાના વિદ્યાર્થીઓ માટે જ વપરાતું. પોતે માનતા હતા કે વિદ્યાર્થીઓ જે બધું સમજે, તે અંગે વિચાર કરતા થાય અને તે મુજબ આચરણ કરે. આ બધાંની પાછળનો તેમનો હેતુ માનવમૂલ્યોનો હતો. પોતે 'માનવમૂલ્યો અને કેળવણી'ના હિમાયતી હતા, છતાં તેમનો મૂલાધાર તો બ્રહ્મનિષ્ઠા હતો. કેળવણી દ્વારા તે પોતે પરમતત્ત્વની જ ઉપાસના કરી. પોતાનામાં રહેલી માનવીય મર્યાદાઓથી ઉપર ઊઠી, આંતર વિકાસ સાધવાના પોતે સતત પુરુષાર્થી હતા. એટલે જ નાનાભાઈએ કહેલું : 'Mulshankar is rising spritually higher and higher.' નાનાભાઈ જેવી વ્યક્તિનું આ પ્રમાણપત્ર મેળવનારની પાત્રતા કેટલી ઊંચી ઊઠી હશે ? પચાસ વર્ષના શિક્ષક-જીવનમાં માનવીય સંબંધોની મીઠાશનો મઘમઘાટ પ્રસરાવવામાં આ સર્જકે કેવી સાધના કરી હશે ? ઉમાશંકર જોશીના શબ્દોમાં, ''મૂળશંકરભાઈને નાનાભાઈ મળ્યા તે મૂળશંકરભાઈનું સદ્‌ભાગ્ય હતું, પણ નાનાભાઈને મૂળશંકરભાઈ મળ્યા તે નાનાભાઈનું પણ સદ્‌ભાગ્ય હતું.''

પ્ર. ત્રિવેદીએ તેમને લખેલા એક પત્રના સરનામા પર કરેલા સંબોધનને પ્રત્યુત્તર વેળાએ તેમણે વિનમ્રપણે જણાવેલું કે, 'મને કેળવણીકાર ન કહેશો.' લઘુતાગ્રંથિથી પોતે પીડાતા ન હતા. તેમની સાદાઈ અનન્ય પ્રકારની હતી. ખરેખર તો પોતે બ્રહ્મમાં નિગ્રંથ હતા. તેમના સમગ્ર વ્યક્તિત્વમાં સાધુતા પ્રતિબિંબિત થતી હતી. તેમનામાં પારદર્શક મનઃસૃષ્ટિનાં દર્શન થતાં. વિદ્યાર્થીઓ સાથેનું તેમનું તાદાત્મ્ય અત્યંત ઉચ્ચ કોટિનું અને ભીતરનું હતું. જે પ્રવર્તમાન તમામ શિક્ષકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકે એવું ચમત્કારિક હતું. માનવજાત એમને પ્રિય હતી. પરંતુ સત્ય તો તેમને પ્રિયતર હતું. એટલે જ તેમનું સામિપ્ય સૌને ગમી જતું. તેઓ એક વત્સલ ગૃહપતિ, વત્સલ શિક્ષક, આચાર્ય કે ગૃહસ્થ હતા.

લોકભારતીમાં ગુજરાતી ભાષા અને માનસશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તેમની વિદ્વતાનો અદ્‌ભુત પરિચય વિદ્યાર્થીઓને થતો. 'ભાઈ'ની ભીતરી મહાનતાને લોકો જેમ જેમ સમજતા ગયા તેમ તેમ તેમના ભક્ત બનતા ગયા. તેમણે અંત સુધી ગૃહપતિપદું છોડ્યું ન હતું. તેમના માટે આ પ્રવૃત્તિ પોષક અને પવિત્ર હતી. જેના લીધે જ ગુજરાતના એક ઉત્તમ ગૃહપતિ તરીકે ભાઈ પ્રસિદ્ધિ પામ્યા. પોતે પણ છાત્રાલયમાં કિશોરોની સામે રાત્રિ-પ્રવૃત્તિઓમાં સાહસકથાઓ વાંચી સંભળાવીને, લખવાની અને અનુવાદ કરવાની પ્રેરણા લીધી. પરિણામે જુલે વર્નની એક પછી એક સાહસકથાઓ અનુવાદિત કરતા ગયા અને ગુજરાતી સાહિત્યના ચરણે ભેટ ધરતા ગયા.

દક્ષિણામૂર્તિ પછી ૧૯૩૯માં ઘરશાળામાં શિક્ષક અને ગૃહપતિ તરીકે નિષ્ઠાપૂર્વક કામ કરીને આનંદ અનુભવ્યો. ૧૯૩૮માં ગ્રામાભિમુખ કેળવણીના હેતુસર નાનાભાઈએ આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ સ્થાપી. તેમાં, ભાઈ શિક્ષક તરીકે ૧૯૪૫માં જોડાયા. ત્રણેક વર્ષ પછી સંસ્થાના અધ્યાપનમંદિરમાં શિક્ષક અને પછી આચાર્ય તરીકે કામ કર્યું. સણોસરામાં નાનાભાઈએ લોકભારતીની શરૂઆત કરી. ૧૯૫૩માં અહીંના લોકસેવા વિદ્યાલયના મુખ્ય ગૃહપતિ તરીકે ભાઈની નિયુક્તિ થઈ. વિદ્યાર્થીઓને સવારે વહેલા ઉઠાડવાથી માંડીને ગૃહકાર્ય, ભોજન, પ્રાર્થના વખતે તો ભાઈ કોઈપણ પ્રવૃત્તિ છોડીને હાજર થઈ જતા. વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે માબાપથી જરાય ઉતરતી નહીં તેવી કાળજી પોતે લેતા. પોતે એક વૈદ તરીકેની હથોટી પણ ધરાવતા હતા. તેમનું વૈદું તો શારીરિક દર્દ મટાડીને માનસિક ટાઢક પણ આપતું.

ભાઈ એક પારદર્શી વ્યક્તિત્વ ધરાવતા શિક્ષક હતા. તેથી જ તેમના વિચાર, વાણી અને વર્તનમાં ઐક્ય હતું. આથી જ પોતે અનુભવજન્ય અને સ્વાભાવિક કેળવણી આપતા શિક્ષક બની રહ્યા. તેમાં જ પોતાની મૂલ્યવિભાવના પ્રગટ થતી હતી. ક્યાંય કશો દેખાડો કે દંભ નહીં. બીજાને અભિભૂત કરવાની તાલાવેલી પણ નહોતી. શિક્ષણમાં અદકેરી શ્રદ્ધા એટલે માનવીય મૂલ્યોના રોપણ માટે શિક્ષણને વળગી રહેવામાં જ ખરો આનંદ માણનાર પોતે એક પ્રેરણાદાયી શિક્ષક હતા. શિક્ષણ તો તેમના જીવનનો પરમ રસ બની ગયો. તેમના સમગ્ર જીવને પુન્યતા અનુભવી, પરમ સંતોષ અનુભવ્યો. પોતે આજીવન શિક્ષક બની રહ્યા. તેમના વિદ્યાર્થીઓને મળેલું શિક્ષણ, એક સાધક તરીકે તેમણે આપેલો અમૂલ્ય વારસો છે તેમ તેમના લેખો, પુસ્તકો પણ તેમણે એક લેખક તરીકે આપેલો અમૂલ્ય વારસો છે.

એમના વ્યક્તિત્વનાં અનેક પાસાં છે. તેમાંયે તેમની વિદ્યાર્થીપ્રીતિ અને વિદ્યાર્થીઓમાં તેમના પ્રત્યેના સ્નેહ-આદર નમૂનેદાર ગણાય. શિક્ષક એટલે વિશ્વાસમૂર્તિ. એવા મૂળશંકરભાઈ મૂર્તિમંત શિક્ષક. પોતાની શિક્ષણ સંસ્થાના ધ્યેય-ધોરણ પ્રત્યેની અભિમુખતા તો પ્રેમ અને સમજણ દ્વારા જ કેળવી શકાય તેવો સ્પષ્ટ અભિપ્રાય પોતે ધરાવતા હતા. માનવમાં શ્રદ્ધા રાખવાના પોતે આગ્રહી હતા. પોતાના વિચાર-વલણમાં તેઓ ખૂબ જ સ્પષ્ટ હતા. મનમાં હોય તે જ કહેતા. મુલાયમ રીતે કહેતા. પોતે અત્યંત ઋજુ, મૃદુ અને સંવેદનશીલ છતાં એક પ્રૌઢ અને ઉત્તમ શિક્ષક હતા. કારણ કે શિક્ષક થવું એ કઠણ છે અને ઉત્તમ શિક્ષક થવું તે તો મહાકઠિન યાત્રા છે. તે માટે ઘણો આત્મસંયમ, વિવેક, ઔદાર્ય અને સ્વાધ્યાયપ્રવૃત્તિ કેળવવાં પડે છે. શિક્ષક એટલે જ ભૌતિક મૂલ્યોથી ઉપરવટનું જોનારો. તેને નૈતિક અને સામાજિક મૂલ્યોમાં રસ હોય છે. તેણે તેના રક્ષક બનવાનું છે. એટલે જ ભાઈ વિદ્યાર્થીઓના ઘડાતાં માનસના અભ્યાસમાં વળ્યા હતા. સંગીતની સંવાદિતાના અનુભવે તેમને જીવનમાં કાયમી સંવાદિતા કેમ પ્રાપ્ત થાય તેની દિશા સાંપડી, પોતે એ દિશામાં વળ્યા. અન્યોને તે માટેનું પથદર્શન કરાવ્યું. ચિત્ત સ્વસ્થ હોય તો જ સંવાદિતાનો અનુભવ થાય. જ્યાં જ્યાં આગ્રહ હોય, રૂક્ષતા કે કઠોરતા હોય ત્યાં વિદ્યાર્થી કરમાઈ જાય અને તેનું ચિત્ત ખંડિત થાય કે અસ્વાભાવિક બને. તેમને મન ચિત્તશાસ્ત્રનો અભ્યાસ એ સામાજિક મૂલ્ય હતું. શિક્ષક તરીકે તેમણે જે કાંઈ ચિન્તન, અભ્યાસ-પ્રયોગો વગેરે કર્યું તેનો નીચોડ તેમનાં લખાણોમાં નીતરે છે. એક સમર્થ શિક્ષક અને સમર્થ લેખક તરીકે ભાઈનું લેખન-સાહિત્ય શિક્ષણકર્મીઓને પ્રેરણા આપે તેવો મહામૂલો વારસો છે.

ગૃહપતિ રહ્યા પણ એક શિક્ષક તરીકેની તેમની જીવન સાધના હતી. તેમનું શિક્ષકત્વ પોતાના ગૃહપતિના પડછાયામાં હતું. સાચા ગૃહપતિ હતા. એટલે જ પોતે એક સાચા શિક્ષક હતા. તેમનું આ પાસું ઘણું જ મહત્ત્વનું, ઘણું સમૃદ્ધ અને એટલું જ પ્રેરણાદાયી હતું. સાથી કાર્યકરો સાથે કદી એક-બીજા વિશે સ્નેહ-સહકાર સિવાય ભાઈ બીજો કશો વિચાર કરતા નહીં.

ક્રમશઃ

મો. ૯૪૨૬૮૫૧૨૯૦

## (૦૫) મૂલ્યનિર્ધારણ અને વાલીઓ

ભાણદેવ

એ એક સત્ય ઘટના છે.

મારો જન્મ એક નાના ગામમાં થયો છે. ગામમાં મોટાભાગે ખેડૂતો અને માલધારીઓ વસે છે. તે વખતે તો ગામમાં માનવોની વસ્તી કરતાં પણ પશુઓની વસ્તી વધારે હતી. આ નાના ગામમાં સૌથી પહેલાં મેટ્રિક પાસ થવાનું અને અભ્યાસાર્થે કૉલેજમાં જવાનું મારે ફાળે આવ્યું. એટલે સ્વાભાવિક રીતે આ ભલાભોળાં ગ્રામજનો મારા પ્રત્યે પ્રેમાદર રાખે.

મારા કૉલેજના અભ્યાસ કાળની આ ઘટના છે. ગામની સાવ જોડાજોડ તળાવ છે. ચોમાસામાં આ તળાવ ભરાઈ જાય અને ચોમાસા-શિયાળામાં તો માનવો અને પશુઓ, સૌ આ તળાવનું પાણી જ પીએ. ઉનાળામાં તળાવનું પાણી ઓછું થઈ જાય ત્યારે  કૂવાનું પાણી પીવામાં આવે છે. બહેનો સિંચણીયું અને ડોલથી કૂવામાંથી પાણી બહાર કાઢે અને બેડાં ભરીને ઘેર લઈ જાય. આ પાણી માનવોને પીવા માટે ! પશુઓ માટે ?  કૂવાની બાજુમાં જ હવાડો છે. કોસ ચલાવીને આ હવાડો ભરવામાં આવે અને ગામના સઘળાં પશુઓ આ હવાડામાંથી પાણી પીએ. કોસ દ્વારા કૂવાનું પાણી કાઢીને હવાડો ભરવાનું કામ દર વર્ષે કોઈને કોઈ ખેડૂત સંભાળે છે અને સૌ તેમને પોતાના પશુઓની સંખ્યા પ્રમાણે વળતર ચૂકવે છે.

એક વર્ષે આ કોસ ચલાવવાનું કાર્ય મોમલાભાઈએ સંભાળ્યું છે. વેકેશનનો સમય છે. હું પણ પરીક્ષા આપીને ઘેર આવ્યો છું. તળાવના કિનારે શિવમંદિર છે. શિવમંદિરનાં પ્રાંગણમાં પીપળાનું એક વિશાળ વૃક્ષ છે અને બીજા વૃક્ષો પણ છે. મારું તે પ્રિય સ્થાન છે. ઉનાળાનો સમય છે. ધોમધખતો તાપ છે. હું પીપળાના છાંયે શિવમંદિરના ઓટલે બેઠો છું અને કાંઈક વાંચી રહ્યો છું. અચાનક કોઈક મારી પાછળ આવીને ઊભા રહે છે. મેં પાછળ જોયું. અરે ! આ તો મોમલાભાઈ ! મેં તેમનું સહજ સ્વાભાવિક સ્વાગત કર્યું.

‘મોમલાકાકા તમે ? આવો, આવો, બેસો !’

મોમલાકાકા મારી બાજુમાં બેઠા, થોડી વાર તો અમે બંને મૌન જ રહ્યા. પરંતુ માનવી મૌન ક્યાં સુધી રહી શકે ? તેમણે જ પ્રારંભ કર્યો.

‘ભાઈ ! મારે તમારું એક કામ છે !’

‘અરે ! એક શા માટે ? બે કામ કહો ! કહો, શું કામ છે ?’

થોડીવાર અટકીને તેમણે પ્રારંભ કર્યો -

‘મારે એકનો એક દીકરો છે.’

‘હા, હા, જીલુ !!’

‘હા. જીલુ ! મારો દીકરો ડાહ્યો છે અને અમને બેય માણસને અમારો દીકરો જીલુ ખૂબ વહાલો છે.’

‘બરાબર છે. દીકરો તો વહાલો જ હોય ને ?’

‘હા, પણ હમણા હમણા આ જીલુમાં એક અપલખણ આવી ગયું છે. આ દશ વર્ષનો જીલુ બીડી પીવાને રવાડે ચડી ગયો છે. એને કોઈક રીતે સમજાવો અને બીડી છોડાવો.’

સામેના લીંબડાની ડાળી પર જીલુ બેઠો હતો અને અમારી સામે જોઈને હસતો હતો. મોમલાભાઈએ જીલુને કહ્યું.

‘બેટા ! અહીં આવ તો !’

ચતુર જીલુ ત્યાં બેઠા બેઠા અમારી વચ્ચેની વાતના વિષયને સમજી ગયો. લીંબડાની નીચે ઊતરીને સડસડાટ દોડતો દોડતો ભાગી ગયો. ક્યાં ગયો હશે ?

ક્યાં જાય ? ઘેર જ જાય ને ?

મોમલાભાઈ આગળ ચલાવે છે –

‘મેં આ જીલુને ખૂબ સમજાવ્યો છે. હું એને કહું છું,

'અરે, બેટા ! તું ઘી ગોળ ખા. દૂધ પી. તારે જે જોઈએ તે તને હું આપીશ. પણ આ બીડી પીવાનું રહેવા દે.' પણ આ છોકરો માનતો નથી. મેં એને ખૂબ સમજાવ્યો છે. અનેકવાર ડારો દીધો છે. અરે ! અનેક વાર માર પણ માર્યો છે, પણ આ મૂરખો સમજતો જ નથી, શું કરું ? તમે કાંઈક કરો. તમે એને સમજાવો.'

થોડીવાર તો અમે બંને શાંત રહ્યા. હવે બોલવાનો વારો મારો જ હતો. અને મેં પ્રારંભ કર્યો.

'કાકા ! તમે જીલુને ખૂબ સમજાવ્યો છે. તેની કાંઈ અસર થઈ નથી. તમે તેને ખૂબ ડારો (ઠપકો) દીધો છે. તેની કાંઈ અસર થઈ નથી. તમે તેને અનેકવાર માર પણ માર્યો છે. તેની કાંઈ અસર થઈ નથી. હવે એક જ ઉપાય બાકી છે અને તે તમારા હાથમાં જ છે.'

'મારા હાથમાં ? કયો ઉપાય ? કહો, કહો, જરૂર કહો. હું તે ઉપાય જરૂર કરીશ ! કહો, કહો, કયો ઉપાય ?'

'ઉપાય છે અને આ ઉપાય જરૂર કારગત નીવડશે. આ ઉપાય જરૂર સફળ થશે.'

'હા, પણ ઉપાય કયો ? તે તો કહો.'

'ઉપાય છે. તમે બીડી પીવાનું છોડી દો. બોલો થશે?'

'હું બીડી પીવાનું છોડી દઉં ? અરે ! મારા ભાઈ ! મારે આ ચાલીસ વર્ષનું વ્યસન. આ કેમ છૂટે ? બીડી વિના તો મને મૂંઝારો થાય છે. બીડી વિના મારો જીવ સાવ મૂંઝાઈ જાય છે. તે કેમ છૂટે ?'

થોડીવાર તો અમે બંને શાંત રહ્યા. આખરે મેં જ કહ્યું:

'તમને તમારા દીકરાથી અધિક વહાલું શું ?'

'મારો જીવ પણ નહિ. મારી જાત પણ નહિ. દીકરાથી વહાલું શું હોય ?'

'તો દીકરા માટે બીડી પીવાનું છોડી દો. દીકરાથી તમને બીડી તો વધુ વહાલી નથી ને ! દીકરાથી બીડી અધિક છે ?'

'કોઈ કાળે નહિ. દીકરાથી અધિક શું હોય ?'

'તો બીડી છોડી દો. દીકરાને તો લાભ થશે જ. તમને પણ લાભ જ થશે ! બીડી પીવાથી કેન્સર થાય છે, તે તો તમે જાણો છો ને ?'

'હું તો અભણ માણસ છું. ચોપડી કે છાપું કાંઈ વાંચતા આવડે નહિ, પરંતુ તમારા કોઈ ભણેલા માણસ પાસે સાંભળ્યું છે ખરું કે બીડી પીવાથી કેન્સર થઈ શકે છે.'

થોડીવાર અમે બંને શાંત રહ્યા. આખરે તેને સમજણ ઊગી, તેમનું શરીરટટ્ટાર થઈ ગયું અને મન પણ ટટ્ટાર થઈ ગયું. અને તેઓ હુંકાર કરીને ગજવામાંથી બીડીની થોકડી બહાર કાઢે છે. સાથે દિવાસળીની પેટી પણ બહાર કાઢે છે. બીડીઓ અને આ પેટીને હાથથી મસળી નાખે છે અને જમીન પર ફેંકી દે છે અને તેના પર દઢતાપૂર્વક પગ મૂકીને ફરીથી બોલે છેઃ

'ભાઈ ! પ્રભુ પ્રીતે કહું છું. આજથી મારે બીડી હરામ છે. હું જીવનભર આ પાપિણી બીડીને હાથ નહી લગાડુ ! હવે તો બસને !'

થોડીવાર અટકીને કાકા કહે છે, 'અને તમે મને ઓળખો છો ને ! હું બોલીને ફરી જાઉં તેવો માણસ નથી ?'

'અરે ! કાકા ! હું તમને બરાબર ઓળખું છું. હવે તમારા પરિવારમાંથી બીડી ગઈ જ સમજો !'

'તો ભાઈ ! બીડી તો ગઈ જ સમજો. હવે મારે જીલુને શું કહેવું ? કઈ રીતે સમજાવવો ? કે તમે સમજાવશો ?'

'જીલુને કાંઈ જ કહેવાની જરૂર નથી. તમારું આ કાર્ય- બીડી છોડી દેવાનું તમારું આ કાર્ય જ બોલશે. મારે અને તમારે, બંનેએ મૌન જ રહેવાનું છે. આપણે શબ્દો દ્વારા નહિ, કર્મ દ્વારા બોલવાનું છે !'

'બરાબર ! બરાબર ! સમજ્યો અને તમારી સમજણને સલામ ! સો વાર સલામ !'

દિવસો પસાર થાય છે. અમારું અલપઝલપ મળવાનું પણ બને છે. પણ અને આ બીડી- પ્રકરણ વિશે કાંઈ બોલતા નથી.

આખરે મારું વેકેશન પૂરું થયું છે. હવે મારે આ મારું સુંદર ગામડું છોડીને અમદાવાદ જવાનું છે.

હું તે શિવાલયનો ઓટલા પર બેઠો છું. બપોરનો સમય છે. લગભગ કોઈ જ નથી. અચાનક મોમલાભાઈનો પગરવ

સંભળાયો. બાજુમાં આવ્યા, હાથ જોડીને કહે છેઃ

'તમારો કીમિયો કારગત નીવડયો છે. મારી તો બીડી ગઈ. જીલુએ પણ બીડી મૂકી દીધી છે. અમારા ઘરમાંથી બીડી બહાર નીકળી ગઈ. અરે ! જીલુની મા તો રાજી રાજી થઈ ગઈ છે.'

થોડીવારમાં કોણ જાણે ક્યાંથી જીલુ પણ આવી ગયો અને બોલી ઉઠ્યો -

'ભાઈ ! સાચું કહું છું. મેં બીડી છોડી દીધી છે અને હવે આ જન્મે બીડીને હાથ નહિ લગાડું. મારું વચન !'

મોમલાભાઈ અને જીલુ, બંને લાગણીમય થઈ ગયા અને હું પણ !

સંતાનોના મૂલ્યનિર્ધારણ અને મૂલ્યવિકાસમાં વાલીઓ કઈ રીતે ફાળો આપી શકે ?

૧. ઉપદેશ દ્વારા ? ના.

૨. ઠપકા દ્વારા ? ના.

૩. માર મારીને ? ના.

૪. ધમકી આપીને ? ના.

૫. લાલચ આપીને ? ના.

સંતાનોના મૂલ્યનિર્ધારણ અને મૂલ્યવિકાસમાં વાલીઓ દ્વારા ફાળો આપવાનું સૌથી શ્રેષ્ઠ અને સૌથી સમર્થ સાધન છે - વાલીઓની જીવનશૈલી !

વાલી તમાકુ ખાતાં ખાતાં સંતાનોને તમાકુ ખાતાં ન રોકી શકે !

વાલીઓ ખોટું બોલતાં હોય તો બાળકોને સાચું બોલવાનું મૂલ્ય ન આપી શકે. વાલીઓ ટી.વી. પાસે બેસીને સંતાનોને ટી.વી.થી દૂર રહેવાનું ન સૂચવી શકે. વાલીઓ આખો દિવસ મોબાઈલમાં રમમાણ રહીને બાળકને મોબાઈલની જાળમાંથી મુક્ત ન રાખી શકે. વાલીઓ ઝગડતાં હોય તો બાળકોને સંઘર્ષમુક્ત જીવનનું મૂલ્ય ન સમજાવી શકે. વાલીઓ ઉચિત અને ઉમદા જીવન જીવે; વાલીઓની જીવનશૈલી વિવેકયુક્ત અને સમુચિત હોય - આ જ સંતાનોના જીવનમાં મૂલ્યનિર્ધારણ અને મૂલ્યવિકાસનો સર્વોચ્ચ કીમિયો છે.

વાલીઓ, શ્રવણ કરો. તમે તમારા સંતાનો સાથે શબ્દો દ્વારા નહિ, પરંતુ તમારા જીવન દ્વારા, તમારી જીવનશૈલી દ્વારા સંવાદ સાધો અને પછી અનુભવ કરો કે મૂલ્યનિર્ધારણ અને મૂલ્યવિકાસનો ચમત્કાર થશે !

મો.૯૩૭૪૪૧૬૬૧૦

'આપણા ઘરે જે કામ કરતાં હોય એ આપણને પ્રિય હોવા જોઈએ. એ તમારા પરિવારના સદસ્ય છે, એનેય આત્મા છે, એનેય એનું ઈશ્વરદત્ત અંતઃકરણ છે, પણ મજબૂરીના માર્યા બોલતાં નથી. મારે આ શિષ્ટ સમાજને કહેવું છેઃ 'સાહેબ, એને વહાલાં ગણજો. તમે એને વહાલાં નહીં ગણો તો હવેલી જેવું મંદિર તમે તમારા ઘરમાં પથરાવ્યું હશે તો પણ એ મંદિરવાળો તમને વહાલ નહીં કરી શકે ! અંદરથી સળગતો હોય તેને શોધી તેની સાથે બેસવા જજો, સળગાવ્યા પછીના બેસણા તો વેસ્ટ ઓફ ટાઈમ છે.'

- મોરારિબાપુ

પૂ.મોરારિબાપુને એક ફલાવર્સે પૂછયુંઃ 'બાપુ,ભરોસો કયા કરવો ? '

મોરારિબાપુઃ 'જવાબરૂપે એવું સમજાય છે કે જે આપણી આંખમાં રહેલું આંસુ જોઈ શકે ત્યાં ભરોસો કરવો,

એટલું જ નહીં આંસુ લૂછે અને પછી કયારેય આંસુ આવે નહીં એવી આપણા માટે જે દૂવા કરે ત્યાં ભરોસો મૂકવો.'

## (૦૬) એક મુકદમો Gen-Zની તરફેણમાં...

**વિશાલ ભાદાણી**

એક સમય હતો જ્યારે અનુભવને જ જ્ઞાન માનવામાં આવતું. વૃદ્ધ લોકોના શબ્દોને અંતિમ સત્ય ગણી લેવામાં આવતાં. પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે માત્ર ઉંમર વધવાથી જ નિર્ણયક્ષમતા વધતી નથી. આપણને ગમે કે ન ગમે અગાઉની પેઢીઓએ જ દુનિયાને યુદ્ધો, પર્યાવરણ સંકટો, આર્થિક અસમાનતા અને માનસિક તણાવની એવી 'ભેટ' આપી છે કે આજે સમગ્ર માનવજાત તેની કિંમત ચૂકવી રહી છે !

આ પરિસ્થિતિમાં ઘણીવાર લોકો Gen-Z વિશે ફરિયાદ કરે છે કે 'આ પેઢી મોબાઇલમાં ખોવાઈ ગઈ છે', 'ધીરજ નથી', 'પરંપરાઓ માટે માન નથી', 'ઝડપી સફળતા જોઈએ છે.' સોક્રેટિસે પણ એના જમાનાના યુવાનો સામે ફરિયાદો કરી છે. પરંતુ શક્ય છે કે માનવ ઇતિહાસમાં પહેલીવાર એવી પેઢી તૈયાર થઈ રહી છે જે માહિતી, ટેક્નોલોજી, ભાવનાત્મક જાગૃતિ અને વૈશ્વિક જ્ઞાનના અભૂતપૂર્વ સંગમ સાથે મોટી થઈ રહી છે.

આવતા વર્ષોમાં Gen-Z વધુ સારા નિર્ણયો કેમ લઈ શકે તેના પાંચ કારણો લાગે છેઃ

૧. Gen-Z સૌથી વધુ શિક્ષિત અને વૈશ્વિક રીતે જોડાયેલી પેઢી છેઃ

Gen-Z માત્ર પોતાના ગામ, શહેર કે દેશ સુધી મર્યાદિત નથી. YouTube પર અમેરિકન પ્રોફેસરનો વ્યાખ્યાન સાંભળે છે, કોરિયન સંસ્કૃતિ સમજે છે, જાપાનની ટેક્નોલોજી જુએ છે, યુરોપના સામાજિક મૉડેલો વિશે ચર્ચા કરે છે અને પોતાની સંસ્કૃતિને ધામધૂમથી ઊજવે છે. UNESCO મુજબ વિશ્વમાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લા બે દાયકામાં ડબલથી વધુ થઈ ગઈ છે. લાખો વિદ્યાર્થીઓ હવે આંતરરાષ્ટ્રીય અભ્યાસ કરે છે. આનો અર્થ શું ? ભવિષ્યમાં સારા નિર્ણયો માટે "વિશ્વને અનેક દૃષ્ટિકોણથી જોવાની ક્ષમતા" અત્યંત જરૂરી બનશે અને આ શક્તિ Gen-Z પાસે સ્વાભાવિક રીતે વિકસતી જાય છે.

૨. Gen-Z માત્ર બુદ્ધિશાળી નથી પણ તે 'AI સાથે વિચારતી' પેઢી છેઃ

અગાઉ માણસ પાસે જેટલું જ્ઞાન યાદ હોય એટલું જ તેનું બળ હતું. આજે AI માનવ મગજનો વિસ્તૃત ભાગ બની રહ્યું છે. Deloitteના સર્વે મુજબ ભારતના મોટાભાગના Gen-Z યુવાનો કામમાં . Generative AIનો ઉપયોગ કરી રહ્યા છે. આ એક ક્રાંતિ છે. અગાઉની પેઢી યાદશક્તિ પર આધારિત હતી અને Gen-Z - AI સહયોગ પર આધારિત કામ કરી રહી છે. આવનારા સમયમાં સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ એ નહીં હોય જેને બધું આવડે છે; પરંતુ તે હશે જે સાચા પ્રશ્નો પૂછતા હશે અને AI સાથે કામ કરતા આવડતું હશે. Gen-Zને તો બાળપણથી જ આ પરિસ્થિતિની તાલીમ મળી રહી છે.

૩. Gen-Z ભાવનાત્મક રીતે વધુ જાગૃત છે :

ઘણા લોકો કહે છે કે આજના યુવાનો બહુ sensitive છે. પરંતુ કદાચ આ sensitivity ભવિષ્યની સૌથી મોટી શક્તિ બની શકે. Gen-Z ખુલ્લેઆમ anxiety, mental health અને emotional boundaries વિશે વાત કરે છે. અગાઉની પેઢીઓમાં ઘણીવાર ભાવનાઓ દબાવી દેવાની સંસ્કૃતિ હતી. પરિણામે તૂટતા સંબંધો અને માનસિક તણાવવાળી સંસ્થાઓ ઊભી થઈ. એની સામે Gen-Z પોતાની અંદર શું ચાલી રહ્યું છે તે સમજવાનો પ્રયત્ન કરે છે. જે વ્યક્તિ પોતાની ભાવનાઓને સમજે છે, મદદ માંગવામાં શરમાતી નથી, અને આત્મચિંતન કરે છે, તે ઘણીવાર વધુ સંતુલિત નિર્ણયો લે છે.

૪. Gen-Z તૂટેલી સિસ્ટમો સામે પ્રશ્નો પૂછે છેઃ

આ પેઢી "આ તો હંમેશા આમ જ ચાલતું આવ્યું છે" એવો જવાબ સહેલાઈથી સ્વીકારતી નથી. આ લોકો આર્થિક મંદી, મહામારી, ઑટોમેશન, ગ્લોબલ વોર્મિંગ અને જોબ અસુરક્ષાને એક સાથે વિચારી શકે એવા

વાતાવરણમાં ઉછર્યા છે. એટલે એમને ખબર પડી ગઈ છે કે હવે વૈશ્વિક સ્તરે ‘સ્થિરતા’ સૌથી મોટો ભ્રમ બનવાની છે. એટલે Gen-Z વધુ અનુકૂલન અને ઈનોવેશન પર વધુ ધ્યાન આપે છે. ઘણી મોટી સંસ્થાઓ એટલા માટે તૂટી ગઈ કારણ કે તેઓ બદલાવ સ્વીકારી શકી નહીં. એટલે Gen-Z કદાચ દુનિયાને વધુ ઝડપથી બદલાતી વાસ્તવિકતા માટે તૈયાર કરી શકે.

૫. Gen-Z જટિલ વિશ્વ માટે ઘડાઈ રહી છેઃ

આજની દુનિયા સીધી અને સરળ નથી. Gen-Z probabilistic thinking તરફ વધી રહી છે. એટલે કે એ સમજે છે સંપૂર્ણ નિશ્ચિતતા કરતાં અનુકૂલન વધારે મહત્ત્વનું છે, કોઈપણ જડ વિચારધારા કરતાં પરિસ્થિતિ મુજબનો વિવેક વધારે અગત્યનો છે. ભવિષ્યમાં કદાચ સૌથી સફળ લોકો તે નહીં હોય જે ‘હંમેશા સાચા’ હોય, પરંતુ તે હશે જે ઝડપથી શીખી શકે, બદલાઈ શકે અને જટિલતામાંથી માર્ગ શોધી શકે.

છેલ્લે...

દરેક નવી પેઢીને શરૂઆતમાં ગેરસમજવામાં આવી છે. જૂની પેઢીને નવી પેઢી સામે ફરિયાદોનો ઈતિહાસ ઘણો લાંબો છે. એક સમય હતો જ્યારે પુસ્તકો વાંચનારા લોકોને ‘ગાંડા’ માનવામાં આવતાં, કૉમ્પ્યૂટર વાપરનારાઓને મજાકમાં લેવામાં આવતાં, અને ઈન્ટરનેટને સમયનો બગાડ કહેવામાં આવતો. આજે કદાચ આપણે Gen-Z સાથે પણ એ જ ભૂલ કરી રહ્યા છીએ !

હા, આ પેઢીમાં ખામીઓ છે. પરંતુ દરેક પેઢીમાં હતી. પ્રશ્ન એ નથી કે Gen-Z સંપૂર્ણ છે કે નહીં. પ્રશ્ન એ છેઃ શું આ પેઢી ભવિષ્યની દુનિયા માટે વધુ તૈયાર છે ? અને શક્ય છે કે તેનો જવાબ ‘હા’ હોય.

મો.૯૪૨૬૮૮૫૩૮૭

**પૃથિવીગતિનો છંદોલય**

કેસૂડાંની નવી કળીથી નાક ઘસી રહ્યા છે પોપટ
સૂકાં તણખલાંને ચાંચમાં ઝાલી તડકામાં ઊડી રહી છે ચકલી
લીલાં પીપળપાન પર ચડવા હળવેક લસરી રહ્યા છે મંકોડા
મૂળમાટી ઊકેલી સળવળે છે ઊધઈ
અધમધરા વનપક ફળના ગરભે હળંહળું સરકે છે ઈયળ
મધુમાલતીની સફેદગુલાબી ફૂલપાંદડી ફરતે મંડરાઈ રહી છે મધમાખી
શીમળાની ફૂલકટોરીમાં ઝાકળનું શરબત પીતુંક ઊંધે માથે લટકે છે સક્કરખોર
પીળી કરેણના ચપટીક રંગ પાંખે ભરી ગણણણ ગુંજરવે છે ભમરા
પરાગરજમાં ઝબોળાઈ ચારેકોર ઊડાઊડ કરે છે પતંગિયાં
ધૂળમાટીમાં આળોટતો અહીંથી ક્યાંક સરરર સરકી ગયો સરપ
ત્યાં ખેતરઢેફે કૂદકતાં ઝાડીઝાંખર ટપતાં શેઢો વળોટી ક્ષિતિજપાર દોડી ભાગી જાય છે સસલાં
ડાંગરની કણકીને સાકરકણ ગણી સડસડાટ દોડે છે કાળી કીડીઓની હાર
અને
દદડતા દડાની પાછળ નાના પગલે દડબડ દોડી રહ્યાં છે બાળકો
લાગે છે :
પૃથિવી એની ધરી પર ગતિશીલ છે.

- રાજેશ પંડ્યા

## (૦૭) કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા પ્રસંગ-૩

**બિંદુ-પાર્થેશ**

ઉનાળાની આકરી બપોર.

ગામમાં સાદ પડ્યો. 'એ.....બધાં દોડો......હેડો, નદીએ.....આપણી નદીમાંથી કોઈ રેતી ચોરે છે...'

આશા દોડી, પાછળ તેના ઘરે રહેતી કૂતરી - લાલી પણ દોડી. આખું ગામ નદી તરફ ઉમટ્યુ. કોઈના હાથમાં ધારિયું, કોઈના હાથમાં લાકડી. સ્ત્રીઓ અને બાળકો પણ સાથે જ હતાં. પાણી વગરની નદીમાં પાણીદાર લોકો દોડી રહ્યાં હતાં. ગરમ રેતી પગ દઝાડી રહી હતી. ત્રણ જેટલાં અર્થ મૂવર મશીન કોરી નદીની બરાબર વચ્ચે સોના જેવી રેતી કાઢી રહ્યા હતાં. ગામ લોકોએ તેમને પડકાર્યા. કડક અવાજે કહ્યું, અમારી હદમાંથી બહાર નીકળી જાઓ. 'રેતી ચોરો ગભરાયા. તરત મશીનો હટાવ્યા. ગામવાળાએ કહ્યું, આજે માત્ર ધમકી આપી છોડીએ છીએ. હવે જો અમારાં ભાગની નદીમાં રેતી ચોરી છે તો ખેર નથી.' પ્રશ્ન પતી ગયો. કોઈ ગાળ (અપશબ્દ) નહિ ! કોઈ મારામારી નહિ! પણ કેવી ધાક ઊભી કરી!

આશાની કૂતરી ગરમ રેતીમાં ઊભી નહોતી રહી શકતી. પગને દાઝવાથીએ બચાવવા એ આશાના પગ પર ચડી રહી હતી. ત્યાં ગામના રૂખીબેન આશા સામે આવી ઊભાં રહ્યાં. કહે, 'લ્યો બેન ડખો તો પતી જ્યો. મારા પથરા તો કોઈ કામમાં ન આયા!' કહી કમરે વાળેલી ફાંટ છોડી નાખી. ધડડ કરતાં પથ્થર પગ પાસે ઢગલો થઈ ગયા! આશાની આંખો પહોળી થઈ ગઈ.

'તમે પથ્થર લઈને આવ્યા હતાં ?'

'ઓવ્વ જ ને તાણ, આદમી લાકડીયું ન દોતીયું લઈન આયા તો અમે ઢેખાળા તો લઈએ જ ને !'

સૌ હસી પડ્યાં. વિજયી છટા સાથે સૌ ગામ ભણી પાછા વળ્યાં. સુક્કીભઠ્ઠ નદી માટે લોકોની લાગણી જોઈ આશાની આંખ ભીની થઈ ગઈ. લોકોમાં સમજણ પણ કેટલી વિકસી છે ! કોઈ ઝગડો નહીં. કોઈ મારા મારી નહિ. આ સમજણની વધામણી વિકાસ પાસે કરવા આશા ઉતાવળી થઈ. રાતે વિકાસ આવ્યો. આખી વાત જાણી. હર્ષાશ્રુ રોકવા જતાં નાકના ફણા ફૂલી ગયા.

રાત્રે પથારીમાં પડ્યા પડ્યા એ વિચારતો હતો...... સાબરમતી હવે મોટા ભાગે કોરી રહે છે. કારણ કે ઉપરવાસ ડેમ બન્યો છે. ચોમાસામાં વહેણ આવી જાય પણ તે માંડ દિવાળી ભાળે છે. ગામનો નદી સાથેનો નાતો પણ પાણીની જોડે જોડે સુકાઈ ગયો હશે એવું લાગતું હતું. પણ આજે આ સરવાણી ક્યાંથી ફૂટી ? આખું ગામ નદીએ પહોંચ્યું ? નદી તો સાવ સૂકી છે તેની રેતી કોઈ લઈ જાય તો ગામને કેમ દુઃખે ? ગામની વર્ષોની સંગ્રહાયેલી સ્મૃતિ જાગી ઉઠી હશે ?

સાબરમતી નદી ઉપરથી સુકાઈ છે પણ નીચેતો બારે માસ આજે પણ વહે છે. એટલે જ તો આજે પણ કિનારા આસપાસના કોઈ પણ ગામમાં બોરવેલ માટે જ્યાં કાણું પાડે ત્યાં અફાટ પાણી નીકળે છે. એ જ રીતે ગામનું પણ નદી સાથેનું બંધન ખૂબ ઊંડું હશે. તો જ આવી અગન ઝરતી બપોરે સૌ નદીમાતાને બચાવવા દોડ્યા હશે..... ગ્રામજનોના માનસમાં લોકશાહીની વેલ કેવી કોળી છે ! વિકાસે બાજુના ખાટલામાં પડખાંભર સૂતેલી આશા સામે જોયું. ઊંઘમાં પણ તેના ચહેરા પર એક સંતોષ હતો. વિકાસ તેના તરફ પડખું ફર્યો કે તરત નીંદરમાં સરી પડ્યો.

નોંધઃ- આ ઘટના પછી કોઈ કોન્ટ્રાક્ટર રાજપુરની નદીમાંથી રેતી લેવાની હિંમત ન કરતો. સામેના કે પાસેના ગામની હદમાં રેતી લેતાં હોય અને રાજપુર ગામના લોકોને ફોટા પાડતાં જોઈ જાય તો તરત માલિકને ફોન કરી દે. માલિકનો ફોન રાજપુરવાળા પર આવે કે અમે તમારી હદમાં નથી લેતાં. ફોટા ના પાડશો.

આ લખાઈ રહ્યું છે ત્યારે....

સાબરમતીને જીવતી કરવા કેટલાક સંગઠનો મથી રહ્યા છે. આ વર્ષે સારો વરસાદ થવાના કારણે નદી હજુ લીલી છે. રાજપુર ગામની નદીની લીઝ અપાઈ ગઈ હોવાથી રેતી ખૂબ લેવાય છે. લીઝ માટે ગામના બે લોકોની છેતરી

ને સહી લઈ લીધેલી. ગામે તેના બદલામાં કોન્ટ્રાક્ટર પાસેથી આર્થિક વળતર લઈ લીધું હતું. નજીકના ભવિષ્યમાં નદી પર ડેમ/ વિયર બનવાનો હોવાથી પાણીની સમસ્યા નહીં રહે તેવો આશા અને વિકાસને વિશ્વાસ છે.

હે વાચક !

એક વાત તો સ્વીકારવી પડે કે આશા અને વિકાસના ગામ રાજપુરમાં જે હકારાત્મક પરિવર્તન આવી રહ્યું હતું અને અનેક પરિવર્તનો ભવિષ્યમાં આવશે એ માત્ર વિદ્યાર્થી મંત્રીમંડળના કારણે જ નહોતા આવ્યાં. લોકશાહીની કેળવણી મેળવવા માટે વિદ્યાર્થીઓ બીજી બે વ્યવસ્થામાંથી પસાર થતાં હતાં.

૧. ગૃહકામ

૨. બાળ અદાલત

તો ચાલો એના વિશે પણ જાણી લઈએ.

જો તમે શિક્ષણ સાથે જોડાયેલાં હશો તો અચૂક તમને તેના વિશે જાણવું ગમશે.

ગૃહકામ ચક્ર

ચૂંટણી પછી એકવાર મંત્રીઓ નક્કી થઈ જાય તે પછી ટુકડી નાયકો માટેની પસંદગી થાય.

શાળાને સારી રીતે ચલાવવા માટે જેટલું મંત્રીમંડળ જરૂરી છે તેટલું જ ગૃહકામની ટુકડીનું મહત્ત્વ છે. શાળામાં કેટલાક કામો રોજે રોજ કરવાની જરૂર છે તે સત્રની શરૂઆતમાં જ જોવામાં આવે. એટલાં કામ માટે ટુકડી બનાવવાનું નક્કી થાય. તે માટે ટીમનો નાયક કોને બનવું છે તે પૂછવામાં આવે. ટુકડી નાયકમાં છોકરા-છોકરીઓની સંખ્યા સમાન રહે તેવી અપેક્ષા રખાય. દરેક ટુકડી નાયક દરેક વિદ્યાર્થીમાંથી ક્રમવાર પોતાને ગમતાં વિદ્યાર્થીઓને પસંદ કરે. આ ટુકડીના સભ્યો આખા વર્ષ માટે સાથે સાથે રહેશે. દર અઠવાડિયે તેમનું કામ બદલાય. જે ટુકડી આ અઠવાડિયે પીવાનું પાણી ભરતી હોય એ બીજા અઠવાડિયે ભોજન પીરસતી હોય, ત્રીજા અઠવાડિયે મેદાન સફાઈ કરતી હોય, ચોથા અઠવાડિયે બાગાયતનું કામ કરતી હોય, પાંચમા અઠવાડિયે રૂમ સફાઈ કરતી હોય. આમ કરવાથી બાળકને કામ કરવાનો કંટાળો ન આવે. દરેક કામનો અનુભવ મળે. દરેક પ્રકારના કામ કરવાની આવડત વધે. ટુકડીમાં કામ કરવાથી સહકારની ભાવના વધે અને ટુકડી નાયકમાં ટુકડીનું નેતૃત્વ કરવાનું કૌશલ્ય વધે. આ આખી વ્યવસ્થા સુચારુ રીતે ચાલે તે માટે વર્તુળ પૂઠાં પર સરખા સાત ભાગ પાડી દરેક ભાગમાં ટુકડીના નામ લખી નાખવામાં આવે. પૂઠાંની પાછળ દરેક ટુકડીને કરવાના કામો લખેલાં હોય. એક અઠવાડિયા પછી પૂઠું જરા ફેરવવાથી કઈ ટુકડીએ હવે કયું કામ કરવાનું એ મળી જાય તેવી રચના કરેલી હોય.

દરેક ટુકડી પર એક એક મંત્રી દેખરેખ, માર્ગદર્શન અને સંચાલન માટે હોય. દાખલા તરીકે ભોજન ટુકડીને ભોજન પીરસવાનું, વાસણ ધોવા માટેના ટબ ભરવાના, સાફ થયેલા વાસણને લુછવા માટે ગાભા લટકાવવાના, એ ગાભા બીજે દિવસે ધોઈને સુકવી દેવાના આ તમામ કામો કરવાના હોય. એમાં ક્યાંય પણ પ્રશ્ન આવે તો ટુકડીના સભ્યો નાયકને જાણ કરે. ઉદાહરણ તરીકે ગાભા ધોવા માટેનો સાબુ ખૂટી ગયો હોય તો ટુકડીવાળા પોતાના નાયક ને જાણ કરે, નાયક મંત્રીને જાણ કરે, મંત્રી આચાર્યને જાણ કરે. તેથી ઊલટું પણ થાય. શાળાના પ્રાંગણમાં ક્યાંક કચરાનો ઢગલો પડ્યો હોય તો શિક્ષક સફાઈ મંત્રીને જાણ કરે, સફાઈ મંત્રી સફાઈ ટુકડીના નાયકને જાણ કરે, ટુકડી નાયક જે વિદ્યાર્થીથી એ ઢગલો ભરવાનો રહી ગયો હોય તેને જાણ કરે. આમ કરવાથી દરેક કામ નિયમિત અને સુચારુ રીતે ચાલે.

આમ જુઓ તો શાળા શિક્ષકને બદલે વિદ્યાર્થીઓ પર આધારિત થઈ ગઈ.

મહામંત્રી આશાના ઘરેથી શાળાની ચાવી લઈ શાળા ખોલે. વિદ્યાર્થીઓ પોતપોતાના ભાગનું ગૃહકામ કરે. ત્યારબાદ સૌ પ્રાર્થનામાં માટે પ્રાર્થનાવનમાં ગોઠવાઈ જાય. શિક્ષકો શાળાએ ન પહોંચ્યા હોય તો પણ પ્રાર્થના ચાલુ થઈ જાય ! દર મહિને કોઈ એક શનિવારે સૌ શિક્ષકોને માસિક બેઠકમાં જવાનું થતું. અન્ય શાળાઓ તે શનિવારે બંધ રહેતી. પછીથી મધ્યાહન ભોજન સુધી એકાદ શિક્ષકે હાજર રહેવું પડતું. પણ મારી શાળા, રાજપુર તો વગર શિક્ષકે ચાલતી.

હા, કુવરભાઈ જેવા ગ્રામજનો વિશ્રાંતિ સમયે એક આંટો મારી આવતા. બાકી સ્વયંશિક્ષણ દિન ચાલતો. જેનું આયોજન શુક્રવારે શિક્ષકોની હાજરીમાં જ થઈ જતું.

આ તો થઈ વ્યવસ્થા. પણ વ્યવસ્થા સાચવવા એક તટસ્થ ન્યાયતંત્રપણ જરૂરી છે. તે કેવી રીતે ? તેની વાત કરીએ.

આવતા અંકે. ક્રમશઃ

## (૦૮) શિક્ષા, દીક્ષા અને ભિક્ષાની ત્રિવેણી એટલે...ગુરુત્વ

**ડૉ. સી. ટી. ટૂંડિયા**

'ગુરુ તારો પાર ના પાયો, પૃથ્વીના માલિક તમે તારો તો, અમે તરીએ.' ગુરુ પ્રત્યેની નિષ્ઠા હોય અને ગુરુની અસીમ કૃપા હોય ત્યારે જ ભવસાગર તરી શકીએ. ગુરુને ભૂપતિ કહ્યો છે, કારણ કે ગુરુ પૃથ્વીનો માલિક છે. ગુરુ દ્વારા મંત્ર અથવા જ્ઞાન આપવામાં આવે છે. આ એક સંસ્કાર છે. ગુરુ આપણને શિક્ષા આપીને દીક્ષિત કરે છે. ગુરુ આપણને અંતરના આશીર્વાદ દ્વારા ભિક્ષા પણ આપે છે. જો, આપણામાં ગુરુની શિક્ષા, દીક્ષા અને ભિક્ષાની ત્રિવેણીનો સંગમ થઈ જાય, પ્રયાગરાજમાં સ્નાન થઈ જાય તો સામે પાર..

ગુરુ આપણને કઈ પાંચ પ્રકારની શિક્ષા, દીક્ષા અને ભિક્ષા આપે છે તે જોઈએ.

**પાંચ પ્રકારની શિક્ષાઃ**

(૧) વિદ્યાઃ

વિદ્યાથી વિનય પ્રાપ્ત થાય છે, વિનયથી પાત્રતા, પાત્રતાથી ધન, ધનથી ધર્મ અને ધર્મથી સુખ મળે છે. વિદ્યા, સદવિદ્યા અને બ્રહ્મવિદ્યા એ આમ જોઈએ તો ત્રણેય અલગ છે. શ્રેષ્ઠ વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં તેનું દર્શન થતું જોવા મળે છે. વિદ્યા વિનયી બનાવે છે અને સાચા અર્થમાં માનવ બનાવે છે. જે વિમુક્તિ માટે છે તે વિદ્યા છે. વિદ્યા વિનયથી શોભે છે. વિદ્યાનો ઉપાસક માનવીય મૂલ્યો સાથે જીવન જીવે છે.

(૨) વિનય :

વિદ્યા વિનયેન શોભતે. વિદ્યા વિનય વડે શોભે છે. વિનય એટલે સામી વ્યક્તિ સાથે વર્તવાની પદ્ધતિ. ગમે તેટલું ભણી લઈએ ઊંચી ડિગ્રી હાંસલ કરી લઈએ પણ જીવનમાં વિનય આવે નહીં તો બધું ખોટું છે.

(૩) નિપુણતા :

દક્ષ (નિષ્ણાત અથવા કુશળ) વ્યક્તિના લક્ષણો વર્ણવતો 'ભગવદ્ગીતા'નો એક જાણીતો શ્લોક નીચે મુજબ છેઃ "જે પુરુષ સમત્વબુદ્ધિથી યુક્ત છે, તે આ જન્મમાં જ પુણ્ય અને પાપ બંનેનો ત્યાગ કરી દે છે. તેથી, તું યોગમાં લાગી જા. કર્મમાં કુશળતા જ યોગ છે."

(૪) ગુણઃ

● હે મહાબાહો ! પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજસ અને તમસ-આ ત્રણ ગુણો અવિનાશી જીવાત્માને શરીર સાથે બાંધે છે.

● સત્વગુણ (સારાપણું/શાંતિ)ઃ જ્ઞાન અને સુખ તરફ દોરી જાય છે,

● રજોગુણ (જુસ્સો/પ્રવૃત્તિ)ઃ કર્મની કામનાઓ અને આસક્તિ વધારે છે.

● તમોગુણ (અજ્ઞાન/જડતા)ઃ પ્રમાદ, આળસ અને નિંદ્રા ઉત્પન્ન કરે છે.

● ગુણાતીત સ્થિતિ (મુક્તિ)ઃ શ્રી કૃષ્ણ જણાવે છે કે, જે આ ત્રણેય ગુણોથી પર (ગુણાતીત) થાય છે, તે જ જન્મ-મૃત્યુના બંધનમાંથી મુક્ત થઈને અમૃતત્ત્વ પ્રાપ્ત કરે છે.

(૫)શિલાઃ

'શિલા' શબ્દના બે મુખ્ય અર્થ થાય છે, એક છે 'ચારિત્ર્ય' કે 'સ્વભાવ'. સંસ્કૃત મૂળ 'શીલ' પરથી આ નામનો અર્થ સારું ચારિત્ર્ય, સદાચાર, વિનય અથવા શાંત સ્વભાવ એવો થાય છે. જે વ્યક્તિનું વર્તન શુદ્ધ અને પવિત્ર હોય તેને 'શીળવાન' કહેવાય છે. બીજો અર્થ છે કે, પથ્થર કે શિલા. ગુજરાતીમાં 'શિલા'નો અર્થ મોટો પથ્થર, પથ્થરની શિલા કે ટુકડો એવો પણ થાય છે.

**પાંચ પ્રકારની દીક્ષાઃ**

(૧)શબ્દની દીક્ષાઃ

સંસ્કૃત શબ્દ 'દીક્ષા'નો અર્થ 'ધાર્મિક સમારંભ માટેની તૈયારી કે પવિત્રતા' છે. ગુરુ પાસેથી મંત્ર, વ્રત કે જ્ઞાન ગ્રહણ કરવાની પવિત્ર વિધિ, જેનો અર્થ પાપોનો નાશ અને આધ્યાત્મિક જ્ઞાન પ્રદાન કરવું તેવો થાય છે. આ પ્રક્રિયા ગુરુ-શિષ્ય પરંપરામાં દીક્ષાર્થીને ધાર્મિક માર્ગ પર દીક્ષિત કરે છે. મંત્રદીક્ષા વિના જપ, તપ, વ્રત, દાન નિષ્ફળ માનવામાં આવે છે.

પરંપરાઃ જૈન પરંપરામાં તથા હિન્દુ પરંપરામાં તેનું અનેરું મહત્ત્વ છે. દીક્ષા એ જીવનના ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્તિ માટે કરવામાં આવતો સંકલ્પ છે.

(૨) સ્પર્શની દીક્ષાઃ

સ્પર્શની દીક્ષા એ ગુરુ દ્વારા શિષ્યને સ્પર્શ કરીને (શારીરિક સંપર્ક દ્વારા) આપવામાં આવતી આધ્યાત્મિક દીક્ષા છે, જેમાં શિષ્યમાં દૈવી ઊર્જા કે શક્તિનું સંક્રમણ થાય છે. આ પ્રક્રિયાને ઘણીવાર 'શક્તિપાત' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે શિષ્યની આધ્યાત્મિક જાગૃતિ અને સાધનામાં વૃદ્ધિ કરે છે.

સદ્ગુરુ પોતાના આશીર્વાદ અથવા પવિત્ર સ્પર્શ દ્વારા શિષ્યના શરીરમાં ચેતનાનો સંચાર કરે છે, જેનાથી શિષ્યના ગુણોમાં પરિવર્તન આવે છે. આ દીક્ષા દ્વારા શિષ્યને દૈવી કૃપા અને આંતરિક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ શાંભવી દીક્ષા (દૃષ્ટિપાત) ની જેમ જ એક પ્રભાવશાળી દીક્ષા પદ્ધતિ છે. જેમ દીપકથી દીપક પ્રગટે, તેમ ગુરુના સ્પર્શથી શિષ્યના જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય છે. તે ભક્તને પવિત્ર કરે છે અને તેમની આધ્યાત્મિક યાત્રાને ઝડપી બનાવે છે. શિષ્યને આત્મ-સાક્ષાત્કાર તરફ દોરી જાય છે. સ્પર્શ દીક્ષા એ આધ્યાત્મિક સાધના અને ગુરુ-શિષ્ય પરંપરામાં દીક્ષા આપવાની એક વિશિષ્ટ પદ્ધતિ છે. આ પ્રક્રિયામાં ગુરુ પોતાના હાથ વડે શિષ્યના કોઈ અંગ (સામાન્ય રીતે મસ્તક)નો સ્પર્શ કરીને પોતાની શક્તિ કે જ્ઞાનનું સંક્રમણ કરે છે. આ દીક્ષા દ્વારા ગુરુ શિષ્યમાં આધ્યાત્મિક ઊર્જા ઉતારે છે. જેમ એક સળગતો દીવો બીજા હોલવાયેલા દીવાને સ્પર્શ કરીને પ્રગટાવે છે, તેમ સમર્થ ગુરુ શિષ્યની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરે છે. સ્વામી વિવેકાનંદને તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસ દ્વારા મળેલી સ્પર્શ દીક્ષા આનું સૌથી પ્રસિદ્ધ ઉદાહરણ છે, જેનાથી નરેન્દ્રના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું હતું.

(૩) રૂપની દીક્ષાઃ

દીક્ષા એટલે દિવ્ય જ્ઞાન આપવું અને પાપોનો નાશ કરવો. સામાન્ય રીતે બે પ્રકારની દીક્ષા હોય છેઃ સામાન્ય દીક્ષા (ગૃહસ્થ જીવન માટે) અને મહા દીક્ષા (સાધુ જીવન માટે). ગુરુ અગ્નિ, મંત્ર કે સંસ્કાર દ્વારા શિષ્યને દીક્ષિત કરે છે. દીક્ષા દ્વારા મનુષ્ય કુસંગથી બચે છે, આત્મવિશ્વાસ વધે છે અને આત્મકલ્યાણનો માર્ગ ખુલે છે.

(૪)રસની દીક્ષાઃ

સાહિત્ય અને કળાના સંદર્ભમાં રસ એટલે કાવ્ય, નાટક કે કલાકૃતિના આસ્વાદથી હૃદયમાં જાગતો સ્થાયી ભાવનો આનંદ. તે એક અલૌકિક આનંદ છે, રસનો અર્થ 'સ્વાદ' (જીભથી માલૂમ પડતો), 'પ્રવાહી' (ફળનો રસ), 'સાર' કે 'રૂચિ' પણ થાય છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્ર મુજબ, 'વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે'. જ્યારે કોઈ નાટક કે કાવ્યમાં કોઈ લાગણી (ભાવ) પરાકાષ્ઠાએ પહોંચે, ત્યારે પ્રેક્ષકને જે આનંદ મળે તે રસ છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં મુજબ નવ રસ છેઃ શૃંગાર,હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, અદ્ભુત, બીભત્સ, શાંત

(૫) ગંધની દીક્ષાઃ

'ગંધની દીક્ષા' એ જૈન ધર્મના ભાગવતી દીક્ષા મહોત્સવનો એક માંગલિક પ્રસંગ છે, જે દીક્ષાની મુખ્ય વિધિ (કેશલોચન અને વ્રત ગ્રહણ) પહેલાં યોજવામાં આવે છે. દીક્ષા પહેલાં મુમુક્ષુઓ (દીક્ષા લેનાર) ને સુગંધિત દ્રવ્ય (ગંધ) દ્વારા પવિત્ર કરવામાં આવે છે અથવા તેમને આશીર્વાદ સ્વરૂપે સુગંધિત વસ્તુઓ અર્પણ કરવામાં આવે છે. આ વિધિમાં માળા મુહૂર્ત અને સ્વસ્તિક વિધિ જેવી ધાર્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. ગંધ દીક્ષા કે દીક્ષા પહેલાં

મુમુક્ષુઓ પોતાની ધન-મિલકતનું દાન કરે છે, જેને 'વર્ષિદાન' કહેવાય છે.

**પાંચ પ્રકારની ભિક્ષાઃ**

(૧)આંસુઓની ભિક્ષાઃ

'આંસુની ભિક્ષા' શબ્દપ્રયોગ સાહિત્યિક અથવા ભાવનાત્મક સંદર્ભમાં વપરાય છે, જે દુઃખ, અસહાયતા અથવા કરુણા દર્શાવે છે. ભાવનાત્મક અસહાયતાઃ પોતાની ગરીબાઈ કે અસહાયતાને કારણે ભિક્ષા ન આપી શકવાની સ્થિતિમાં વ્યક્તિની આંખોમાં આંસુ આવી જાય, જેને 'આંસુની ભિક્ષા' કહી શકાય. આવા પ્રસંગો કનકધારા સ્તોત્ર જેવી કથાઓમાં જોવા મળે છે. બુદ્ધ જ્યારે ભિક્ષા માટે આવે છે, ત્યારે યશોધરા તેમને ભિક્ષા તરીકે રાહુલને (પુત્રને) અર્પણ કરે છે. આ પ્રસંગમાં યશોધરાની યાચના એક પ્રકારના ત્યાગ અને આંસુથી ભરેલી છે. ભક્તોની પીડા જોઈને જ્યારે ભગવાન ભાવુક થઈ જાય અથવા ભક્ત પોતાના આંસુ દ્વારા ભગવાન પાસે કૃપાની ભિક્ષા માંગે, ત્યારે આ શબ્દપ્રયોગ યોગ્ય ઠરે છે. 'આંસુની ભિક્ષા' (ભિક્ષામાં મળેલાં આંસુ) શબ્દપ્રયોગ મુખ્યત્વે સાહિત્યિક અથવા આધ્યાત્મિક સંદર્ભમાં જોવા મળે છે, જ્યાં તે વેદના, કરુણા અથવા ભક્તિના ઊંડા ભાવો વ્યક્ત કરે છે.

આદિ શંકરાચાર્ય જ્યારે એક દરિદ્ર સ્ત્રીના ઘરે ભિક્ષા માંગવા ગયા, ત્યારે તેની પાસે આપવા માટે માત્ર એક સૂકું આમળું હતું. પોતાની ગરીબીને કારણે તે સ્ત્રીની આંખોમાં આંસુ આવી ગયા. શંકરાચાર્ય તે આંસુ અને ભાવ જોઈ દ્રવી ઊઠ્યા અને માતા લક્ષ્મીની સ્તુતિ કરી 'કનકધારા સ્તોત્ર'ની રચના કરી, જેનાથી તે સ્ત્રીના ઘરે સોનાના આમળાનો વરસાદ થયો.

(૨)અભયની ભિક્ષાઃ

અભય એટલે 'ભયમુક્ત' અથવા 'નિર્ભય'. જ્યારે કોઈ વ્યક્તિ, પ્રાણી કે જીવને કોઈ પણ પ્રકારના સંકટ, ભય કે ઈજા સામે રક્ષણ આપવામાં આવે, તો તેને 'અભય દાન' અથવા 'અભય ભિક્ષા' કહેવાય છે. અભય ભિક્ષા (અથવા અભય દાન) એ ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મમાં- જૈન પરંપરામાં અભયદાનને સર્વોચ્ચ દાન માનવામાં આવે છે. તે માત્ર માણસોને જ નહીં, પણ તમામ પ્રાણીમાત્ર માટે પણ આપવામાં આવે છે, જે કરુણા અને સમતા દર્શાવે છે. અભય ભિક્ષા સામાન્ય રીતે આધ્યાત્મિક અને ધાર્મિક સંદર્ભમાં 'ભયમાંથી મુક્તિ' અથવા 'નિર્ભયતા' મેળવવા માટેની પ્રાર્થના કે ભાવના સૂચવે છે.

(૩)અનુભવની ભિક્ષાઃ

'અનુભવની ભિક્ષા' એ જીવનના પાઠ, જ્ઞાન અને શાણપણને દર્શાવતો એક ગૂઢ શબ્દપ્રયોગ છે. આ વિષય સાથે સંકળાયેલા મુખ્ય પાસાઓ નીચે મુજબ છેઃ જીવનમાં જે કંઈ શીખવા મળે છે, તે ઘણીવાર જાત અનુભવથી જ મળે છે. 'અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે' તેવું માનવામાં આવે છે, જે ખોટા રસ્તાઓ પરથી સાચા રસ્તા પર લાવે છે. સંતો અને યોગીઓઃ ભારતીય સંસ્કૃતિમાં, સંન્યાસીઓ જ્યારે ભિક્ષા માંગે છે, ત્યારે તેઓ ભૌતિક વસ્તુઓ સાથે જ્ઞાન અથવા અનુભવની ભિક્ષા પણ આપી શકે છે. રાજા ભરથરી જેવા પાત્રો જ્યારે પિંગળા પાસે ભિક્ષા માંગવા જાય છે, ત્યારે તે એક વિશિષ્ટ અનુભવના પ્રતીક તરીકે જોવામાં આવે છે.

ભિક્ષા આપવા માટે હૃદયની વિશાળતા અને શિક્ષા આપવા માટે અનુભવની જરૂર હોય છે. ભગવાન શિવનું ભિક્ષાટન સ્વરૂપ એ અહંકારના ત્યાગ અને સમર્પણનો અનુભવ કરાવે છે. એટલે જીવનના પાઠો અને અનુભવો પાસેથી મળતું જ્ઞાન. આ શબ્દપ્રયોગ મુખ્યત્વે આધ્યાત્મિક અને સાહિત્યિક સંદર્ભમાં વપરાય છે, જ્યાં વ્યક્તિ જીવનની ઘટમાળમાંથી શીખ મેળવે છે. જેમ કોઈ ભિક્ષુક દ્વારે દ્વારે જઈને અન્ન મેળવે છે, તેમ મનુષ્ય જીવનની દરેક પરિસ્થિતિમાંથી અનુભવની ભિક્ષા મેળવે છે. અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે એ કહેવત મુજબ, પુસ્તકીય જ્ઞાન કરતા જાત અનુભવથી મળેલું ભાથું વધુ કિંમતી હોય છે. સાધુ-સંતો જ્યારે ભિક્ષા માંગવા નીકળે છે, ત્યારે તે માત્ર પેટ ભરવા માટે નહીં પણ અહંકાર ઓગળવા અને વિનમ્રતાના અનુભવ માટે હોય છે. યોગ ગંગા મુજબ, સંન્યાસી માટે ભિક્ષા એ

જગત સાથે જોડાવાનો અને નિઃસ્વાર્થ ભાવ કેળવવાનો એક માર્ગ છે. ગુજરાતી સાહિત્યમાં રાજા ભરથરી અને રાણી પિંગળાની કથા જાણીતી છે. જ્યારે રાજા ભરથરી જોગી બનીને પોતાની પત્ની પાસે ભિક્ષા માંગવા આવે છે, ત્યારે તે પ્રસંગ 'અનુભવની ભિક્ષા' અને મોહ-માયાના ત્યાગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

(૪)અમલ એટલે કે નિર્મળતાઃ

નિર્મળતાની ભિક્ષા એ આધ્યાત્મિક અને નૈતિક દૃષ્ટિકોણથી જીવનમાં શુદ્ધતા, પવિત્રતા અને નિઃસ્વાર્થ ભાવ મેળવવા માટેની પ્રાર્થના અથવા આકાંક્ષા છે. આંતરિક શુદ્ધતાઃ નિર્મળતા એટલે કે મન, વચન અને કર્મની પવિત્રતા. ઈશ્વર પાસે એવા ભાવોની ભિક્ષા માંગવી, જેમાં ઈર્ષ્યા, ક્રોધ, મોહ અને લોભ જેવી વિકૃતિઓ ન હોય. કોઈ પણ જાતની અપેક્ષા કે ફળની કામના વગર નિઃસ્વાર્થ સેવા કરવી અને હૃદયને નિર્મળ (સાફ) રાખવું. જીવનમાં નિર્મળતા લાવવા માટે સાધકો જપ, ધ્યાન અને સત્સંગ દ્વારા આંતરિક શુદ્ધિની ભિક્ષા માગે છે. કૌટિલ્ય કે કપટ વગરનું જીવન જીવવું, જે સાચી આધ્યાત્મિક નિર્મળતા છે. સરળ શબ્દોમાં કહીએ તો, 'નિર્મળતાની ભિક્ષા' એટલે કે ઈશ્વર પાસે એવું હૃદય માંગવું જે કોઈના માટે અહિત ન વિચારે અને હંમેશા પવિત્ર રહે. 'નિર્મળતાની ભિક્ષા' એ મુખ્યત્વે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો સાથે જોડાયેલો વિષય છે. તેનો અર્થ 'પવિત્રતા અથવા સ્વચ્છ હૃદયની પ્રાર્થના' થાય છે. ભક્ત ભગવાન પાસે શારીરિક વસ્તુઓ માંગવાને બદલે પોતાના મન અને આત્માની શુદ્ધિ (નિર્મળતા) માટે પ્રાર્થના કરે છે. આ એક એવી અવસ્થા છે જ્યાં હૃદયમાંથી કપટ, દ્વેષ અને અહંકાર દૂર થાય છે.

(૫) અનંતની ભિક્ષાઃ

'અનંતની ભિક્ષા' શબ્દપ્રયોગ આધ્યાત્મિક અને દાર્શનિક સંદર્ભમાં વપરાય છે, જેનો મુખ્ય અર્થ પરમાત્મા (અનંત) પાસે જ્ઞાન, ભક્તિ કે મુક્તિની માંગણી કરવી થાય છે. ભિક્ષાનો અર્થ માત્ર ભૌતિક વસ્તુઓ (અન્ન કે ધન) મેળવવી એવો નથી, પરંતુ ઈશ્વર પાસે નિઃસ્વાર્થ પ્રેમ, જ્ઞાન અને ભક્તિની માંગણી કરવી તે 'અનંતની ભિક્ષા' છે. હૃદયની સમર્પણતા- ભક્ત જ્યારે પોતાનું અહંકાર અને પાપો ઈશ્વરને સમર્પિત કરે છે અને બદલામાં શાશ્વત શાંતિ માંગે છે, ત્યારે તે અનંતની ભિક્ષા ગણાય છે. કાવ્યો કે ભજનોમાં 'અનંતની ભિક્ષા' નો ઉપયોગ ઈશ્વરીય કૃપા મેળવવાના રૂપક તરીકે થાય છે, જે જીવનના અંતિમ લક્ષ્યને દર્શાવે છે. 'અનંતની ભિક્ષા' એટલે પરમાત્મા અથવા બ્રહ્માંડ (જે અનંત છે) પાસે જ્ઞાન, શાંતિ કે મોક્ષની યાચના કરવી. સાધક જ્યારે પોતાનું અહંકાર છોડીને ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે તે જે માગે છે તેને અનંતની ભિક્ષા કહેવામાં આવે છે.

શિક્ષા, દીક્ષા અને ભિક્ષાની ત્રિવેણીમાં માંહ્યલો નિત્ય પાવન થતો રહે એટલે... ગુરુત્વ. આ ગુરુત્વના શિખર ઉપર આપણું આસન એટલે આપણો વર્ગખંડ. ગુણવત્તાવાળો વર્ગખંડ એ આપણું શિખરત્વ છે, જ્યાં પલાઠી વાળીને સાધના કરીએ તે પણ ગુરુત્વ.

જે ગુરુઓ વિદ્યાર્થીઓને શિક્ષિત અને દીક્ષિત કરી રહ્યા છે તે તમામ ગુરુજનોને ગુરુપૂર્ણિમા નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...

મો. ૯૮૨૪૮ ૨૫૫૬૧

**પાત્રતા**

'મહાભારત'માં પિતા દ્રોણે પોતાના પુત્ર અશ્વત્થામાને અમુક વિદ્યા આપી ના હતી.
એવા સમયે દ્રોણની પત્નીએ પતિને કહ્યુંઃ
'તમે મારા પુત્રને વિદ્યા નથી આપતા અને અર્જુનને આપો છો, આવો પક્ષપાત કેમ રાખો છો ?'
ગુરુ દ્રોણે પત્નીને જવાબ આપેલોઃ 'મારો પુત્ર એ 'પુત્ર' છે 'પાત્ર' નથી. મારી વિદ્યા હું સદ્પાત્રને જ આપી શકું, મારા પુત્રમાં પાત્રતા ન હોય તો તેને વિદ્યા ન આપી શકું,
અર્જુન પાત્ર છે જ્યારે અશ્વત્થામા પુત્ર છે.'

## (૦૯) ડિજિટલ કોર્નરઃ ગરમાગરમ ઈડલી

**અનામી**

સમયઃ મોડી રાતનો ૩ વાગ્યાનો

સ્થળઃ ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન.

પ્લેટફોર્મ પર ચારેબાજુ લોકો સૂતા છે. તેની વચ્ચે એક ૭૮ વર્ષના વડીલ બેઠા છે. સફેદ ધોતી અને શર્ટ. હાથમાં વાંસની એક ટોપલી, જે ગરમાગરમ ઈડલીઓથી ભરેલી છે.

'ઈડલી... ગરમાગરમ ઈડલી... એક રૂપિયો... માત્ર એક રૂપિયો...'

કોઈ ખરીદતું નથી. વર્ષ ૨૦૨૬ ચાલે છે. એક રૂપિયામાં તો ચૉકલેટ પણ નથી મળતી, તો ઈડલી ક્યાંથી? લોકો હસે છે, તેમને પાગલ કહે છે.

મારું નામ અરવિંદ છે. હું એક આઈ.ટી.કંપનીમાં કામ કરું છું. નાઈટ શિફ્ટ પતાવી ઘરે જઈ રહ્યો હતો. એ.સી. ગાડી હતી, ભૂખ પણ લાગી હતી. પણ સ્ટેશનના સ્ટોલ પર ઈડલીનો ભાવ ૫૦ રૂપિયા હતો.

મેં પેલા વૃદ્ધને જોયા. ટોપલીમાં લગભગ ૧૦૦ ઈડલીઓ હતી, પણ એકેય ગ્રાહક નહોતો. તેમની આંખો ભીની લાગતી હતી.

હું ગાડીમાંથી નીચે ઉતર્યો.

'દાદા, એક રૂપિયામાં ઈડલી? તમને નુકસાન નહીં થાય?'

તેઓ મલકાયા. 'દીકરા, આ નુકસાન નથી, નફો છે.'

'કેવી રીતે દાદા? ચોખાનો ભાવ, ગેસનો ભાવ... એક ઈડલી બનાવતા ઓછામાં ઓછા ૫ રૂપિયા થાય. તમે ૧ રૂપિયામાં વેચો છો?'

તેમણે ટોપલી બંધ કરી.

'ચાલ તને એક વાત કહું.'

'૧૯૭૫ની સાલ હતી. હું ૨૫ વર્ષનો હતો. રેલવેમાં કુલીનું કામ કરતો. મહિનાનો પગાર ૧૦૦ રૂપિયા. એક દિવસ ભારે વરસાદ પડ્યો. કામ ન મળ્યું, પૈસા પણ નહોતા. ૩ દિવસથી ભૂખ્યો હતો. સ્ટેશનની બેન્ચ પર જ બેભાન થઈ ગયો. ત્યારે એક માજી - જે પ્લૅટફૉર્મ પર ઈડલી વેચતા હતા, એક રૂપિયાની એક. તેમણે મને બેઠો કર્યો, મોઢા પર પાણી છાંટ્યું અને ૪ ઈડલી ખવડાવી. પૈસા ન માંગ્યા.'

'હું રડવા લાગ્યો... મેં કહ્યું મારી પાસે પૈસા નથી. તેમણે મને કહ્યું - 'દીકરા, હું પણ એકવાર ભૂખી હતી. તે દિવસે કોઈકે મને ખવડાવ્યું હતું. મેં સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી એક રૂપિયામાં ઈડલી વેચીશ જેથી કોઈ ભૂખ્યું ન રહે. તું પણ વચન આપ - જ્યારે તું મોટો માણસ બને, ત્યારે કોઈ ભૂખ્યાને આમ જ જમાડજે.'

વડીલે પોતાની આંખો લૂછી.

૧૯૯૫માં એ માજી ગુજરી ગયા. મરતા પહેલા તેમણે મારો હાથ પકડ્યો અને પૂછ્યું, 'તું તારું વચન પાળીશ ને ?'

મેં હા પાડી.

'ત્યારબાદ મેં રેલવેના કોન્ટ્રાક્ટ લીધા. ઘણું કમાયો. ત્રણ મકાન છે. બે છોકરા અમેરિકામાં છે. પણ ૧૯૯૫થી આજ સુધી - રોજ સવારે ૩ વાગ્યે -૧૦૦ ઈડલી, એક રૂપિયો. આ સ્ટેશન પર. છેલ્લા ૩૦ વર્ષથી આમ બસ આવું છું. મજા આવે છે.'

મારા રૂંવાડા ઊભા થઈ ગયા.

'દાદા... રોજનું ૪૦૦ રૂપિયાનું નુકસાન. મહિને ૧૨,૦૦૦. વર્ષે દોઢ લાખ ! ૩૦ વર્ષમાં... ૪૫ લાખ રૂપિયા !'

'દીકરા, પૈસાની ગણતરીએ નુકસાન છે, પણ દિલની ગણતરીએ નફો છે. ૩૦ વર્ષમાં મેં કેટલા લોકોને જમાડ્યા? ૧૦ લાખ ઈડલી, ૧૦ લાખ પેટ ઠર્યા, ૧૦ લાખ આશીર્વાદ. એની કિંમત કેટલા કરોડ થાય ?'

ત્યાં જ એક છોકરો દોડતો આવ્યો. ફાટેલું શર્ટ. ઉંમર લગભગ ૧૨ વર્ષ.

'દાદા... ઈડલી... ૩ દિવસથી કંઈ ખાધું નથી. મમ્મી

હૉસ્પિટલમાં છે. પૈસા નથી.'

વડીલે પાન પર ૪ ઈડલી મૂકી, ચટણી આપી.

'ધીમે ખા, દીકરા.'

છોકરો ખાવા લાગ્યો... અને રડવા લાગ્યો.

'હું કાલે પૈસા આપી દઈશ...'

'જરૂર નથી. જ્યારે તું મોટો થાય, ત્યારે બીજા કોઈ ભૂખ્યાને જમાડજે. એટલું જ કાફી છે. એ જ મારી ચૂકવણી છે.'

છોકરો તેમના પગે પડ્યો.

'હું વચન આપું છું દાદા, હું પણ એક રૂપિયામાં ઈડલી વેચીશ.'

મેં ૧૦૦૦ રૂપિયા કાઢ્યા.

'દાદા, પ્લીઝ... હું આ બધી ઈડલી ખરીદી લઉં છું.'

તેઓ હસ્યા. 'આ કોઈ એક વ્યક્તિને વેંચવા માટે નથી. આ ભૂખ્યા લોકો માટે છે. જો તને ભૂખ લાગી હોય તો એક ઈડલી લે. એક રૂપિયો મૂક. બસ એટલું જ.'

મેં ૧ રૂપિયો મૂક્યો. એક ઈડલી લીધી. એ મારા જીવનનું સૌથી સ્વાદિષ્ટ ભોજન હતું. હું રડતી આંખે એ ઈડલી ખાતો રહ્યો.

'દાદા, એક વાત પૂછું ?'

'પૂછ, દીકરા.'

'તમારા છોકરાઓ વિરોધ નથી કરતા ? એમ નથી કહેતા કે આ પૈસાનો બગાડ છે ?'

તેમણે પોતાનો ફોન કાઢ્યો. વીડિયો કોલ કર્યો. તેમનો દીકરો અમેરિકાથી લાઈવ હતો.

'પપ્પા, ઈડલી વેચાઈ ગઈ ? તમે ઠીક છો ને ? ડૉક્ટરે શું કહ્યું ?'

'હું મજામાં છું. આજે એક યુવાન આવ્યો છે, એને આપણી વાત કહી.'

તેમના દીકરાએ મને જોઈને સ્મિત આપ્યું.

'સર, આભાર. પ્લીઝ મારા પપ્પાનું ધ્યાન રાખજો. અમે દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા મોકલીએ છીએ - માત્ર આ ઈડલીઓ માટે. આ તેમની ઈચ્છા છે અને અમને આશીર્વાદ છે. તેમનું વચન એ જ અમારું વચન છે.'

વડીલે ફોન મૂક્યો.

'જોયું દીકરા ? મારા સંતાનોએ પણ આ વ્રત લીધું છે. હું મરી જઈશ તો પણ આ ટોપલી નહીં અટકે. એક રૂપિયા વાળી ઈડલી નહીં અટકે.'

આજે ૨૦૨૬નું વર્ષ છે. એ વડીલ હવે આપણી વચ્ચે નથી. ગયા વર્ષે ૭૯ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. મરતા પહેલા તેમણે મારો હાથ પકડીને કહ્યું હતુંઃ

'દીકરા, આ ટોપલી સંભાળજે. વચન પાળજે.'

હવે, રોજ સવારે ૩ વાગ્યે, ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનની એ જ બેન્ચ પર હું બેઠો હોઉં છું. ઈડલીથી ભરેલી ટોપલી સાથે. એક રૂપિયો. મેં મારી આઈટીની નોકરી નથી છોડી. પણ રોજ સવારે ૨ કલાક... ઈડલી માટે આપું છું.

મારી કંપનીમાં ૨૦૦ કર્મચારીઓ છે. દરેક વ્યક્તિ દર મહિને ૧૦૦ રૂપિયાનો ફાળો આપે છે.

'વન રૂપી ઈડલી ટ્રસ્ટ' (એક રૂપિયા ઈડલી ટ્રસ્ટ).

પેલો ૧૨ વર્ષનો છોકરો - ગણેશ - હવે ૧૨માં ધોરણમાં છે. તે ભણે છે... અને સાંજે મદદ કરવા આવે છે.

'ભાઈ, મેં પણ વચન લીધું છે. હું જ્યારે મોટો થઈશ, ત્યારે હું પણ આ જ કરીશ.'

મિત્રો, પૈસા કમાવવા એ કોઈ મોટી વાત નથી. પણ પૈસાનો ઉપયોગ કરીને પુણ્ય કમાવવું, એ જ સાચી મોટાઈ છે.

જો તમારા ઘરે બાળકો હોય, તો એક નાની બચત પેટી રાખો. 'રૂ. ૧ પેટી'

તેમને કહો કે રોજ તેમાં ૧ રૂપિયો નાખે. મહિને ૩૦ રૂપિયા થશે. એ પૈસાથી કોઈ ભૂખ્યા વ્યક્તિને ભોજન અપાવો.

કારણ કે ૩૦ રૂપિયા તમારા માટે કદાચ પિઝ્ઝાનો એક નજીવો ખર્ચ હશે...

પણ કોઈ બીજા માટે, એ 'એક રૂપિયા ઈડલી ટ્રસ્ટ' દ્વારા ૩૦ દિવસનું ભોજન હોઈ શકે છે.

સંકલ્પ કરોઃ ઓછામાં ઓછા એક ભૂખ્યાને જમાડો.

પૈસા જશે, પણ પુણ્ય રહેશે.

ટોપલી ખાલી થઈ જશે... પણ તમારું હૃદય ભરાઈ જશે.

## (૧૦) માવતરની માવજત : તમે તમારા બાળકને કેવો ખજાનો આપવા ઈચ્છો છો ?

**ડૉ.કૃણાલ પંચાલ**

માતા-પિતા તરીકે આપણું એક સ્વપ્ન હોય છે કે બાળક સુખી, સમૃદ્ધ અને સક્ષમ બને. પણ પ્રશ્ન એ છે કે આ સુખ કે સક્ષમતા માટે આપણે બાળકને શેનો ખજાનો આપીએ છીએ ? પૈસા, મિલકત, સગવડ કે પછી એવા ગુણ અને સંસ્કારો જે જીવનભર તેની સાથે રહે..? માતાપિતા પોતાના બાળકોને કેવો ખજાનો આપવો જોઈએ ચાલો એનો વિચાર રજૂ કરું છું.

જીવનમાં સમૃદ્ધિનો અર્થ વ્યક્તિ વ્યક્તિએ હંમેશા જુદો થતો હોય છે. આજના બાળકો પાસે મોંઘા રમકડાં, ફરવા માટે મોટર અને ખાવા માટે ડ્રાયફ્રૂટ્સનો ખજાનો છે પરંતુ શું તેમની પાસે આખું વેકેશન મામાના ઘરેથી મળેલા અનુભવો છે ? સાંજ પડે રમવા બોલાવતા મિત્રોની ફોજ છે ? દાદાદાદીરૂપી વાર્તાઓનો વડલો છે ? જેને યાદ કરી આખું જીવન જીવી શકાય તેવા રસપ્રદ અનુભવો છે ? જો આ પ્રશ્નનો જવાબ ના આવે તો તેઓ અખૂટ ભૌતિક સંપત્તિ વચ્ચે પણ દરિદ્ર જ છે..! હવે નક્કી આપણે કરવાનું છે કે આપણે આપણા બાળકોને કેવો ખજાનો આપવો, સમૃદ્ધિ આપવી છે ? ઇતિહાસ અને અનુભવો કહે છે કે ભૌતિક સંપત્તિ સમય સાથે ઘટે છે પરંતુ મૂલ્યો, વિચારશક્તિ, આત્મવિશ્વાસ, સંવેદના, કૌશલ્ય અને અનુભવો જેવા અમૂલ્ય ખજાના જીવનને નૂતન દિશા આપે છે. ચાલો વિચારીએ આપણે બાળકને કેવા કેવા ખજાના આપવાના છે ?

મારી દ્રષ્ટિએ બાળકને સૌપ્રથમ વધુમાં વધુ સમય આપી વાતોનો ખજાનો આપીએ. આ ખજાનો સમયાંતરે જ્યારે પણ તેના જીવનમાં યાદ આવશે ત્યારે તે ખૂબ માનસિક શાંતિ અને હૂંફનો અનુભવ કરશે. બાળપણમાં માતા-પિતાના ખોળામાં બેસી સાંભળેલી કે માથે હાથ ફેરવીને કહેલી વાતોથી મોટો ખજાનો બીજો કયો હોય શકે ? આ વાતો થકી મૂલ્યો અને સંસ્કારનો ખજાનો બાળકને આપી શકાય. સાચું-ખોટું ઓળખવાની શક્તિ, સત્ય પ્રત્યેનો આદર, કરુણા અને નૈતિકતા જેવા મૂલ્યો બાળકને જીવનના પ્રત્યેક કઠિન સમયમાં પ્રોત્સાહક બને છે. જીવનની દરેક પરીક્ષા, મિત્રતા કે સંબંધો, કારકિર્દી જેવી દરેક જગ્યાએ મૂલ્યો જ આંતરિક દિશાસૂચક બનતા હોય છે. આવી બધી જીવતરની વાતો બાળકને સહજતાથી કહેવી જોઈએ, બની શકે તો વાર્તા સ્વરૂપે એની પાસે જવી જોઈએ...મૂળે તો તમે સમય આપો છો ત્યારે બાળકની સર્જનાત્મકતા પણ કેળવો છો જ આથી મોટો ખજાનો કયો હોય શકે ? વળી, તમારું બાળક જયારે મોટું થતું હશે અને એ જયારે પોતાના નોકરી કે બિઝનેશમાં સમયની તંગી અનુભવશે કે તમને તુરંત યાદ કરશે જ !

બાળક પાસે વિચારવાની અને પ્રશ્ન પૂછવાની શક્તિ હોવી એ પણ એક ખજાના સમાન છે. બાળકને તૈયાર જવાબો નહીં, વિચારવાની રીત આપવી એ માતાપિતા અને શિક્ષકોની ફરજ છે. હવે તો શાળાઓમાં પણ 'પરખ' આધારિત પ્રશ્નો પૂછવાની પરંપરા શરૂ થઈ છે ત્યારે વિચાર્યા વગર આપી શકાય તેવા જવાબો અને ગોખણપટ્ટી ક્યાં સુધી કરાવીશું ? શા માટે ? અને કઈ રીતે ? જેવા પ્રશ્નો પૂછવાની હિંમત જ તેને સર્જનાત્મક અને વૈજ્ઞાનિક બનાવે છે. આ ખજાનો તેને જીવનભર શીખતો રાખે છે. બાળકની જિજ્ઞાસાવૃત્તિ કેળવાય એ ખૂબ જરૂરી છે. આ ખજાનો

બાળકને ખૂબ જ્ઞાન મેળવવા તરફ આગળ લઈ જઈ શકે છે.

જીવનની દરેક અવસ્થામાં બાળક વાંચતો રહે ચિંતન મનન કરતો રહે તો તે અભ્યાસુ બને છે. આવી ટેવ થકી તે પોતે પોતાની સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. એવું કહેવાય છે કે, પુસ્તકો બાળકના નિઃશબ્દ ગુરુ છે. રોજ થોડું વાંચવું, નોંધવું, ચર્ચા કરવી આ બધી આદત બાળકને જ્ઞાનના અખૂટ ભંડાર સાથે જોડે છે અને ભાષા તેમજ વિચારને સમૃદ્ધ બનાવે છે. એ માટે વાલીઓએ રસપૂર્વક વાર્તાઓ કહેતા શીખવી પડે, શિક્ષકો પણ એ કાર્ય કરી શકે છે. વાલીઓ કે શિક્ષકો વધુમાં વધુ વાર્તાઓ કહે તો બાળકમાં આ ખજાનો અખૂટ બને છે.

આપણું બાળક જો આત્મવિશ્વાસુ અને પોતાનું દરેક કામ જાતે કરતો હશે તો તેનામાં એક અનોખી ઊર્જાનો સંચાર થશે. બાળકને હંમેશા નાના નાના કામો જાતે કરવા પ્રોત્સાહન આપતા રહેવું. પોતાના જીવનના નિર્ણયો બાળક જાતે લેતું થાય અને ભૂલમાંથી શીખવાની ટેવ પાડે એ જરૂરી છે. આ બધું બાળકને હું કરી શકીશ..! એવો દ્રઢ વિશ્વાસ આપે છે. આ વિશ્વાસ ભવિષ્યમાં તેની સૌથી મોટી સંપત્તિ કે ખજાનો બને છે. એ માટે બાળકને કહેવું, 'તું આ કાર્ય કરી શકે છે બાપ !'

બાળક માટે મોંઘી ભેટો કરતાં સમય વધુ કિંમતી છે. રોજના થોડી મિનિટનો હૃદયસભર સંવાદ, સાથે રમવું, સાથે હસવું આ બધી ક્ષણો બાળકની ભાવાત્મક સુરક્ષા વધારે છે. બાળકને સ્વસ્થ અને આરોગ્યપ્રદ નિયમિત જીવનશૈલી આપવી એ પણ ખજાના સમાન છે. પરંતુ આ ખજાનો આપતા પહેલા આપણે પોતાની જાતને પણ સમૃદ્ધ કરવી પડશે. માતા કે પિતા સવારે મોડા ઉઠતા હોય તો બાળક શી રીતે વહેલું ઉઠી શકે ? યોગ્ય આહાર, ઊંઘ, રમતો, અને સ્ક્રીનટાઇમનું સંતુલન આવશ્યક છે. તંદુરસ્ત શરીર અને શાંત મન બાળકને જીવનની દોડમાં સ્થિર રાખે છે અને દક્ષ બનાવે છે. માતાપિતા ઘરમાં બેસી વાચન, લેખન, મનન કરતા હશે તો બાળક જોઈને પણ એવું વર્તન કરતો હોય છે. ઘરના વાતાવરણની એના મન ઉપર ગાઢ અસર થતી હોય છે.

બાળક બીજાના દુઃખને સમજવાની અને મદદ કરવાની ભાવના કેળવે તો તેનામાં માનવતાનું શિક્ષણ આત્મસાત થાય છે. પોતાના જન્મદિવસે ઝાઝી ભેટ મેળવવા કરતા અન્યને ભેટની વહેંચણી કરતું બાળક અપેક્ષિત છે. કરુણા અને સામાજિક જવાબદારી જેવા ગુણ તેને માત્ર સફળ નહીં સારો માણસ બનાવે છે. જેની વર્તમાન સમયમાં વિશ્વને ખૂબ જરૂર છે. બાળકને આપવા જેવો એક અમૂલ્ય ખજાનો સર્જનાત્મકતા અને કૌશલ્યની ભેટ છે. જો બાળક ચિત્રકલા, સંગીત, હસ્તકલા, લેખન, રસોઈ, બાગબગીચાની સફાઈ જેવી પ્રવૃત્તિઓ બાળકની અંદરની પ્રતિભાને જગાડે છે. કૌશલ જીવનમાં આનંદ અને આત્મસંતોષ લાવે છે.

બાળકના જીવનમાં સફળતા જેટલી જરુરી નિષ્ફળતા સ્વીકારવાની શક્તિ હોય છે. જીત જેટલું જ મહત્ત્વ હારનું છે. નિષ્ફળતા પછી ફરી ઊભા થવાની હિંમતનો આ ખજાનો બાળકને મજબૂત બનાવે છે. આ સાથે સ્વપ્ન જોવાની અને તેને સાકાર કરવાની પ્રેરણા બાળકને આપવી જ રહી.! માતાપિતા પોતાના બાળકને મોટાં સ્વપ્ન જોવા પ્રોત્સાહિત તો કરે છે પરંતુ તે સ્વપ્ન સુધી પહોંચવાના આવતી મુશ્કેલીઓને દૂર કરવાનું ઔષધ આપવાનું ભૂલવા જેવું નથી..! એ પણ ખજાનાની ઉપર લાગેલા તાળાની ચાવી સમાન છે..!

બાળકને સમૃદ્ધિનો ખજાનો બેંક લોકરમાં કે રોકડમાં નહીં પરંતુ હૃદયથી હૃદયમાં અને વર્તનથી વર્તનમાં આપીશું તો આપણું બાળક દુનિયાનું સૌથી શ્રેષ્ઠ બાળક બની રહેશે..!

મો : ૯૪૨૯૨૯૭૭૩૭.

## (૧૧) લોકભારતી સણોસરાનો નૈસર્ગિક પરિવેશ

સંજય તલસાણિયા

લોકભારતી સણોસરા ગ્રામવિદ્યાપીઠ બુનિયાદી શિક્ષણની ધરોહર છે. આ સંસ્થા વર્ષોથી કેળવણીના એવા વિચારબીજ સાચવીને બેઠી છે કે તમે જ્યારે પણ આ સંસ્થામાં આવો ત્યારે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પૂજ્ય નાનાદાદા, મનુદાદા, મૂળશંકરદાદા, બુચદાદા ગોશાળા,ગૃહકાર્ય, રાત્રીબેઠક અને સભા-સંમેલનમાં જોવા, સાંભળવા તેમજ અનુભવવા મળી શકે છે. આ સંસ્થા નઈ તાલીમના મૂળ વિચારબીજને છાત્રોમાં સિંચન કરે છે. એટલું જ નહિ જીવાતા જીવન સાથે શિક્ષણને જોડી આપે છે. અર્થાત્ જીવનલક્ષી શિક્ષણ સાધનાનું કેન્દ્ર લોકભારતી છે.

દોસ્તો, રાજ્ય અને દેશ તેમજ વિશ્વફલક પર લોકભારતી સણોસરની આગવી ઓળખ છે. આજે મારે આ સંસ્થાનો એક અલગ જ પરિચય આપવો છે. આ સંસ્થા પ્રકૃતિ કે પર્યાવરણનું ધામ પણ છે. હા મિત્રો, અહીં વહેલી સવારે ૫:૩૦ કલાકે પ્રકૃતિની પાઠશાળા શરૂ થાય છે. જો તેને જોવાની અને માણવાની દ્રષ્ટિ હોય તો અહિના કુદરતી વાતાવરણમાંથી આપણે ઘણું શીખી શકીએ છીએ.

સૂર્યનારાયણે હજી તો દર્શન પણ ન દીધાં હોય ત્યા મોરલાના ટહુકા સંભળાય, કોયલની મીઠી મધુરી કુહૂ કુહૂ સંભળાય, જાણે પક્ષીઓ પ્રકૃતિના ગીત ગાતા ન હોય ? કલરવસભર પરોઢ...

પૂર્વ દિશામાં આછેરો ઉજાશ થાય-થાય ત્યા તો વહેલી પરોઢે ખિસકોલીઓ કૂદાકૂદ કરવા લાગે છે, મોરલા ચણવા નીકળી પડે છે. કબૂતર- કાબરની ટોળીઓ ઉડી-ઉડીને જાણે ક્યાંથી અહીં આવીને ચણાવા લાગી જાય. સમૂહમાં આવતી લેલા( વૈયા)ની ટોળકી અને તેની મસ્તી નિહાળીએ તો મજા જ પડી જાય. અહીં જાત-જાતના ઝાડ-પાન અને વનસ્પતિઓ છે તેથી તમને ઋતુ-ઋતુના પંખી, પતંગિયા,ભમરા, જીવ-જંતુ જોવા મળશે. મોર તો તમને બારેમાસ જોવા મળે. ચોમાસામાં ગોકળગાય, દેડકાનું ડ્રાઉ-ડ્રાઉ તેમજ રાતના અંધકારમાં તમરાનો અવાજ આસપાસ ઘનઘોર જંગલની પ્રતીતિ કરાવે. જો તમારે પંખીના કિલ્લોલ અને ભમરાઓનો ગુંજારવ સાંભળવો હોય તો તમારે લોકભારતી સણોસરા આવવું જોઈએ અને હા, જો તમારે વૃક્ષોનું સાધુ સ્વરુપ નિહાળવું હોય તો તમારે પાનખરમાં જ આવવું જોઈએ. કેમકે, વૃક્ષો એ સમયે પોતાના પાન ખંખેરી દે છે અને તપસ્વી સાધુ બની જાય છે.

અહિ કલકલિયો પણ ક્યારેક કિલકારી કરી જાય અને ટીટોડીનો અવાજ દરેક પ્રહરે સાંભળવા મળે છે. હા, અહીં થોડા ઉછળતા-કુદતા હરણ અથવા કાળીયાર જો મૂકી દેવામાં આવે તો આરણ્ય સંસ્કૃતિના ગુરુકૂળની યાદ અપાવે. અહીંના આ વાતાવરણથી આંખોને ટાઢક અને મનને શાંતિ,ચિત્તને પ્રસન્નતા મળે હૃદયને ઊર્મિ મળે છે.

જો સાચે જ તમારે આ કેમ્પસમાં પ્રકૃતિનું સૌંદર્ય માણવું હોય તો તમારે વહેલા જાગવું પડે અને લોકભારતી સંસ્થાના આ કેમ્પસની લટાર મારવી પડે, તો આ બધું તમે પામી શકો છો, જાણી શકો છો, માણી શકો છો.

અહીં દુર્લભ એવા અનેક વૃક્ષો છે એ પૈકી સિસમ, સાદડ, સવન, ચાર પ્રકારની ચણોઠી શ્યામ, સફેદ, અને લાલ ચણોઠી અને વૃક્ષો અને વેળીઓની અનેક પ્રજાતિ આપણને અહિ જોવા મળે છે.

અહીં ત્રણ પ્રકારની કરેણ છે અને હા ,ગરમાળાને માણવો હોય તો તમારે ઉનાળાના માર્ચ - એપ્રિલની ગરમીમાં આવવું જોઈએ. એ સમયના પીળા ફૂલોના ઝુમ્મર એ આ

સંસ્થાની આન-બાન અને શાન છે. અનેક ઔષધીય વૃક્ષો પણ અહીં આ કેમ્પસનું ઘરેણું છે. આઠ પ્રકારની લતા છે બોગનવેલ, જૂહી, પડદાવેલ, મધુમાલતી, ફાન્દવેલ, શતાવરી, ચમેલી વગેરે છે, કરેણ જાસુદ,મોગરો, ચંપો, મયુરપંખ વગેરે ફૂલછોડ અહીંની શોભાને ચારચાંદ લગાવે છે. આ ઉપરાંત ધરો અને તેની હરિયાળી એ ખૂબ જ લોભામણી ભાસે છે. તુલસીની પાંચ પ્રજાતિઓ અહીં તમને જોવા મળશે, અહીં રાતરાણી પણ છે અને પારિજાત પણ છે. અનેક પ્રકારના વૃક્ષો છે, ફૂલો છે તેથી તેના જુદા જુદા ફ્લાવરિંગના સમયે પક્ષીઓ, ભમરા, પતંગિયા, મધમાખી, વાણિયા વગેરે તમને સાહજિક રીતે જોવા મળી જશે.

અહીં સરીસૃપો પણ છે સાપ, આંધળી ચાકળ, નોળિયા, ઘો, કાચિંડા, સાપની માસી, અને નાના-મોટા જીવજંતુઓ પણ જોવા મળશે. આ ઉપરાંત ચોમાસાની ઋતુમાં તમને ચાતક, બપૈયા, ઘોયરા,પણ જોવા મળશે. શિયાળામાં લક્કડખોદ, હમિંગબર્ગ પણ તમને અહીં જોવા મળી જશે, એટલે કે ઋતુઋતુના ઝાડ અને ફૂલછોડ છે અને તેનાથી આકર્ષિત થતા પતંગિયા, ફુદા, મધમાખી,ભમરા અને પક્ષીઓ અહીં આવ-જા કરે છે.

આ બધા ઝાડ-પાનની શોભા કંઈક નિરાળી છે. હા, અહિ સૂકાઈ ગયેલા વૃક્ષોને કાપવામાં નથી આવતા કેમકે, તેને નાના-મોટા પંખીઓને બેસવાનો આશરો સમજવામાં આવે છે. તેના ઉપર જ્યારે પંખીઓ બેસે છે અને ટહુકા કરે છે ત્યારે વૃક્ષ જાણે સજીવન થઈ ગયું હોય એવું ભાસે છે. કુદરતની રંગીન છટાઓ અને કુદરતનો રંગીન મિજાજ કુદરતના સાનિધ્યમાં રહીને જ માણી શકાય એ માટે તો તમારે આ સંસ્થા પરિસરની વહેલી પરોઢ માણવી જોઈએ.

અહીં અનેક પક્ષીઓના માળા જોવા મળશે અને ખિસકોલી પણ બિન્દાસ પોતાના માળા બનાવે છે. દુર્લભ બની રહેલા કાગડાઓ અને તેના માળા અહિ સરળતાથી મળી જાય છે. અહિ મોરના ઈંડા પણ જોવા મળે અને ટીટોડી પણ અહીં ઉનાળાની સિઝનમાં ઈંડા મૂકે છે એટલે કે અહીં પક્ષીઓને માત્ર ચણ જ નહિ પરંતુ એના સંવર્ધનનું સહજ સુલભ સ્થળ પણ આ લોકભારતી છે.

કાકડ, બગલા, તેતર, કાળોકોશી,ભોયચકલી, પતરંગો વગેરે પક્ષીઓની પ્રજાતિઓ અહીં જોઈ શકશો જો તમે તેને ઓળખો છો તો ! અહીં આઠ-નવ પ્રકારના કરોળિયાની પ્રજાતિ છે. ક્યારેક-ક્યારેક શિકારીપક્ષી બાજ પણ અહીં તમને શિકાર માટે દિવસમાં લટાર મારતા જોવા મળશે. તો વળી રાતના ઘનઘોર અંધકારને ચિરતો ચિબરીનો ચિત્કાર પણ સાંભળવા મળે છે.

જો ટહુકા કરતા અને થનગન નાચતા મોરલાની કળા જોવી હોય તો તમારે ચોમાસામાં અહિ આવવું. આ બધુ નિહાળી જો તમારુ કવિહૃદય હોય તો અહીં બેસીને કવિતા સર્જન કરી શકો અને કોઈ ચિત્રકાર હોય તો એક ચિત્ર સર્જી શકે, નાટકકાર હોય તો નાટક પણ લખી શકે.

અહીં કુદરત, કુદરતની રીતે કામ કરે છે. અહીં ઉનાળામાં એક પણ વૃક્ષોને પાણી પાવામાં આવતુ નથી છતા પણ એ જીવી શકે છે. શા માટે ? કુદરત એનું રખોપું કરે છે. પંખીની ભોજનશાળા એટલે ઊમરો ! અહીં પાંચ ઊમરા પક્ષીઓ માટે ભોજન શાળાનું કામ કરે છે. ઘણાં દેશી આંબા, દાડમડી, કેળ, લીંબુડી, ચીકુડી,જાંબુ, બદામ, જેવા ફળઝાડ પણ છે તો અહિ ઔષધીય વૃક્ષો પણ છે. ગુણકારી લીમડાના અનેક વૃક્ષો છે. હૃદયરોગની ઉત્તમ દવા બોરસલી, દાતણ માટે દેશી બાવળ, આવળ, બોરડી, કરંજ પણ છે.

જાતજાતના છોડ, વૃક્ષો, વેલીઓ, ઘાસથી સભર આ કેમ્પસ ઔષધબાગને પણ ટક્કર મારે એવુ છે. અહિ અનેક ગુણોથી સભર દુર્લભ શ્યામવર્ણી ધતુરો પણ છે. ઘાસની વાત કરીએ તો ચોમાસામાં સાહજિક રીતે ફુટી નિકળતા ઘાસ પૈકી હજારદાણિયો કે જે ટાઇફોડની સારી દવા છે. વાનરપુંછ કે જે શરીર પર ઘાવ થાય કે તરત તેના પર

મલમની રીતે લગાવી દો તો વહેતુ લોહી બંધ થાય છે. ઉંદરકલી ઘાસ અને પાણાફાડ ઘાંસ પથરીનો ઈલાજ એમાં છુપાયેલો છે. જો તમારુ મોં આવી ગયુ છે તો ચણોઠીની ત્રણ જાત અહીથી મળી જશે કે જેના માત્ર પાન મોમાં મૂકી રાખશો તો માત્ર એક દિવસમાં રોગ દૂર થઈ જશે. જો તમારા મોમાં દુર્ગંધ આવે છે અથવા પાયોરિયા થયા છે તો અહિ ત્રણ પ્રકારના તુલસી છે. જેના પાન, મૂળ, છાલ, ફ્ળ, ફૂલ દરેક ઉપયોગી છે એ સરગવો પણ છે, તો સાથોસાથ બહુ ઉપયોગી મીઠો લીમડો કે જે મધૂપ્રમેહની અતિ ગુણકારી વનસ્પતિ છે. હૃદયરોગનો રામબાણ ઈલાજ એટલે અર્જુન વૃક્ષ પણ આ કેમ્પસમાં છે.

આ કેમ્પસની શોભામાં અભિવૃધ્ધિ કરતા વૃક્ષો-છોડ પૈકી આસોપાલવ, ગરમાળો, ગુલમહોર, કાચનાર, વાંસ, કેસુડો, બારમાસી, કમળકેતકી, મયુરપંખ, ક્રોટોન, કરેણ,જાસુદ વગેરે તો છે જ આ ઉપરંત સુગંધિત છોડ-વેલ જેમકે મોગરો ,જુહી, ચમેલી, કેવડો, રાતરાણી, ચંપો, કે જે આ પરિસરની શોભાને નયનરમ્ય બનાવે છે.

અહીં દિવસે ઉડતી-ઉડતી સમળી પણ આવે અને રાતના ચામાચીડિયા પણ આવીને પોતાનો આસરો લે છે. અહીં ફૂલછોડ પણ એટલા જ છે તેથી તમને બારેમાસ અહીં ફૂલછોડ જોવા મળશે. જુદી-જુદી જાતિ, પ્રજાતિના જુદા જુદા આકારના, જુદા-જુદા કદના ફૂલછોડ પણ છે, એ બધું તમારે જાણવું માણવું હોય તો અહીં કુદરતની શાળામાં આવવું જોઈએ.

જો તમે કાગડાની ભાષા જાણી શકો તો કાગડો પણ કંઈક કહેવા માગતો હોય છે, બુલબુલની ભાષા જો જાણો છો, તો બુલબુલ પણ કંઈક કહેવા માંગતું હોય એવું લાગે છે અને જો તમે ઓળખી શકો તો અહી દિવાળી આસપાસ દૂધારાજાની જોડી દર વર્ષે જોવા મળે જ ! હા, અહી વૃક્ષો પણ વાતો કરતા હોય, ધરા અહીંની કંઈક કહી રહી હોય એવુ જરૂર લાગે છે. અરે ! તમે આંબળાનાં થડને બાથ તો ભરી જોજો, એ ઝાડની સંવેદનાનો તમને ચોક્કસ અનુભવ થશે.

શહેરની ભાગદોડ અને શહેરના ધમાલિયા વાતાવરણથી જો તમે થાકી ગયા છો તો મનને અહીં શાતા વળે એટલું સુંદર ભાવાવરણ છે. ઝાડ-પાન અને જીવ વૈવિધ્યથી સભર આ પરિસરને જો તમે સાવ નજીકથી જોશો તો, આ પરિસર તમને પાવનભૂમિનો પરિચય થશે. અહીં બગલા પણ આવે અને બુલબુલ પણ આવે, ખોરાકની શોધ જેને પણ હોય એ જાણે અહીં આ પ્રાકૃતિક સ્થળની મુલાકાત લે. જ્યારે પણ કોઈ પંખીને તેના અસ્તિત્વનું જોખમ લાગતું લાગે ત્યારે તે અહીં આવીને કાયમી આશ્રય સ્થાન લઈ લે છે.

અહિ તળકીડી, લાલકીડી, તિતીઘોડા, ઘોઘો,ચંદન ઘો, મકોડા જેવા નાના મોટા જીવજંતુઓ જોવા મળે,તો વળી અળસિયાઓ અહિની જમીનને ફળદ્રુપ બનાવે છે. ચોમાસામાં તો આખો દિવસ મોરના ટહુકા આપણા મનને પ્રફૂલિત કરી દે છે. હોલાનું ઘુઘુ... ઘુ આપણને ઈશ્વરની સાથે તાલ મિલાવતા અને કુદરતનો સંદેશ પાઠવતા જણાય છે. કાગડાનું કાકા મામાના ઘરની યાદ અપાવી જાય છે. ઘટાટોપ વૃક્ષોની શીતળ છાયામાં ચાતક, ચીબરી, કાબર,કોયલ, બપૈયા, બુલબુલને જોઈ શકો છો એટલે કે અહીંનું પર્યાવરણ જાણે પક્ષીઓ અને જીવજંતુઓ માટે મોસાળ હોય એવું ચોક્કસ જણાય છે. કેમકે અહીં પાણી છે, હરિયાળી છે, સુંદરતા છે, અહીં કુદરતી જીવોનું સંરક્ષણ છે.

સંસ્થાના કાર્યકરો અને વ્યવસ્થાપકો લોકભારતીનું ભાવાવરણ ઊર્જામય રહે એ માટે સજાગ રહી કાર્યરત છે.

દર વર્ષે વૃક્ષો, વેલીઓ, ફૂલછોડ રોપવામાં આવે છે. જતન-સંવર્ધન કાળજીપૂર્વક થતું રહે છે. મા લોકભારતીને વંદન.

મો.૯૪૨૭૬૬૮૦૮૩

## (૧૨) સંસ્થા સમાચાર (જૂન, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- લોકભારતીના શુભેચ્છક અને ડાંખરા ઉત્તર બુનિયાદી વિદ્યાલયના સંચાલક શ્રી જીજીભાઈ ચૌહાણનાં ધર્મપત્નીના નિધન નિમિત્તે શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉમરલા મુકામે તા.૦૧ના રોજ બેસણામાં જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૦૧ના રોજ સિહોર મામલતદારશ્રી સતીશકુમાર જાંબુચા શુભેચ્છા મુલાકાતે આવી ગયા
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૦૧થી ૩૦ દરમિયાન વર્તમાન સમયમાં 'સુપર અલનીનો'ની ખેતી ક્ષેત્રે સંભવિત આડ-અસરો, ખેતીમાં રાસાયણિક ખાતર-દવાઓના દુષ્પરિણામો તથા પર્યાવરણ પ્રદૂષણ પ્રત્યે જાગરૂકતા ફેલાવવાના આશયથી કેન્દ્ર સરકાર દ્વારા નિદર્શીત 'ખેત બચાવો અભિયાન' હાથ ધરવામાં આવ્યું. જે અંતર્ગત કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા જિલ્લાના અન્ય વિભાગના અધિકારીઓ સાથે મળીને ૨૦૦થી વધુ ગામોમાં ૭૦૦૦થી વધુ ખેડૂતોની રૂબરૂ મુલાકાતો, સભાઓ, તાલીમો, મિટિંગો અને સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને જાગૃતિ ફેલાવવામાં આવી.
- શ્રી નિગમભાઈ શુકલ તા. ૦૧,૦૩,૦૯ અને ૧૬ના રોજ આગામી દિવસોમાં યોજનાર વિવિધ કાર્યક્રમોના આયોજન માટે ઝોનલ ઓફિસ(અટારી), પૂને દ્વારા આયોજિત ઓનલાઈન મિટિંગમાં ભાગ લીધો.
- સ્વામી શ્રી ભાણદેવજી તા.૦૪ના રોજ લોકભારતીની મુલાકાતે આવ્યા, વિગતે સંસ્થાદર્શન કર્યું, સાયંપ્રાર્થનામાં ટૂંકું સંબોધન કર્યું, રાત્રિનિવાસ કરી બીજે દિવસે સવારે વિદાય થયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મહિલા તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૫માં તા. ૦૪ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળી લોકશાહી તથા બાળકેળવણીની અગત્યતા વિષે, તા. ૧૧ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ સ્વાધ્યાય, સ્વમૂલ્યાકનની પદ્ધતિ દ્વારા જીવનમાં સકારાત્મક અભિગમ, શાંતિની અનુભૂતિ, પ્રસન્નતાપૂર્વક કેમ જીવવું તેના વિષે, તા. ૧૮ના રોજ શ્રી રમાબહેને દેવમુરારિએ બાલવાર્તા, બાલ જોડકણા,તથા બાલગીતો અભિનય વિષે, તા. ૧૯ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી ગ્રામસ્વરાજ, ગ્રામવિકાસ તથા ગ્રામખેતી અને પશુપાલન, સજીવખેતી વિષે, તા. ૨૫ના રોજ શ્રી અવનીબહેન દવેએ યોગ અને અધ્યાત્મની જીવનમાં શું જરૂરિયાત વિષે, તા. ૨૯ના રોજ શ્રી શુક્લ અંબુજભાઈએ તાલીમાર્થીઓને એ.આઈ.વિષે વ્યાખ્યાનો આપી ગયા.
- તા. ૦૫ના રોજ લોકસેવા IQACની મિટિંગ યોજાઈ ગઈ જેમાં નવા સત્રના કાર્યભાર વહેંચણી, માનદ વેતનથી નવા અધ્યાપકની નિમણૂક

પ્રક્રિયા, સરકારશ્રી તરફથી નવી ભરતીની પ્રક્રિયા અહેવાલ, સત્ર આયોજન, GCAS પ્રવેશ પ્રક્રિયા અને છાત્રાલય સુવિધા અંગે સમગ્ર કાર્યકરો સાથે ચર્ચાઓ થઈ.

- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયમાં વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં ઇન્ચાર્જ આચાર્ય શ્રી ધીરજલાલ રાઠોડનો ચાર્જ અધ્યાપક શ્રી વિશાલભાઈ જોષીને સોપવામાં આવ્યો.
- તા.૦૮થી દરેક શૈક્ષણિક વિભાગના બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ પરિસર પર આવી ગયા. સત્રના પ્રારંભે પહેલા જ દિવસની સાયંપ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ સૌને આવકાર્યા, શુભેછાઓ આપી અને પ્રાસંગિક સંબોધન કર્યું.
- તા. ૦૯ના રોજ શ્રી ગિરીશભાઈ દવે વહિવટી કામ સબબ ગાંધીનગર વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ જઈ આવ્યા
- તા. ૦૯ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેકટ, ભાવનગરના સંયુકત ઉપક્રમે મા. ઉપપ્રમુખશ્રી-જિલ્લા પંચાયત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી-ભાવનગર અને શ્રી અરુણભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા' અને ખેત પ્રદર્શન લોકભારતી પરિસરમાં યોજાઈ ગયું. જેમાં ૪૫૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- લોકસેવા મહાવિદ્યાલયમાં તા. ૧૦ના રોજ પ્રથમ બુધ સંમેલન અંતર્ગત સત્ર આરંભ વાર્તાલાપ- ૧ નિમિત્તે શ્રી રામચંદ્રભાઈ પંચોળી દ્વારા દ્વિતીય અને તૃતીય અભ્યાસવર્ષના વિદ્યાર્થીઓને નવા શૈક્ષિણક સત્ર માટે શુભેચ્છાઓ સાથે વિચાર અને કાર્ય, સંસ્થાના આદ્યસ્થાપકોના સ્મરણ પ્રસંગો અને મહાવિદ્યાલય અને છાત્રાલય એમ બંને અંગોને કેન્દ્રમાં રાખી વાત કરી.
- તા. ૧૧ના રોજ NEP અભ્યાસક્રમ અંતર્ગત દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને SEC (Skill Enhancement Couse) યોગ આરોગ્ય અને સુખાકારી વિષય અનુસંધાને લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ મારવાણીયાના સંકલન અને માર્ગદર્શન તળે લોકભારતી અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થી ભાઈઓ- શિવમભાઈ અને હાર્દિકભાઈ દ્વારા યોગાસન, પ્રાણાયામ નિદર્શન અને સૂર્યનમસ્કાર તથા હળવી અંગ કસરતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિષય અંતર્ગત ભાવનગરથી હાર્ટફુલનેસ સંસ્થાના શ્રી ધર્મેશભાઈ દવે,શ્રી ભરતભાઈ વાઘેલા, શ્રી રેખાબહેન વાઘેલા અને અવનીબહેન દવે નિયમિતરીતે સત્ર દરમિયાન મુલાકાત લેશે તેવું આયોજન થયું છે.
- પીડીલાઇટના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ જે જે સંસ્થાઓને સહાયરૂપ થઈ રહી છે તેની પરિચય મુલાકાતે તા.૧૨ના રોજ તેમની બે દોહિત્રીઓને લઈને આવ્યા. તેઓ પૂરતો સમય લો.ભા.માં રોકાયા, બધા વિભાગોની મુલાકાત લીધી, બપોરનું ભોજન અહીં લઈને પછી અહીંથી માઈધાર તરફ વિદાય થયા.
- તા. ૧૩ના રોજ સત્રનું પહેલું શનિ સંમેલન અંતર્ગત વિદ્યાર્થીને 'વર્તમાન બદલાતા વૈશ્વિક આબોહવા અને પ્રવાહોના પરિવર્તન' સંદર્ભે નૈઋત્યનું ચોમાસુ અને અલ નીનો વિશે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્રમ સંયોજક અને વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ.નિગમભાઇ શુક્લ દ્વારા વાર્તાલાપ

યોજાયો.

- તા.૧૬મીના રોજ આગામી સત્રમાં આવનારા સઘળા કાર્યક્રમોના મહેમાન વક્તાઓનાં નામ નક્કી કરવા માટેની સૌ સંબંધિત પદાધિકારીશ્રીઓની એક બેઠક મળી ગઈ, જેમાં ગુરુપૂર્ણિમા માટે શ્રી રેખાબહેન દેસાઈ, રક્ષાબંધન માટે શ્રી મીનળબેન દવે, સ્વાતંત્ર્યપર્વ માટે શ્રી ડંકેશભાઈ ઓઝા, દર્શક વ્યાખ્યાનામાળાના વક્તા તરીકે શ્રી શરીફાબેન વીજળીવાળા, શ્રી મૂ.મો.ભટ્ટ વ્યાખ્યાનમાળાનાં વક્તા તરીકે શ્રી રામ મોરીની ટીમ, વાર્ષિકોત્સવનાં વક્તા તરીકે શ્રી ડૉ. શરદભાઈ ઠાકર, પ્રજાસત્તાકદિન માટે શ્રી કિરીટભાઈ દૂધાત અને ગાંધીનિર્વાણદિન માટે શ્રી મોહનલાલ મહાલ(ધરમપુર)નાં નામો નક્કી કરવામાં આવ્યાં. તેમ જ ભૂતપૂર્વવિદ્યાર્થી સન્માન માટેનાં પણ ચાર નામો, જેમાં (૧) શ્રી મૂળજીભાઈ ભલાણી-સીદસર-ભાવનગર (શિક્ષણ, આરોગ્ય અને સજીવ ખેતી), (૨) શ્રી વાસુદેવભાઈ સોઢા-અમરેલી (શિક્ષણ), (૩) શ્રી બળવંતભાઈ તેજાણી-ભાવનગર (શિક્ષણ) અને (૪) શ્રી જયેશભાઈ રાવળ-દસાડા-સુરેન્દ્રનગર (ગ્રામવિકાસ) એમ નક્કી કરવામાં આવ્યાં.
- તા. ૧૬ થી ૩૦ લોકભારતી અધ્યાપનમંદિર, સણોસરાના તાલીમાર્થીઓનો તા. ૧૬થી તા. ૩૦ દરમિયાન ભાવનગર, બોટાદ, ભરૂચ, તાપી, મહીસાગર, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, સુરેન્દ્રનગર, જામનગર જિલ્લાની ૨૮ પ્રા.શાળાઓમાં નિવાસી ઈન્ટર્નશિપ કાર્યક્રમ સંપન્ન થયો. તાલીમાર્થીઓએ બ્રીજ કોર્સ (વાચન ગણન અને લેખન), વિશ્વ યોગ દિવસની ઉજવણી, પ્રવેશોત્સવ, ખજાનાની શોધ, આનંદ બજાર, રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળમેળાઓ જેવી સહઅભ્યાસક પ્રવૃતિઓ સાથે લોકભારતી અધ્યાપનમંદિર દ્વારા સોપાયેલી શૈક્ષણિક કામગીરી સંપન્ન કરી. અધ્યાપનમંદિરના આચાર્યશ્રી અને અધ્યાપકશ્રીઓએ મુલાકાત સંદર્ભે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.
- લોકભારતી અધ્યાપનમંદિરના શ્રી સંદીપભાઈ ઉંડવીયા અને શ્રી અમિતભાઈ સાસાણી રાષ્ટ્રીય જનગણના-૨૦૨૭ કાર્યક્રમના પ્રથમ તબક્કામાં ઘર ગણતરી કામગીરીમાં જોડાયા.
- વચ્ચે થોડા સમય માટે બુધમિલન (લો.ભા. કાર્યકરોનું દર બુધવારે સાંજે યોજાતું અનૌપચારિક મિલન) તા.૧૭ના રોજથી પુનઃ શરૂ થયું, જેમાં ઘણા કાર્યકરો ફરીથી ઉત્સાહથી જોડાયા.
- તા. ૧૭ના રોજ બુધ સંમેલન અંતર્ગત સત્ર આરંભ વાર્તાલાપ- ૨ નિમિત્તે શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા દ્વિતીય અને તૃતીય અભ્યાસવર્ષના વિદ્યાર્થીઓને નવા શૈક્ષિણક સત્ર માટે શુભેચ્છાઓ સાથે જ્ઞાનમૂલક અભિગમ, શબ્દ કથા – વ્યુત્પત્તિ, સંસ્થાના હાર્ડવેર એટલે સ્થાવર મકાનો સ્થળો અને વિભાગો અને સૉફ્ટવેર એટલે સંસ્થાનું ભાવાવરણ, પરિવાર ભાવ, પ્રાર્થનાનું મહત્ત્વ અને હાજરી સંદર્ભે રાજીપો, ઇતિહાસકથાઓ વણીને વિધાર્થીઓને નવા શૈક્ષિણક સત્ર અને અભ્યાસ તરફ અભિમુખ કર્યા. વાર્તાલાપ ખૂબ જીવંત અને ફળદાયી રહ્યો. સમાપન શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા એ શ્રી હસમુખભાઈ પ્રત્યે ફરી ફરી આવતા રહેજો અને યથોચિત કર્તવ્ય બજાવતા રહેજો એવી આનંદની લાગણી પ્રગટ કરી.
- તા. ૧૮ના રોજ મ. કૃ. ભાવનગર યુનિ.ની

એલ.આઈ.સી. કમિટીમાં અને નવી ભરતીની પ્રક્રિયા સંદર્ભે શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા તા. ૨૩ના રોજ ગાંધીનગર ઉચ્ચ કમિશનરની કચેરીની મુલાકાત જઈ આવ્યા.

- IQAC અન્વયે કુલ અગિયાર જેટલી વિદ્યાર્થી પ્રતિનિધિઓની સમિતિઓની રચના થઈ જે આગામી સત્ર દરમિયાન વિવિધ કામગીરી અને કાર્યક્રમોમાં આગેવાની કરશે.
- તા. ૧૮ના રોજ આત્મા પ્રોજેક્ટ, ભાવનગર દ્વારા રંઘોળા મુકામે આયોજિત પ્રાકૃતિક કૃષિ કાર્યશાળામાં શ્રી નિગમભાઈ શુક્લે ભાગ લીધો.
- લોકભારતીના ભૂતપૂર્વ કાર્યકર શ્રી દયાળભાઈ પટેલના અમેરિકાસ્થિત સુપુત્ર શ્રી અશોકભાઈ પટેલના આર્થિક સહયોગથી યુનિ. ઍકેડેમિક બીલ્ડિંગ અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્રની વચ્ચે નવી બંધાયેલી ઓવરહેડ ટેંકનો લોકર્પણ કાર્યક્રમ તા.૨૦મીના રોજ શ્રી અરુણભાઈ દવેના હસ્તે અને લો.ભા.ના સૌ કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.
- વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠથી પધારેલ યોગ નિષ્ણાત શ્રી મનીષજી પાંડે દ્વારા શનિ સંમેલનમાં ઉજવણી અભિમુખતા અને આજે યોગ દિવસ ઉજવણી માટેના નિયત પ્રોટોકોલ મુજબ વિધાર્થિની બહેનો અને ભાઈઓને સવારે ૮ થી ૧૦ દરમિયાન યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યાં.
- તા.૨૨ના રોજ વિકાસ કમિશ્નરની અધ્યક્ષતામાં તાલીમ માટે યોજેલ મિટિંગમાં તથા વહિવટી કામ સબબ શ્રી ગિરીશભાઈ દવે ગાંધીનગર જઈ આવ્યા અને ગાંધીનગર પદાધિકારી તાલીમ કેન્દ્રમાં વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૩ના આજે એક વિશેષ સંમેલનમાં શ્રી કુણાલભાઈ ગાલાએ આપણા પરિસરમાં બંસી ગોશાળા, અમદાવાદ અને લોકભારતી ગોશાળાના સંયોજનથી નવનિર્માણ પામવા જઈ રહેલ 'બંસીલોક' ગોશાળા વિશેના પ્રકલ્પ વિશે સમગ્ર વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ અને સંવાદ સાધ્યો. આપણી ગોશાળાના ૨૦ વર્ષના ઐતિહાસિક સીમાચિહ્નો,દસ્તાવેજો અને પ્રયોગો, પોતાના ઇઝરાયેલ અને દુબઇ પ્રવાસના અનુભવો, વિધાર્થીકાળની યાદો, બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની સાચી ઓળખ, ખેતી પશુપાલન ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ, ઉદ્યોગસાહસિકતા સંદર્ભે રજકા જેવા ઘાસચારાનું સાઉદી અરેબિયામાં નિકાસ માટેની જાણકારી આપી હતી. શક્તિમાન કંપની સાથે કૃષિ સાધનોના સંશોધનમાં સલાહકાર તરીકેની રસપ્રદ કારકિર્દી, સાયલેજ અને ગોબરગેસના પ્રયોગો, સાથોસાથ હવે પછીના 'બંસીલોક પ્રકલ્પ' સાથે જોડાયેલ પાંચ પ્રકારના કામોમાં લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થી ભાગીદારી સંદર્ભે પ્રકલ્પની સમજણ આપી. પાણીદાર અનુભવો અને અસ્ખલિત વાકધારાએ વિદ્યાર્થીઓને તન્મય કર્યા. કાર્યક્રમનું સંકલન પશુપાલન વિષયના અધ્યાપક શ્રી ઉત્તમભાઈ ઘેલાણીએ કર્યું. કૃષિ અધ્યાપકો શ્રી કિશોરભાઈ હિરાણી અને રવિભાઈ ચૌહાણે શ્રી કૃણાલભાઈનું અભિવાદન કર્યું.
- તા. ૨૪ના રોજ બુધ સંમેલન અંતર્ગત સત્ર આરંભ વાર્તાલાપ-૩ શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા દ્વારા નવા શૈક્ષણિક સત્રની શુભેચ્છાઓ સાથે નવા પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ સંદર્ભે કાળજી લેવા અંગે, છાત્રાલય, વિદ્યાલયની પૂરક ભૂમિકા, અધ્યયન અધ્યાપનની નવી વ્યવસ્થાઓ, શ્રમ

અને અભ્યાસવૃત્તિ, ગુણવત્તા, લોકસેવાની સાચી ઓળખ,પરંપરા અને આગામી સત્રોમાં ફેકલ્ટી ભરતી, સંવાદપૂર્ણ માહોલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મુલાકાતો વિ.જેવી વિગતોની વિસ્તૃત ચર્ચા કરી.

- પીડિલાઈટની CSR પ્રવૃત્તિઓના વડા શ્રી પી. કે. શુક્લાના પુત્ર શ્રી અંબુજ શુક્લા કે જેઓ IIT ભુવનેશ્વરથી એન્જિનિયરિંગની ઉચ્ચ પદવી ધરાવે છે અને હાલમાં જેમણે 'EDZA.AI' નામથી એક નવું બહુઆયામી શિક્ષણ સોફ્ટવેર વિકસાવ્યું છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના CBSE, ICSE, GSEB તેમ જ NEET અને JEEના તમામ અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને તે ભારતની તમામ માન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે. લોકભારતીને અને આપણી સાથી લોકશાળાઓના વિદ્યાર્થીઓને પણ આ ઉત્તમ ટેકનોલોજીનો લાભ મળે તેવા હેતુ સાથે, કળસાર, આંબલા, માઈધાર તેમ જ મણારની લોકશાળાઓમાં ડેમૉન્સ્ટ્રેશન આપવા માટે તા.૨૯ અને ૩૦ના મુલાકાતે આવી ગયા.
- તા. ૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના વહીવટી (બિન શૈક્ષિણક ) કાર્યકરોનો પરિચય કેળવાય અને એમને લગતી કામગીરી સંદર્ભે એમનું માર્ગદર્શન મળે તથા વિદ્યાર્થીઓના પ્રશ્નો, મૂંઝવણ, કાર્યાલય વ્યવસ્થા, કૌશલ્ય વિકાસાર્થે શનિ સંમેલન યોજાયું. શ્રી દિલીપભાઈ પણદા, શ્રી ભાનુપ્રસાદ ટૂંડીયા, શ્રી વાસુદેવભાઈ મહેતા, શ્રી રમેશભાઈ પારગી, શ્રી પુરુષોત્તમભાઈ જાદવ દ્વારા કાર્યાલય રીતભાત, પત્રવ્યવહાર કૌશલ્ય,સરકારી અનુદાન અને બજેટ અને ઑડિટ, લવાજમ ફી, અન્ય ફી, હિસાબ કિતાબ, NEP માર્કશીટ, આંતરિક અને વાર્ષિક મૂલ્યાંકન માળખું તથા અન્ય યુનિ. બાબતો, યોજનાઓ માટે ડૉક્યુમેન્ટ અને અન્ય કાળજી, જેવી બાબતોની જાણકારી આપી હતી. 'વહીવટની કેળવણી અને કેળવણીનો વહીવટ' જેવો સુભગ સમન્વય રચાયો.
- તા. ૩૦ના રોજ તૃતીય વર્ષ બી. આર.એસ.ના વિદ્યાર્થીઓ માટે 'ગ્રામઔદ્યોગિકરણ' વિષય અંતર્ગત આખા દિવસની કાર્યશાળા યોજાઈ જેમાં ભાવનગરથી ડૉ.નેહલ ત્રિવેદી આવી ગયા..
- તા. ૩૦ના રોજ સૌ તાલીમાર્થીઓએ સણોસરા ગ્રામપંચાયતની પ્રત્યક્ષ મુલાકાત યોજી હતી.
- તા. ૩૦ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ રાત્રિ-પ્રવૃત્તિમાં તાલીમાર્થીઓ સમક્ષ હળવાશ ભરી શૈલીમાં 'સૌરાષ્ટ્રની રસધાર' કૃતિમાંથી એક વાર્તા તાલીમાર્થીઓને કહી સંભળાવી અને આપણા સાહિત્ય વિષે વાત કરી અને વાંચનની વૃત્તિ વિષે સમજ આપી હતી.

**આંબલા સમાચાર**

- તા. ૦૧ના રોજ બેલા સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી અને સંચાલક શ્રી જીજીભાઈ ચૌહાણના ધર્મ પત્ની કુંવરબહેનનું ૮૧ વર્ષેની ઉંમરે અવસાન થતાં પરિવારે દિલસોજી પાઠવી.
- તા.૦૪ના રોજ લોકભારતીના ભૂતપૂર્વ કાર્યકર અને ધર્મ-અધ્યાત્મના મર્મજ્ઞ અને કેળવણીકાર શ્રી ભાણદેવજી સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- મા.શ્રી કલેકટરસાહેબ અને મા. શ્રી ડીડીઓસાહેબની સૂચના મુજબ ધોરણ - ૦૯ થી ૧૨ વિદ્યાર્થીઓની સિટીએસની કાર્યવાહી કરવામાં આવી છે.
- તા.૧૬ના રોજ વિદ્યાર્થીઓની કેળવણીનાં સંદર્ભે

મંત્રીમંડળની લોકશાહી ઢબે ચૂંટણી કરવામાં આવી, વિદ્યાર્થીઓએ પ્રચાર-પ્રસાર કરી ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

- તા.૧૯ના રોજ નવા મંત્રીમંડળ સાથે નવા સત્રના આયોજન માટે બેઠકો યોજાઈ ગઈ.
- તા.૨૦ના રોજ વિદ્યાર્થીઓને સત્રપ્રારંભે રસ-પૂરીનું ભોજન રાખવામાં આવેલ.
- તા.૨૧ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર સૌએ સાથે મળી સવારે ૭.૩૦ કલાકે યોગાભ્યાસ કર્યો હતો. કાર્યકર ગૌરાંગભાઈએ વિદ્યાર્થીઓને યોગ વિશેના ફાયદા જણાવેલ.
- તા.૨૨ના રોજ ભાવનગર ખાતે સ્ટીલકાસ્ટ કંપનીમાં શ્રી મેહુલભાઈ ભટ્ટ, રાજુભાઈ દવે, રવિભાઈ પંડ્યા મોજીલી શાળામાં વિદ્યાર્થીઓને ફીમાં સહાય મળે તે માટેના સી.એસ.આર.ના MoU કરવા જઈ આવ્યા.
- તા.૨૧-૦૬-૨૬ થી તા. ૦૫-૦૭-૨૬ દરમિયાન સ્પોર્ટ કોમ્પલેશ્ર ભાવનગર ખાતે ૩ ગુજરાત નેવલ એન.સી.સી.કેમ્પમાં વિદ્યાર્થીઓ શ્રી મહર્ષિભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ ગયેલ છે.
- તા.૨૬ના પૂ.મૂળશંકરભાઈ ભટ્ટના જન્મદિન નિમિત્તે સાયંપ્રાર્થનાના અનુસંધાને શ્રી મનહરભાઈ ઠાકરે 'ગૃહપતિ કેવો ?' વિષય પર વ્યાખ્યાન આપ્યું.
- તા.૨૫ના રોજ કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ નિમિત્તે શિહોર તાલુકાના ડેપ્યુટી મામલતદાર શ્રીમતી હેતલબાના મુખ્ય મહેમાન તરીકે આવી ગયા. લાયજન ઓફિસર શ્રી ગૌતમભાઈ કાઢિયા, ગામના સરપંચશ્રી ગ્રામપંચાયતના સભ્યશ્રીઓ, ઉપસ્થિત રહેલ મોજીલી શાળાના બાળકો દ્વારા મહેમાનોનું લેજીમ અને યોગના ડેમૉન્સ્ટ્રેશનથી ભવ્ય સ્વાગત કરવામાં આ સુમધુર સંગીત ટુકડી દ્વારા ગીતો અને મોજીલીશાળાના રાસની ટીમે સરસ કૃતિઓ રજૂ કરી. આ પ્રસંગે વૃક્ષારોપણનો પણ કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૯ના રોજ પીડીલાઈટ કંપનીમાંથી શ્રી અંબુજભાઈ શુકલ સંસ્થા મુલાકાતે આવી ગયા અને ધો. ૦૯ થી ૧૨ ના અભ્યાસક્રમનો AI સાથેના સોફ્વર સંદર્ભે સમજ આપી.

**મણાર સમાચાર**

- તા.૧૩ના રોજ કુમાર છાત્રાલયની નવી બિલ્ડિંગ-હોસ્ટેલમાં રહેવા જાય તે પહેલાં ત્યાં એક ગાયત્રી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પંચકુંડી યજ્ઞમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ જોડાયો હતો.
- અલંગ મરીન પોલીશ સ્ટેશન દ્વારા વિદ્યાર્થી ઓ ને સાઈબર ફ્રોડ થી કેવી રીતે બચવું તેનો સેમિનાર યોજવામાં આવ્યો આ કાર્યક્રમમાં શ્રી જેઠુંરભાઈ બરાળ અને તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો.
- અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના 'બંસલ ગ્રુપ' દ્વારા તા. ૧૮ જૂનના રોજ એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૯ અને ૧૦ ના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રોત્સાહનરૂપે સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને ટ્રોફી આપવામાં આવી હતી.
- તા. ૨૧ના રોજ શાળામાં 'વિશ્વ યોગ દિવસ'ની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે અલંગ મરીન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ જોડાયો હતો.
- તા. ૨૩ના રોજ શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી કાર્યાલયના

અગ્ર સચિવ ડૉ. અજયકુમાર, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પઢેરિયા સાહેબ, શ્રી વિક્રમસિંહ પરમાર, તળાજાના તાલુકા વિકાસ અધિકારી શ્રી ચૌધરી સાહેબ, અલંગના સરપંચશ્રી, મંત્રીશ્રી અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રાથમિક શાળાના નાના ભૂલકાઓને ઇનામ આપી શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સાથે સંસ્થાના બે વિદ્યાર્થીઓ (એક ભાઈ અને એક બહેન) જેમણે 'થાંગ માર્શલ આર્ટ'માં નેશનલ કક્ષા સુધી પહોંચી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે, તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ જ દિવસે સંસ્થાના કાર્યકર શ્રી નાજાભાઈ સાકરીયા દ્વારા ધોરણ-૯ અને ૧૧ માં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને રોકડ ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

- તા. ૨૭થી સંસ્થામાં અલંગ મરીન પોલીસ સ્ટેશનના સહયોગથી એક યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૯ અને પ્રાથમિક શાળાના થઈને કુલ ૪૪ કેડેટ્સની પસંદગી કરવામાં આવી છે.
- તા. ૩૦ના રોજ શાળામાં 'ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાયન્સ સેન્ટર'નો ખૂબ જ ઉત્સાહભેર શુભારંભ કરવામાં આવ્યો. આ ગૌરવશાળી પ્રસંગે ઇસરો (ISRO) ના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને ઇજનેર શ્રી ડૉ. જયંતભાઈ પી. જોશી સાહેબ, 'ઓલ ઇન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ'ના અધ્યક્ષ ડૉ. ચંદ્રમોલી જોશી સાહેબ, શ્રી અરુણભાઈ દવે, APJKYS ડાયરેક્ટર શ્રી ભારતભૂષણ એવોર્ડ વિજેતા મહેશભાઈ મહેતા તેમજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને શ્રી મેહુલભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક ડૉ. જયંતભાઈ પી. જોશીએ બાળકોને પ્રોજેક્ટર દ્વારા ઇસરોની કામગીરી વિશે ખૂબ જ સુંદર અને રસપ્રદ માહિતી આપી હતી તથા બાળકો સાથે પ્રશ્નોત્તરી કરી તેમનું જ્ઞાન વધાર્યું હતું. અંતમાં સંસ્થાના નિયામક શ્રી મેહુલભાઈ ભટ્ટે ઉપસ્થિત તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**માઈધાર સમાચાર**

- તા. ૦૨ના રોજ કિડર્સ વર્લ્ડ સ્કૂલ-ભાવનગરથી આગણવાડીનાં ૨૨ કાર્યકર બહેનોની એક દિવસિય શિબિર યોજાઈ, જેમાં મોજીલું શિક્ષણ, આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રનાં કાર્યકરો અને શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.
- તા. ૧૨ના રોજ શ્રી મધુકરભાઈ પારેખ તેમના પરિવાર સાથે કેન્દ્રની પ્રવૃત્તિઓ નિહાળવા-સમજવા માટે આવી ગયા.
- તા. ૧૩ના રોજ શિશુવિહાર ભાવનગર દ્વારા આયોજિત પર્યાવરણ શિબિરમાં મોજીલું શિક્ષણના કાર્યકરો શ્રી ભદ્રેશભાઈ અને શ્રી હરેશભાઈ જઈ આવ્યા.
- તા. ૨૦ના રોજ આલ્ફા સ્કૂલ વરલના શિક્ષકો માઈધાર કેન્દ્રમાં એક દિવસનો વર્કશોપ યોજાયો.
- તા. ૨૭ના રોજ આલ્ફા સ્કૂલ વરલમાં સંસ્કાર, શિક્ષણ, અને સફળ જીવનનો માર્ગ પર વર્કસોપ યોજાયો જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ભાવનાબહેન પાઠક જઈ આવ્યા.
- તા.૨૭ના રોજ શ્રી શંકરસિંહ સિંધવ અને શ્રી કનુભાઈ પરિવાર સાથે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા.૨૯ અને ૩૦ બે દિવસ ધરમપુર

આશ્રમશાળામાં તાલીમ આપવા શ્રી નિર્મળભાઈ પરમાર જઈ આવ્યા.

- તા. ૩૦ના રોજ પીડીલાઇટમાંથી પી.કે.શુક્લજીના પુત્ર અંબુજભાઈ દ્વારા 'EDZA.AI' નામથી વિકસાવેલ સોફ્ટવેર અંતર્ગત સમગ્ર કાર્યકરોને સોફ્ટવેરની વિગતે સમજ આપવામાં આવી. સાથે લોકભારતીથી વિશાલભાઈ ભાદાણી અને કાંતિભાઈ ગોઠી આવી ગયા.
- તા.૩૦ નાં રોજ ડૉ.જયવંત જોષી, ડૉ.ચંદ્રમૌલી જોષી, ડૉ.મહેશભાઈ મહેતા, આશિષભાઈ મહેતા અને ગોધનભાઈ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.
- તા. ૧૫ થી ૩૦ દરમિયાન આધ્યાપન મંદિર સણોસરાથી પીટીસીનાં તાલીમાર્થી બહેનો ઇન્ટર્નશીપ માટે રહી ગયા.
- આ મહિના દરમિયાન શ્રી અરુણભાઈ દવે બે વખત હિસાબો અને માર્ગદર્શન માટે આવી ગયા.

**ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ**

સવાલઃ આધુનિક ટેકનોલોજીએ હરણફાળ ભરી છે એવા સમયે યાંત્રિક બનતો જતો આજનો માણસ સાચી દિશામાં જઈ રહ્યો છે એવું આપને લાગે છે ?

અરુણભાઈ દવે : 'એવું નથી કે ટેકનોલોજી આવી પછી જ માણસ યાંત્રિક બન્યો છે. જ્યારથી માણસે પોતાના જીવનના નિર્ણય લેવાની સત્તા કોઈ ધર્મ (કર્મકાંડના અર્થમાં), વિચારધારા કે સત્તાને આપી છે ત્યારથી એ યાંત્રિક બન્યો છે અને સાચી દિશા એટલે કઈ ? એની કોઈ જ વ્યાખ્યા નથી. સમય અને સ્થળ પ્રમાણે એક સમુદાય કેમ જીવવું એના ચોક્કસ નિર્ણય લે છે અને પછી એનાં સારાં-નરસાં પરિણામે ભોગવે છે. એટલે કાળના લાંબા પને એ ખરેખર કહેવું મુશ્કેલ છે કે માણસે કઈ દિશા લેવી જોઈએ. હા, ઇતિહાસ એ ચોક્કસ શીખવે છે કે આપણે જેટલાં પ્રકૃતિની સાથે રહીને ચાલીશું એટલા ફાયદામાં રહીશું. આખરે ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય એ મહત્ત્વનું છે.

(પુસ્તકઃ 'કોડિયાનું અજવાળું'માંથી )

**શ્રદ્ધાંજલિ**

● લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી બાલુભાઈ ગજેરાના પુત્ર સ્વ. શ્રી પંકજભાઈ ગજેરાનું ૬૦ વર્ષની વયે તા. ૧૫-૦૬-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના પૂર્વકાર્યકર સ્વ.શ્રી જીતુબાપુના જમાઈ અને બીનાબાના પતિ શ્રી ગજેન્દ્રસિંહજી ખુમાનસિંહ ઝાલા (નિવૃત્ત ડે.ક.- GST)નું તા. ૨૦-૦૬-૨૦૨૬ના રોજ ૬૪ વર્ષની વયે રાજકોટ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના શુભેચ્છક, રાજકોટની નચિકેતા શૈક્ષણિક સંસ્થાના સ્થાપક અને જાણીતા લોકસાહિત્યકાર શ્રી સાંઈરામભાઈ દવેના પિતાશ્રી અને જાણીતા પ્રાચીન ભજનોના આરાધક સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદભાઈ દવે (પ્રસાદજી)નું ૭૫ વર્ષની વયે તા. ૨૩-૦૬-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

ભૂતપૂર્વ કાર્યકર સ્વ. શ્રી દયાળભાઈના અમેરિકાસ્થિત સુપુત્ર શ્રી અશોકભાઈ પટેલના આર્થિક સહયોગથી બનેલ ઓવરહેડ ટેંકનું લોકાર્પણ કરવામાં આવ્યું.





શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ દ્વારા શ્રી હિતેશભાઈ સોલંકી અને શ્રી નિર્મલભાઈ પરમારે ધરમપુરની આશ્રમશાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવી.





## સન્માનિત થતી 'લોકભારતી'




લોકભારતી યુનિવર્સિટીના અધ્યાપક શ્રી સચિનભાઈ ધોકિયાનું પ્રાકૃતિક અને ટકાઉ ક્ષેત્રે કરેલા યોગદાન બદલ વી.એન.એમ. ટી.વી. ફાઉન્ડેશન દ્વારા **Progressive Farmers Excellent Environment Award – 2026**થી સન્માનિત કરવામાં આવ્યા.




TO.


**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-